ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૫ અંક : ૧૧ નવેમ્બર ૨૦૧૩ સળંગ અંક : ૫૦૫



# દીપોત્સવી - નૂતન વર્ષ વિશેષાંક

चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते।

**CHARUTAR VIDYAMANDAL**

**VALLABH VIDYANAGAR**

# સ્વાગત

અંધારાંએ
એમના પડછાયાની પોઠો
છોડ્યા કરી આખું વરસ.
રાખ વળી ગયેલા ઉમંગે
ફિક્કું હસી હસી વરસ આખું
ગડાકુ વિનાના હોકાની જેમ
ગુડ... ગુડ... કર્યા કર્યું.
ન રસ;
ન કસ.
ન કશો ચેતનનો સ્પર્શ; આખું વર્ષ.
ત્યાં જ...
પાસે આવતા કોડિયાના
અજવાસને જોઈ;
પડછાયાઓએ એમની પોઠો
ઉઠાવવા માંડી.
ઉમંગને વળગી ગયેલી સુસ્તીની
ઊંઘ ઉડી.
તણખો જાગ્યો. તગ્યો. જગમગ્યો.
ફરી આળસ મરડી આશાઓએ.
સ્વાગત.
નૂતન વર્ષના નવલા પ્રકાશ...
સ્વાગત છે તારું;
તારી સાથે આવતાં સર્વનું.

● અશોકપુરી ગોસ્વામી

# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

નવેમ્બર ૨૦૧૩

વર્ષ : ૧૫ અંક : ૧૧

(સળંગ અંક ૫૦૫)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫


चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

**कर्मण्येवाऽधिकारस्ते**


**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ





**તંત્રી**

રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદન-સહાય**

શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી

**પ્રકાશક**

પ્રિ. એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**દીપોત્સવી – નવ વર્ષની શુભેચ્છા**

**'વિ-વિદ્યાનગર' ના વાચક અને લેખક-વૃંદ તથા સમગ્ર ચારુતર વિદ્યામંડળના શુભેચ્છક પરિવારને દીપોત્સવી અને વિક્રમના નવ વર્ષ ૨૦૭૦ નિમિત્તે સુખ-સમૃદ્ધિ માટે હાર્દિક શુભેચ્છા.**

**– તંત્રી**

**આ માસની વિચારકણિકા**

**જેનું કામ જ બોલે છે તે ખરો સેવક થઈ શકે છે. એ મૂંગો હોય તો પણ છેવટે એનું કામ એને બહાર લાવે છે.**

**• સરદાર વલ્લભભાઈ પટેલ**


# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

નવેમ્બર ૨૦૧૩

વર્ષ : ૧૫ અંક : ૧૧

(સળંગ અંક ૫૦૫)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**


**न हृष्यत्यात्मसंमाने नावमानेन तप्यते ।**
**गाङ्गो हृद इवाक्षोभ्यो यः स पण्डित उच्यते ॥**

**તેમનું સન્માન કરાતાં વધુ પડતા પ્રસન્ન થતા નથી તથા અપમાન થતાં દુઃખી થતા નથી. ગંગાના ધરાની જેમ જે ગંભીર રહે છે, તે પંડિત કહેવાય છે.**

મહાભારત-ઉદ્યોગપર્વ ૩૩.૨૬


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ યુવકોનું ઘડતર અને જવાબદારોની બેદરકારી ★ ડૉ.સી.એલ.પટેલ

॥ પ્રાથમ્ય ॥ નવ વર્ષના સંકલ્પો ★ હરિ દેસાઈ / 1

॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥ ★ ઝવેરચંદ મેઘાણી, દલપતરામ, ઉમાશંકર જોશી / 2

॥ ગદ્ય વિભાગ ॥ દીપાવલિ ★ રાજેશ ડાભી / 3

॥ નવાં કાવ્યો ॥ ★ લાભશંકર ઠાકર / 5

॥ ચિંતન ॥ ધર્મ-નિરપેક્ષ રાજ્ય એટલે ધર્મ-વિહીન હરગિજ નહીં ★ વિનોબા ભાવે / 6

॥ વ્યાખ્યાન ॥ ભાઈકાકાની સ્વપ્નસિદ્ધિઃ વલ્લભ વિદ્યાનગર ★ એસ. એમ. પટેલ / 9

॥ વ્યાખ્યાન ॥ વિઠ્ઠલભાઈ પટેલની સામાજિક સુધારણા પ્રવૃત્તિઓ ★ ગૌરાંગ જાની / 12

॥ અભ્યાસ ॥ વલભીપુરઃ મૈત્રક રાજ્યની રાજધાની અને વિદ્યાધામ ★ હરિપ્રસાદ શાસ્ત્રી / 18

॥ અભ્યાસ ॥ વલભીઃ ગુજરાતનું આદિ વિશ્વવિદ્યાલય ★ જયશ્રી દવે / 23

॥ અભ્યાસ ॥ ગુજરાતની યુનિવર્સીટીઓઃ એક સૂચિ ★ વિમલ શાહ / 27

॥ અભ્યાસ ॥ ગાંધીજીનાં અસ્પૃશ્યતા નિવારણ આંદોલનમાં કપોળ વણિકોનું પ્રદાન ★ કમલાબહેન યુ. વાઢેળ / 29

॥ અભ્યાસ ॥ શ્રીમદ્ ભગવદ્‌ગીતા અને ઉપનિષદ્‌નો સંબંધ ★ રઘુ પટેલ / 32

॥ અભ્યાસ ॥ બનાસકાંઠાના આદિવાસી ડુંગરી ગરાસિયાનાં લગ્ન ★ વાઘરી અશોકભાઈ બાબુભાઈ / 35

॥ विमर्श ॥ आदिवासी साहित्य और संस्कृति★ खन्नाप्रसाद अमीन/ 38

|| Research || Mughal–Jain Cordiality: A Case Study of Subah Gujarat in The Reign of Shah Jahan ★ Monika Sharma / 41

॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ ગૉડ પાર્ટિકલને નોબૅલ પુરસ્કાર ★ જે. જે. રાવલ / 44

॥ રમન્તે તત્ર દેવતા ॥ બહુપત્નીત્વનું સમર્થન ★ પારુલટીના દોશી / 45

॥ વિદ્યાવૃત્ત ॥ / 47

# યુવકોનું ઘડતર અને જવાબદારોની બેદરકારી

આજકાલ યુવાનોના ઘડતરની વાતો જોરશોરથી ચાલે છે. એ સાચું છે કે આપણા દેશમાં યુવાનોની સંખ્યા બીજા દેશો કરતાં વધુ છે. સત્તાવાર સરકારી આંકડા મુજબ વસ્તીના ૪૦% જેટલી વસ્તી યુવાનોની છે. યુવાનોનું ઘડતર કરવું હોય તો શિક્ષણ અને તાલીમ મહત્ત્વનાં પાસાં છે. આજકાલ દરેક વ્યક્તિ એન્જિનિયર કે ડૉક્ટર બનવાનું વિચારે છે. વધુ સંખ્યામાં આવા વિચારો ધરાવતાં વિદ્યાર્થીઓ હોઈ એન્જિનિયરિંગ અને મેડિસીનની ઘણીબધી કોલેજો શરૂ થઈ રહી છે. આમ તો દરેક એપ્રૂવિંગ ઓથોરિટી, એન્જિનિયરિંગ માટે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટૅક્નિકલ એજ્યુકેશન(એઆઈસીટીઈ), મેડિકલ માટે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા(એમસીઆઈ),ઉપરાંત આયુર્વેદ, હોમિયોપેથી કાઉન્સિલો સાથે જ ફાર્મસી કાઉન્સિલ પણ આ દેશમાં અસ્તિત્વ ધરાવે છે. આ દરેક ઓથોરિટીએ પ્રવેશ અને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના માપદંડો નક્કી કરેલા છે, એ દરેકની વેબસાઈટ પર જોવા મળે છે. જ્યારે પણ નવી કોઈ સંસ્થા ઈજનેરી, મેડિકલ કે પેરામેડિકલ માટે શરૂ કરવાની થાય ત્યારે આ બધા માપદંડો માટે બાંયધરી લેવામાં આવે છે. આ બધા માપદંડો અમલી બનાવાશે તે ઉપરાંત દરેક અભ્યાસક્રમના અનુસંધાનમાં એપ્રૂવિંગ ઓથોરિટી મોટી ફિક્સ ડિપોઝિટ (એફ.ડી.) પણ મૂકાવે છે. આજકાલ ઘણીબધી સંસ્થાઓ આ માપદંડ પ્રમાણે કાર્યરત છે છતાં પણ કેટલીક સંસ્થાઓ પોતાની વગનો ઉપયોગ કરીને આ માપદંડો પ્રમાણે જરૂરી સગવડોથી વિદ્યાર્થીઓને વંચિત રાખે છે અને પ્રવેશ માટે અપેક્ષિત પારદર્શકતા રખાતી નથી.

ખરેખર જો યુવાધનને કાર્યક્ષમ બનાવવું હોય તો તેનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવવા માટે માબાપોએ તેમની ક્ષમતા મુજબના અભ્યાસક્રમમાં જોડાવાનો આગ્રહ રાખવો જોઈએ. મારા મત પ્રમાણે ટૅક્નિક્લ શિક્ષણ માટે એને ત્રણ ભાગમાં વહેંચી શકાય. જે વિદ્યાર્થીઓ ખૂબ પ્રતિભાશાળી હોય તેઓને ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ અપાવો જોઈએ. એથી નીચેની કૅટેગરીમાં ડિપ્લોમા અભ્યાસક્રમ અને તેથી નીચેની કૅટેગરીમાં કુશળ કારીગરો તૈયાર કરવા યાને કિ ઈન્ડસ્ટ્રિઅલ ટ્રેનિંગ સેન્ટર મારફતે શિક્ષણ અપાય તે જરૂરી છે.

રાજ્યમાં કે દેશમાં જે કોઈ ઉદ્યોગો હોય તેના અનુસંધાનમાં જરૂરિયાત પ્રમાણે ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજો, ડિપ્લોમા કોલેજો અને આઈટીઆઈ હોવી જોઈએ. રાજ્યમાં સ્થપાનારા ઉદ્યોગોને ફરજિયાત પોતાના ઉદ્યોગમાં જરૂરી હોય તેવા બધા જ કારીગરોને પોતાની ઈન્ડસ્ટ્રી માટે સ્થપાયેલ આઈટીઆઈમાં ટ્રેનિંગ આપવાનું ફરજિયાત બનાવવું જોઈએ, જેથી કરીને જરૂરી જ્ઞાન પ્રાપ્ત કરેલા કુશળ કારીગર તેઓને પ્રાપ્ત થાય અને સાથે સાથે જે તે તાલીમ લેનારને નોકરી શોધવા બીજે જવું ના પડે. ઉદ્યોગોની જરૂરિયાત પ્રમાણે ઉદ્યોગોને જરૂરી હોય તેવા કુશળ કારીગરો તૈયાર કરવા ઉદ્યોગો અથવા ઉદ્યોગોના સમૂહ આઈટીઆઈ શરૂ કરે. જેથી કરીને એ વિસ્તારમાં જોઈતા કુશળ કારીગરો તેમાંથી પ્રાપ્ત થઈ શકે.

રાજ્યમાં ચાલતા ઉદ્યોગોને એકાઉન્ટન્ટ અને વહીવટી સ્ટાફની પણ જરૂરિયાત રહે. તેઓ માટે પણ એક અલાયદું આવું તાલીમ કેન્દ્ર બને. જેથી કરીને જે તે ઈન્ડસ્ટ્રી પોતાની જરૂરિયાત પોતે જ નક્કી કરી પોતાને જરૂરી એવા એકાઉન્ટન્ટ અને વહીવટી સ્ટાફ તૈયાર કરે.

જ્યાં ઉત્પાદન થતું હોય અથવા તો વર્કસાઈટ હોય ત્યાં કુશળ કારીગરો પર દેખરેખ રાખનાર સુપરવાઈઝર ડિપ્લોમા હોલ્ડર હોય તે જરૂરી છે. તેથી રાજ્યના કે દેશના ઉદ્યોગોના અનુસંધાનમાં નવી ડિપ્લોમા કોલેજો રાજ્ય સરકારે પોતાને ખર્ચે કરવી જોઈએ અને વિદ્યાર્થીઓને ફી વગર મેરિટ પ્રમાણે અભ્યાસની જરૂરી સુવિધા પણ રાજ્ય સરકારે આપવી જોઈએ. જેઓને કાંઈક એક્સેલેન્સ અને કાંઈક વિશિષ્ટવાળી જવાબદારી સંભાળવાની હોય તેઓને જ ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ આપવો જોઈએ. આથી વિશિષ્ટતાનું મૂલ્યાંકન કરીને જ રાજ્યની અને દેશની ઈન્ડસ્ટ્રીએ આવા વિદ્યાર્થીઓને સ્પોન્સર કરવા જોઈએ. સ્પોન્સર કરેલા વિદ્યાર્થીઓ અભ્યાસ પૂરો કરીને પોતાની સંસ્થામાં જોડાય તેવું કરવું જોઈએ.

દેશના વિશાળ હિતને ધ્યાનમાં રાખીને ડિગ્રી એન્જિનિયરિંગની બધી કોલેજોમાં પ્રવેશ મેરિટના ધોરણે હોય તે જરૂરી છે. આથી સરકારે દેશ અને રાજ્યમાં ચાલતા ઉદ્યોગોની આંકડાકીય માહિતી ભેગી કરી દર વર્ષે આવા ઈજનેરો બહાર પડે તેમને નોકરી શોધવી પડે તેટલી સંખ્યામાં એડમિશન હોય તે જરૂરી છે. દેશને જેટલા ટેકનોક્રેટ્સની જરૂર છે તેટલી જ વૈજ્ઞાનિકો(સાયંટિસ્ટો)ની જરૂર છે. એટલે જેઓ ઈજનેરીમાં અભ્યાસ માટે પ્રવેશ ના મેળવી શકે તેમણે બેઝિક સાયન્સના અભ્યાસમાં જોડાઈ બીએસસી,એમએસસી,પીએચ.ડી.નો અભ્યાસ કરવો જોઈએ. જેઓ અમુક વિષયમાં ટૅલેન્ટેડ હોય તેમણે ઍપ્લાઈડ સાયન્સમાં જોડાઈ બીએસસી, એમએસસી, પીએચ.ડી.નો અભ્યાસ કરવો જોઈએ.

ગુજરાત સરકાર મધ્યસ્થ સરકારમાંથી ફાળવેલાં નાણાંનો ઉપયોગ પૂરેપૂરો નહીં કરી શકતી હોય એ જો સાચું હોય તો આવાં વણવપરાયેલાં નાણાંનો ઉપયોગ નહીં થવાને લીધે યુવાનોના ઘડતરમાં કચાશ રહે તે રાજ્યની સરકાર માટે યોગ્ય ના કહેવાય. શિક્ષણ વિભાગ દ્વારા સરકારશ્રીની નીતિઓને અનુલક્ષીને આવાં નાણાં સુઆયોજિત રીતે વપરાય તે યુવાનોના હિતમાં છે. દરેક વિસ્તારમાં યુવાનોના ઘડતરની રીતરસમ જુદી જુદી હોઈ શકે. દા.ત.આદિવાસી વિસ્તારના યુવાનોનું ઘડતર તેમના મૂળભૂત અધિકારો સાથે જે તે વિસ્તાર વિકાસ સાથે સુખશાંતિ લાવી શકે તેવા પ્રયત્નો થાય તે આજની માંગ છે. આવી જ રીતે જે જાતિના લોકો વર્ષોથી સ્વાભિમાન સાથે પોતાનો વિકાસ કરી નથી શક્યા તેવી જાતિના લોકો માટે તેમનો વિકાસ થાય તે માટે તેમની રીતે વિકાસ કરી શકે તેવાં આયોજનો થાય એ જરૂરી છે.

દેશનું યુવાધન શિક્ષણ પામીને બેકાર રહે તે રાજ્ય તથા દેશના વહીવટકર્તાઓની બિનકાળજીને લીધે થાય તેવું મારું માનવું છે. તેને માટે રાજ્ય સરકાર અને દેશની સરકારોએ સજાગતા કેળવવી જોઈએ. દેશના યુવાધનને યોગ્યતા મુજબ કામ કરવાની અને રોજીરોટી મેળવવાની તક ના મળે તે રાજ્ય અને દેશના વહીવટની ઉણપ ગણાય અને તેમાંથી નક્સલવાદી અને માઓવાદી પેદા થાય છે. એ સામાન્ય પ્રજા અને દેશ માટે હિતકર નથી. આથી જ જે લોકોએ રાજ્યનો અને દેશનો વહીવટ કરવો છે તેમણે વિચારવું જ પડશે કે યુવાનોનું ઘડતર કઈ રીતે થાય અને ઘડાયેલા યુવાનોને કામ કઈ રીતે મળે તે આજની માંગ છે. એ નહીં સમજનારા વહીવટકર્તા નિષ્ફળ જવાના એ નિશ્ચિત છે.

(૨૬ સપ્ટેમ્બર ૨૦૧૩)

સી.એલ.પટેલ



## નવા વર્ષના સંકલ્પો

વિક્રમ સંવત ૨૦૭૦ને આવકાર આપીએ ત્યારે વીતેલા વર્ષ ૨૦૬૯નું આત્મનિરીક્ષણ કરી લઈએ. નવું વર્ષ નવાં સ્વપ્ન, સંકલ્પો અને સાહસવૃત્તિનો સુમેળ લઈને આવી પહોંચે ત્યારે એની ઈમારતના પાયારૂપ વીતેલા વર્ષની સમીક્ષા પણ કરી લેવી એટલી જ જરૂરી છે. હતાશાઓને નજીક ફરકવા દીધા વિના નવા જોમ અને ઉત્સાહ સાથે સકારાત્મક વિચારોને આગળ વધારવાના સંકલ્પોને સાકાર કરવા સજ્જ થઈએ. હતાશાના વિજયસંકલ્પો ક્યારેય સાકાર થતા નથી એ વાતને ગૂંજે બાંધીને માત્ર સ્વના જ કલ્યાણની ભાવનાને બદલે સ્વ સાથે સમાજના પણ ભલાની અપેક્ષારૂપ ભક્તિને મારગ આગળ વધીએ તો આપણાં શ્રદ્ધાસ્થાનો કે આસ્થાકેન્દ્રો ભગવાન કે ભગવતીરૂપે આપણને સફળ થવા માટે નિશ્ચિત બળ પ્રદાન કરે છે.

શક્ય છે કે વીતેલા વિક્રમના વર્ષમાં આપણે કેટલાક સંકલ્પો સાકાર કરવામાં ઉણા ઉતર્યા હોઈએ પણ નવા વિક્રમ વર્ષમાં એની હતાશા કે થાક પ્રારંભમાં જ અનુભવાય તો પછી સફળતાની દેવી દૂર ભાગવી સ્વાભાવિક છે. 'કર્મણ્યે વાધિકાસ્તે માફલેષુ કદાચન'ના અર્થમાં કર્મફળની આગોતરી ગણતરી કર્યા વિના જ પુરુષાર્થ કરવાનો બોધ છે. વિદ્યાર્થી કે શિક્ષક સત્રાંત કે વર્ષાંતની પરીક્ષાના ફળની સફળતા કે નિષ્ફળતાનો વિચાર કરીને જ મહેનત કરે એવું નહીં. ઉદ્યોગ સાહસિક પ્રારંભથી જ નિષ્ફળતાનો ડર રાખીને સાહસ આદરે તો એ સફળતાના શૃંગને આંબી ના શકે. પ્રત્યેક નિષ્ફળતામાંથી કોઈક અનેરી સફળતા હાંસલ થતી હોય છે. તેજસ્વી વિદ્યાર્થી કે શિક્ષક કે પછી ઉદ્યોગ સાહસિકના અતીતમાં સફળતાનાં સીધાં ચઢાણ જ હોય એવું માની બેસવું વધુ પડતું છે. ઉદ્યોગ સાહસમાં આદરથી લેવાતું નામ એટલે પિરુઝ ખંભાતા. એ કહે છે કે મારી એક સફળતા સૌને નજરે ચડે છે, પરંતુ મારી ૯૯ નિષ્ફળતાઓનો વિચાર ભાગ્યે જ કોઈ કરે છે. કરોળિયાની જેમ લાગ્યા રહેવું એ સફળતા ભણીનાં સોપાનો સર કરવાનો માર્ગ હોવાનો સંકેત પિરુઝ આપે છે.

રખેને આપણે આપણા લક્ષ્યોમાંથી ચલિત થઈએ, હતાશા કે નિરાશાની ગર્તામાં ગબડીએ. નવું વર્ષ આપણને સૌને પ્રગતિ અને સુખની અનુભૂતિનાં નવાં સોપાન સર કરાવે. પ્રગતિ અને સુખની અનુભૂતિ માત્ર રૂપિયા-આના-પાઈમાં નાણનારાઓ એના મૃગજળ પાછળ દોડ્યા કરશે. પ્રગતિ, સફળતા અને સુખ એ સ્વની સાથે જ સમાજ તથા દેશ તેમ જ વિશ્વના કલ્યાણની ભાવનામાંથી પ્રગટે છે. ભારતીય પરંપરા એટલે જ વસુધૈવ કુટુંબકમ્‌ના આદર્શને અપનાવે છે. વિક્રમના નવા વર્ષમાં આપણે સૌ સ્વ અને સમાજના કલ્યાણ માટે કાર્યરત રહીએ.

(૧૯ ઓક્ટોબર ૨૦૧૩)

**• હરિ દેસાઈ**

(સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુનો જન્મદિન ૧૪ નવેમ્બર સમગ્ર દેશમાં બાળદિન તરીકે ઉજવાય છે. એ નિમિત્તે અહીં કેટલાંક બાળગીતો પ્રસ્તુત છે.)

## કાળુડી કૂતરીને...

(શેરીમાં કૂતરી વિયાય એ શેરીનાં બાળકો માટે આનંદનો અનેરો અવસર બને છે.)

કાળુડી કૂતરીને આવ્યાં ગલૂડિયાં,
ચાર કાબરાં ને ચાર ભૂરિયાં રે.
હાલો ગલૂડાં રમાડવા જી રે! (ટેક.)

માડીને પેટ પડી ચસ-ચસ ધાવે,
વેલે ચોંટ્યાં જેમ તૂરિયાં રે,
માતાને માથડે ચડતાં ને ચાટતાં,
જોગણનાં જાણે લટૂરિયાં રે, હાલો ગલૂડાં... હાલો ગલૂડાં...

રાતાં-માતાં ને રોમેરોમે સુંવાળાં,
હોય મીઠાં ગાલ-મસૂરિયાં રે... હાલો ગલૂડાં...

બાને વા'લાં છે જેમ વીરો ને બે'ની,
કાળવીને વા'લાં કુરકુરિયાં જી રે, હાલો ગલૂડાં... હાલો ગલૂડાં...

મોટાં થાશે ને મારી શેરી સાચવશે,
જાગશે રાતે બા'દુરિયાં રે, હાલો ગલૂડાં... હાલો ગલૂડાં...

ટીપુડો દીપુડો ડુંગરડે ઘૂમશે,
ગોધેન ભેળા વોળાવિયા રે, હાલો ગલૂડાં... હાલો ગલૂડાં...

મોતિયો ને માનિયો ઝોકે રોકાશે,
વાછરું ને પાડરું ભળાવિયાં રે, હાલો ગલૂડાં... હાલો ગલૂડાં...

ડાઘિયો ને ડૂઘિયો ખેતરમાં જાશે,
વાસુ રે'શે બે રખોલિયા રે, હાલો ગલૂડાં... હાલો ગલૂડાં...

કાળિયો ને લાળિયો પાદર પસાયતા,
બાઉ!બાઉ! આલબેલ બોલિયા રે, હાલો ગલૂડાં... હાલો ગલૂડાં...

ગોળ-ઘી-લોટના શીરા બનાવ્યા,
કાળવીનાં પેટડાં પૂરિયાં રે, હાલો ગલૂડાં... હાલો ગલૂડાં...

પેટ ભરીને માડી બાળક ધવરાવે,
ધાવીને પોઢે ટીપુડિયાં રે, હાલો ગલૂડાં... હાલો ગલૂડાં...

● ઝવેરચંદ મેઘાણી

## પુરી એક અંધેરી

પુરી એક અંધેરી ને ગંડુરાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજાં;
બધી ચીજ વેચાય ત્યાં ભાવ એકે, કદી સારી બૂરી ન વેચે વિવેકે. ૧

ત્યાં જઈ ચડ્યા બે ગુરુ એક ચેલો, ગયો ગામમાં માગવા શિષ્ય પેલો;
લીધી સુખડી હાટથી આપી આટો, ગુરુ પાસ જઈને કહે ખૂબ ખાટ્યો. ૨

ગુરુજી કહે રાત રહેવું ન આંહી, સૌ એક ભાવે ખપે ચીજ જ્યાંહી;
હશે ચોર ને શાહનો ન્યાય એકે, નહિ હોય શિક્ષા ગુનાની વિવેકે. ૩

ન એ વસતિમાં એક વાસો વસીજે, ચલો સદ્ય, ચેલા, જવું ગામ બીજે;
કહે શિષ્ય ખાવાપીવા ખૂબ આંહી, તજી તેહ હું તો ન આવીશ ક્યાંહી. ૪

ગુરુએ બહુ બોધ દીધો જ ખાસો, નહિ યોગ્ય અહીં રહે રાતવાસો;
ન માની કશી વાત તે શિષ્ય જ્યારે, ગુરુજી તજીને ગયા ગામ ત્યારે. ૫

રહ્યા શિષ્યજી તો તહીં દિન ઝાઝા, બહુ ખાઈ-પીને થયા ખૂબ તાજા;
પછીથી થયા તેહના હાલ કેવા, કહું છું હવે હું સુણો સર્વ તેવા. ૬

● દલપતરામ

●

## ઝરણું

ઝરણું રમતું-રમતું આવે,
ઝરણું રમતું-રમતું જાય.
ઝરણું રૂમઝૂમ કરતું નાચે,
ઝરણું ઝમઝમ કરતું ગાય.
ઝરણું ડુંગર-કરાડ કૂદે,
ઝરણું વન-વન-ખીણો ખૂંદે,
ઝરણું મારગ ધોતું દૂધે,
ઝરણું અલકમલકથી આવે
ઝરણું અલકમલકમાં જાય;
ઝરણું રમતું-રમતું આવે,
ઝરણું રમતું-રમતું જાય.

● ઉમાશંકર જોશી

# દીપાવલિ

## રાજેશ ડાભી

આસો વદ અમાસ એટલે દીપાવલિ. વિક્રમ સંવતના વરસનો છેલ્લો દિવસ છે. દિવાળી શબ્દ 'દીપાવલિ' પરથી બનેલો છે. 'આવલિ' એટલે હાર, દીવાઓની હાર, અમાસની ઘોર રાતે ઘરના આંગણામાં કોડિયા ઝળહળે છે.

દિવાળી તો પ્રકાશનું પર્વોત્સવ છે. 'દિ'વાળે તેનું નામ દિવાળી. હિંદુ પંચાગ અનુસાર દિવાળી એ વર્ષનો અંતિમ (કુલ ૩૬૦ દિવસ) ૩૬૦મો દિવસ છે. હિંદુ અને જૈન ધર્મના અનુયાયીઓ માટે આ દિવસ ખૂબ મહત્ત્વનો છે. આ દિવસે ભગવાન મહાવીર વીરગતિએ પામ્યા હતા ને ગૌતમ સ્વામીને કેવળ જ્ઞાન લાધ્યું હતું. સમ્રાટ વિક્રમાદિત્યના રાજ્યાભિષેક પ્રસંગે દીપાવલિનું પર્વ પ્રથમવાર મનાયું છે એવી લોકોક્તિ પણ છે. દિવાળીનું પર્વ પાપ પર પુણ્ય, અંધાર પર પ્રકાશ, તથા અસુરો પર સુરોનો વિજયોત્સવ એટલે દિવાળી.

'ધ વર્ડ્સ ઑફ ગૉડ' નામનું પુસ્તક પાસ્ટરલ એન્ટર શિલોંગે, મેઘાલય તરફથી પ્રગટ થયું તેનો ગુજરાતી અનુવાદ કરનાર પ્રા. રેમન્ડ આર. પરમાર ને ઈસુદાસ ક્વેલી, એસ. જે. ઉપદેશમાળા'ના ચોથા ગ્રંથમાં દિવાળીના પર્વનો ખ્યાલ આ રીતે વિસ્તૃતથી આપે છે.

असतो मा सद्‌गमय ।
तमसो मा ज्योतिर्गमय ।
मृत्यार्माडमृतं गमय ।

આપણા કવિ ન્હાનાલાલે ગુજરાતીમાં અનુવાદ કર્યો –

*'ઊંડા અંધારેથી પ્રભુ, પરમ તેજે તું લઈ જા,*
*અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.'*

ઉપનિષદો અને ઋષિઓની વાણી છે. ઋષિઓ એટલે આર્ષદ્રષ્ટા ને આર્ષદ્રષ્ટા એટલે સદીઓ પછી બનનાર આધ્યાત્મિક બાબતોને અગાઉથી જોઈ લેનારા, એમની વાણીમાં આપણને પૃથ્વી પર અવતરનારા પરમેશ્વરની પ્રકાશની ઝાંખી થાય છે. છાંદોગ્ય ઉપનિષદમાં પણ ઈશ્વરનો સાક્ષાત્ પ્રકાશ છે એવા સંદર્ભો મળે છે. ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ પણ પોતાને આવા શબ્દોમાં વર્ણવે છેઃ

'એને સૂર્ય અજવાળી શકતો નથી કે ચંદ્ર કે અગ્નિ પણ અજવાળી શકતો નથી. આપણા દેશની ધર્મ પરંપરામાં 'જ્ઞાન'નું મોટું મહાત્મ્ય છે. જ્ઞાન એ પ્રકાશનો પર્યાય છે. આપણા રાષ્ટ્રનો મુદ્રાલેખ છે, 'सत्यमेव जयते'. દિવાળીનું પર્વ અસત્ય પર સત્યના વિજયનું પર્વ છે. આ પર્વ આપણા રાષ્ટ્રના મુદ્રાલેખને સુંદર રીતે ચરિતાર્થ કરે છે.

ભગવાન ઈસુના જન્મ વખતે પણ પૂર્વના પંડિતો તારાના અર્થાત્ ઈશ્વરના પ્રકાશના ઘેર્યા ઘેરાયા ઈસુ પાસે આવ્યા હતા. ખુદ ઈસુએ જ સૌને કહ્યું છે કે,

'હું જ જગતનો પ્રકાશ છું.' ઈસુએ સર્વને દીવા કહ્યા છે. 'તમે દુનિયાના દીવા છો. લોકો દીવો સળગાવીને દીવી ઉપર મૂકે છે ત્યારે જ તે ઘરનાં બધાંને અજવાળું આપે છે. એ જ રીતે તમારો પ્રકાશ લોકો આગળ પડવા દો, જેથી તેઓ તમારાં સારાં કાર્યો જોઈને તમારા પરમ પિતાનાં યશોગાન ગાય.'

શ્રી પ્રવીણભાઈ એ. કડિયા દિવાળીનો અર્થ આ રીતે લખે છેઃ

'દિવાળીનો દિન એટલે અનેક પ્રસંગોનો સમૂહ દિન. પશુ ભગવાને પૃથ્વીનું દોહન કરી રસકસ કાઢ્યા. – સમુદ્રમાંથી લક્ષ્મીજી નીસર્યા – ભગવાન મહાવીરનો નિર્વાણ દિન. – પાંડવો વનમાંથી પાછા ફર્યા. – શ્રીરામ લંકા વિજય કરી અયોધ્યા પધાર્યા. – ભગવાન કૃષ્ણે અસુર નરકાસુર-ભૌમાસુરનો નાશ કરી પ્રજાને ત્રાસમાંથી મુક્તિ અપાવી. આ રીતે અસુરોના ત્રાસમાંથી પ્રજા મુક્ત થઈ એટલે બધાએ દીવડાઓ પ્રગટાવી આનંદ વ્યક્ત કર્યો એટલે આ અવસરને દીપોત્સવી કહેવાય. યુગે યુગે આવો પુનઃ આસુરી અંધકાર આવી જાય છે.'

કુસુમ ભૂપેન્દ્ર દવેએ દિવાળીની કથાઓનું સંકલન આ રીતે કર્યું છેઃ

**પ્રથમ કથાઃ**

ભગવાન રામ ચૌદ વરસના વનવાસ બાદ અયોધ્યા પાછા ફર્યા હતા તેના અનુસંધાનમાં આસો અમાસનું વધારે મહત્ત્વ છે, કારણ કે તે દિવસે ભગવાન રામનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો હતો. રાજ્યભિષેકના ઉમંગમાં આવી આખી અયોધ્યામાં દીપમાળાઓ પ્રગટાવી હતી. લોકોએ અયોધ્યા નગરીને શણગારી હતી. લોકોએ ઉમંગ વ્યક્ત કરીને ફટાકડા ફોડ્યા. આમ અનેક પ્રસંગોના કારણે લોકોએ ખુશીના માર્યા દીપોત્સવી પર્વ ઉજવવા માંડ્યા છે.

**બીજી કથાઃ**

વિષ્ણુપુરાણ પ્રમાણે ભગવાન વિષ્ણુએ બલિરાજા પાસેથી ત્રણેય ભુવન પાછા લીધા ને પાતાળભુવન બલિરાજાને પોતાનું ભુવન પાછું આપ્યું. તેના આનંદમાં ભુવનના લોકોએ દીપ પ્રગટાવી આનંદ વ્યક્ત કર્યો. દીવાઓના પ્રકાશમાં સમગ્ર ભુવન ઝળહળી ઊઠ્યું.

**ત્રીજી કથાઃ**

ત્રીજી કથા શ્રીકૃષ્ણે નરકાસુરનો વધ કર્યો ને મરણ પહેલાં નરકાસુરે વચન માંગ્યું હતું કે તેની મરણવિધિ પ્રસંગે ત્રણ ભુવનમાં પ્રકાશનો ઝગમગાટ કરવામાં આવે.

**ચોથી કથાઃ**

માર્કંડેય પુરાણ પ્રમાણે લક્ષ્મીદેવીની પૂજા પહેલી નારાયણે કરી. બીજી બ્રહ્માજીએ, ત્રીજી ભગવાન શંકરે, ચોથી સમુદ્ર મંથનના અવસર ઉપર ભગવાન વિષ્ણુએ, પાંચમી વખત મનુ મહારાજે, છઠ્ઠી વખત નાગાઓએ, સાતમી વખત મનુષ્યોએ લક્ષ્મીની પૂજા કરી. તે દિવસે મહારાત્રિ હતી તેથી દીપ પ્રગટાવી અજવાળું કર્યું.

**પાંચમી કથાઃ**

કાલપુરાણ પ્રમાણે અસુરોનો નાશ મહાકાલી માતાએ કર્યો. ભગવાન શિવે મહાકાળીનો ક્રોધ શાંત કર્યો

**છઠ્ઠી કથાઃ**

લક્ષ્મીની બહેન દરિદ્રા છે. તેના પ્રભાવથી સમગ્ર સમાજમાં દરિદ્રતા ફેલાઈ. પરિણામે કારતકની અમાસે લક્ષ્મી ને દરિદ્રા મૃત્યુલોકમાં આવ્યાં. લક્ષ્મીદેવીથી લોકોની ગરીબી જોઈ ન ગઈ. તેણે લોકોના ઘર વૈભવથી ભરી દીધા. આ રીતે લોકોએ ખુશી મનાવી દીપ પ્રગટાવ્યા.

દિવાળી આવતાવેંત જ લોકો બધી તૈયારી કરે છે. ઘર સફાઈથી માંડીને મીઠાઈ બનાવવા સુધીની તૈયારી અગાઉથી કરે છે. દીપાવલિના દરેક અવસરે આંગણામાં રંગોળી પુરાય છે. સર્વ લોકો અમાસની રાત્રે મીણબત્તી સળગાવી પ્રકાશનો ઝળહળાટ કરે છે. તો બધા લોકોને માટીનાં કોડિયામાં સળગાવેલા દીવા કરવાનું ગમે છે. કુંભાર અગાઉથી માટીનાં કોડિયાં મૂકી જાય છે. ખેડૂતો પોતાના ખેતરમાં જઈ ઘીના દીવા કરી મૂકી આવે છે.

‘જ્ઞાન ને પ્રકાશનો દાતા ગણાતો દીપક દેવપૂજામાં અગ્રીમ સ્થાન ધરાવે છે. શાસ્ત્રમાં દીપકની સ્થાપના દેવ સ્વરૂપ ગણવામાં આવે છે, એટલે જ કોઈ પણ શુભકાર્યની સમાપ્તિ માટે મંગલકાર્યની શરૂઆતમાં દીપકની સ્થાપના કરવામાં આવે છે. શ્વેતાશ્વતાર ઉપનિષદ્ પ્રમાણે દીપક જ અગ્નિદેવ છે, દીપક જ સૂર્ય છે, દીપક જ ચંદ્ર છે.’

આપણાં ધર્મગ્રંથોમાં દીપકને, અગ્નિને સૂર્યનું પ્રતીક માનવામાં આવે છે.

લેખક શ્રી પરીક્ષિત રાણા દીપકની ઉત્પત્તિનો ખ્યાલ આપે છે.

‘એક સમયે થાકેલા સૂર્યે ગર્વથી કહ્યું કે, ‘કોઈ મારી જગા પર રહીને મારું કાર્ય કરી શકે?’ આ સાંભળી દેવો એકબીજાનું મોઢું જોવા લાગ્યા. ત્યારે એક તારો અંધકારને ચીરીને આગળ આવ્યો. પૃથ્વી પર દીવા બનાવવાની કલ્પનાએ જન્મ લીધો. અસ્ત પામતા સૂર્યદેવે પૂછ્યું. ‘કોણ મારું કાર્ય હાથ ધરશે. શાંત જગતમાંથી પૃથ્વીના એક ખૂણે રહેલા દીપકે કહ્યું, ‘હું સ્થાન લઈશ.’ પ્રભુ જેટલું મારાથી શક્ય હશે.’ એ રીતે નાના દીપે સૂર્ય નારાયણનું કાર્ય શરૂ કર્યું.

‘માણસનું અસ્તિત્વ અંધકાર ને પ્રકાશ વચ્ચે ઝોલાં ખાય છે. અમાસની અંધારી રાતે માણસ દીપોત્સવી ઉજવે છે ને આસુરી શક્તિ ઉપર વિજય ડંકો વગાડે છે. આપણા પૂર્વજોએ દિવાળી પાછળ રહેલી આ ભવ્ય ભાવનાને પૌરાણિક કથાઓમાં કંડારી છે. દીપોત્સવી વખતે થતું આ કથાઓનું સ્મરણ તેની ઊજવણી માનવ દિલમાં આ શાનો દીપ જલતો રાખે છે? શ્રીરામ અસુર રાજા રાવણ ઉપર વિજય મેળવીને અયોધ્યા પાછા ફર્યા. રામ – રાજ્યના શ્રીગણેશ મંડાયા. લોકોએ દીપ સળગાવીને વિજયોત્સવ કર્યો. જ્યારે જ્યારે ઈશ્વરનો ભક્ત સુવર્ણ – મૃગ પાછળ દોડે છે ને આસુરી શક્તિના પંજામાં પડીને વિરહ, દુઃખ ભોગવે છે ત્યારે ઈશ્વર પોતાની શક્તિ પ્રગટ કરે છે ને અંધકારને નિદ્રાની દુનિયામાંથી તેને છોડાવીને પોતાના તેજોમય રાજ્યમાં સ્થાપે છે. વિષ્ણુ ભગવાને અસુરરાજ બલિના પ્રતાપમાંથી લક્ષ્મી દેવીને છોડાવ્યાં તેની યાદગીરીમાં વિષ્ણુભક્તો દિવાળી ઊજવે છે ને લક્ષ્મીદેવીનો અનુગ્રહ મેળવે છે. આસુરીશક્તિમાં પણ તપ છે. તે પ્રતાપે તે સંપત્તિ ઉપર પ્રભાવ મેળવે છે. દુનિયાની સંપત્તિ ઈશ્વરની કૃપા છે, તેમ છતાં તે આસુરી શક્તિની અસર તેમાં આવી જાય છે ને માણસને માટે શાપરૂપ થઈ જાય છે. એને લીધે માનવદિલમાં મોહ, લોભ, અદેખાઈ ને ક્રોધ જેવા આસુરી તત્ત્વો ઘર કરી બેસે છે ને માણસ સ્વાર્થનો અવતાર બની જાય છે. માટે લક્ષ્મીદેવીનો બચાવ કરવાની જરૂર છે. લક્ષ્મી શાપ મટીને અનુગ્રહરૂપ બને એ પણ ભગવાનની કૃપાનું કાર્ય છે. દીપોત્સવી આ નિત્ય કૃપાનું વિશિષ્ટ સ્મરણ છે.’

દિવાળી એટલે દીવડાઓનો દરબાર, દિવાળી એટલે પર્વનો પર્વોત્સવ – પર્વોનો સમૂહ.

દિવાળીનો તહેવાર સર્વ તહેવારોમાં મુગટ સમાન છે.

સ્વામી શિવાનંદ સરસ્વતીએ કરેલું આહ્વાનઃ

‘હે માનવી અજ્ઞાન નિદ્રામાંથી જાગ, આત્માનો સદૈવ પ્રજ્વલિત પ્રકાશ પ્રાપ્ત કર.’

પ્રકાશનો પ્રાદુર્ભાવ.

(‘આપણા લોક ઉત્સવો’માંથી સાભાર)

## લાભશંકર ઠાકર

૧

પ્રતીક્ષાના પડછાયા
દીવાના સ્વપ્નમાં ગાતાંગાતાં ડોલે
ને બોલે...
આજની ઘડી તે રળિયામણી રે
મારો વ્હાલો આયાની વધાણી.

૨

નાકરણ
અચરજને ભૂંસે?
હા
ને નાનીને ખોસી દે
ક્યાં?
કારાગારમાં.

૩

પડઘાઓના
અડાબીડ જંગલમાં
શબ્દ શોધવા
આ કોણ રઝળે છે?
કવિના કાન.

૪

આ તારા મનદર્પણમાં
અહોરાત્રમાં આવી આવીને
કોણ અથડાય છે?
નિર્વાણ — મોક્ષના હંસો.

૫

હાલરડું છે.
બાળક નથી.

૬

અમૃતા આત્મકલાના
ખળખળ વ્હેણમાં
આ આમ કોણ વહી જાય છે?
મારો પડછાયો મને ત્યજીને.

૭

અવાજના અડાબીડ જંગલમાં
રઝળતો રઝળતો તું
આ આમ શું શોધે છે?
ખોવાઈ ગયેલી ચાવી.
શેની?
અંતઃકરણની.

૮

ન્યાયની બખોલમાં
કોણ દાંત કચડે છે?
અન્યાય.

૯

તારા હોવાના રહસ્યને
કોણ ઘૂંટે છે?
ઉકેલ.

(૧૦-૩-૨૦૧૩)

(સી/૮, જળદર્શન સોસાયટી, પાંચમે માળે,
એચ.કે. કૉલેજ પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ — ૩૮૦ ૦૦૯)

# ધર્મ-નિરપેક્ષ રાજ્ય એટલે ધર્મ-વિહીન હરગિજ નહીં

**વિનોબા ભાવે**

## ‘સેક્યુલર’નો અર્થ ધર્મવિહીન નહીં

મારી પદયાત્રા દરમ્યાન મને અનેક પ્રશ્નો પૂછાયા. તેમાં કેટલાક પ્રશ્નો તો એકસરખા વારંવાર પૂછાતા. એવો એક પ્રશ્ન હતો, ‘સેક્યુલર સ્ટેટ’ વિશેનો. સેક્યુલર સ્ટેટ એટલે શું? એવા રાજ્યમાં શું કોઈ ધર્મ જ નહીં હોય?

ફરી ફરી આ પ્રશ્ન પૂછાતો, છતાં હું ફરી ફરી તેનો વિસ્તારથી જવાબ દેવાનો પ્રયત્ન કરતો, કેમ કે આ વિશે ઘણી ગેરસમજ ફેલાયેલી છે. મારું એમ માનવું છે કે ઘણી ખરી ગેરસમજો શબ્દમૂલક હોય છે, બરાબર શબ્દ ન વપરાય તો તેમાંથી ગેરસમજો ઊભી થાય છે. અને વળી આ બાબતમાં તો એક વિદેશી શબ્દને કારણે વધારે ગેરસમજ થઈ છે. આપણે ત્યાં અમુક લોકોનું બધું ચિંતન અંગ્રેજીમાં જ ચાલે છે. તેને આપણી ધરતી સાથે સંબંધ નથી હોતો. પછી એનો તરજુમો કરવો પડે છે. અને કોઈ પણ ભાષાનો તરજુમો બીજી ભાષામાં એકદમ બરોબર થઈ શકતો નથી. એટલે વિદેશી શબ્દ યથાર્થ ભાવ વહન કરી શકતો નથી. આપણી ભૂમિમાં સંતાનોને સમજાવવા માટે આપણી ભૂમિનો જ શબ્દ જોઈએ.

‘સેક્યુલર’નો અર્થ ધર્મવિહીન એવો તો હોઈ જ ન શકે. તેને ધર્માતીત પણ ન કહી શકાય. ધર્મની બહારનું અથવા ધર્મ સાથે જેને કાંઈ સંબંધ નથી એવું પણ ન કહી શકાય. કેમ કે ધર્મનાં જે અનેક લક્ષણો છે, તેના વિના ન તો સમાજનું ધારણપોષણ થઈ શકે, ન વ્યક્તિના જીવનની ઉન્નતિ થઈ શકે.

આ ‘સેક્યુલર’ શબ્દને કારણે મોટા મોટા માણસોના મનમાં પણ ખોટી ભ્રમણા ઊભી થાય છે. જો કોઈ નિશાળમાં વેદની પ્રાર્થના થતી હોય, તો પૂછે છે કે સેક્યુલર સ્ટેટમાં વૈદિક મંત્ર નિશાળની પ્રાર્થનામાં કેમ બોલી શકાય? હું અલીગઢ યુનિવર્સિટીમાં ગયો હતો. ત્યાંના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ બહુ પ્રેમથી મારું સ્વાગત કર્યું. ત્યાં મેં ઘણી ગંભીર વાતો કહી હતી. મેં ત્યાં બધા ધર્મોની શુદ્ધિની વાત કહી અને ઇસ્લામની શુદ્ધિની થોડીક વ્યાખ્યા પણ કરી. એ લોકોનો રિવાજ છે કે આરંભમાં ઊભા થઈને કુરાનની આયાત વાંચવી. ઝાકિરહુસેન સાહેબે મને કહ્યું, તો હું બહુ ખુશીથી ઊભો થઈ ગયો. આખો કાર્યક્રમ બહુ પ્રેમથી ચાલ્યો. મને પણ કુરાનનો અભ્યાસ છે, તેથી આયાતો સાંભળીને મને ખુશી થઈ. પરંતુ આના પરથી કોઈ એમ કહે કે સેક્યુલર સ્ટેટની યુનિવર્સિટીમાં કુરાનની આયાતો કેમ વંચાય, તો તે સાવ ખોટો અભિગમ ગણાશે.

સેક્યુલર સ્ટેટમાં કોઈ આધ્યાત્મિક મૂલ્યોનો ઇનકાર નથી. આપણે તો રાજ્યનો મુદ્રાલેખ જ ‘સત્યમેવ જયતે’ રાખ્યો છે. તેથી ‘સેક્યુલર’નો શું અર્થ કરીશું? મેં તો તેનો અર્થ ‘વેદાંતી’ એવો કર્યો છે. આપણું રાજ્ય ‘વૈદિક’ નહીં હોય, ‘વેદાંતી’ હશે. વેદાંતમાં કોઈ ઉપાસનાનો નિષેધ નથી કે આગ્રહ નથી. આમ તો વેદ પણ બધી ઉપાસનાઓ પ્રત્યે સમાન ભાવથી જ જુએ છે. તેમ છતાં વેદાંતમાં તો પોતાની ખુદની કોઈ ઉપાસના જ નથી રાખવામાં આવી. એટલે જો આપણે સેક્યુલર સ્ટેટ એટલે વેદાંતી રાજ્ય એમ કહીએ, તો કાંઈક અર્થ સમજાય છે. એ રાજ્ય ધર્મ-નિરપેક્ષ રાજ્ય હશે. પરંતુ ‘ધર્મ-નિરપેક્ષ’ એટલે ‘ધર્મહીન’ નહીં. એ બિન-સાંપ્રદાયિક છે, કોઈપણ વિશેષ સંપ્રદાય સાથે તે જોડાયેલું નથી. પણ તેથી તે કાંઈ ધર્મહીન રાજ્ય નથી.

‘ધર્મ’ એક વ્યાપક શબ્દ છે. આપણા દેશમાં પ્રાચીન કાળથી વેદથી લઈને આજ સુધી એકધારો આ ‘ધર્મ’ શબ્દ ચાલ્યો આવ્યો છે. તેને માટે બીજી કોઈ પણ ભાષામાં સમુચિત પર્યાયવાદી શબ્દ મળતો નથી. ‘ધર્મ’ શબ્દ એટલો વિશાળ અને વ્યાપક છે કે તેની

બધી અર્થછાયા બતાવનારો શબ્દ મેં આજ સુધી બીજી કોઈ ભાષામાં જોયો નથી. બધા અર્થો તો જવા દઈએ, પણ તેના મોટાભાગના અર્થો વહન કરી શકે એવોયે કોઈ શબ્દ મને નથી મળ્યો તેથી એ છે તો સંસ્કૃત શબ્દ; છતાં મરાઠી, હિંદી, ગુજરાતી બધી ભાષામાં 'ધર્મ' શબ્દ જ વપરાય છે.

ધર્મમાં ઘણી વાતો આવે છે. આત્મા ને પરમાત્માનો સંબંધ, ઐહિક જીવન અને તેની સમાપ્તિ પછીનું જીવન – આ બધું ધર્મમાં આવી જાય છે. ધર્મનું એક અંગ મૃત્યુ પછીનું જીવન છે, જેમાં આત્મા, પરમાત્મા વગેરે વાતો આવે છે. તેનો સંબંધ રાજ્ય સાથે નથી આવતો. ઇહલોકના વ્યવહાર અને સત્ય, પ્રેમ, ન્યાય, આદિના સિદ્ધાંત, એ ધર્મનું બીજું અંગ છે, જેનો સંબંધ રાજ્ય સાથે છે. રાજ્ય ખરું જોતાં આ સિદ્ધાંતો પર જ નિર્ભર હોવું જોઈએ. એ અર્થમાં દરેક સરકાર ધાર્મિક સરકાર હોવી જોઈએ. ધર્મ-નિરપેક્ષ રાજ્ય પણ વાસ્તવમાં આ ધર્મ-સિદ્ધાંતોને તો ઉવેખી શકે નહીં. તેથી સેક્યુલર સ્ટેટનો અર્થ ધર્મવિહીન રાજ્ય એવો કદાપિ ન હોઈ શકે. તે બિનસાંપ્રદાયિક રાજ્ય છે, એટલે કે કોઈ એક સંપ્રદાય સાથે જોડાયેલું રાજ્ય નથી. કોઈ એક રાજ્ય માન્ય ધર્મ નથી, બધા ધર્મોને તેમાં પૂરી સ્વતંત્રતા છે, એટલો જ 'સેક્યુલર'નો અર્થ થાય છે. 'સેક્યુલરનો અર્થ ધર્મ-વિહીનતા હરગિજ નહીં.'

### ખરેખર ધર્મની સ્થાપના તો હજી વિજ્ઞાનયુગમાં થશે

માણસનું મન કેવળ વ્યક્તિગત જ નહીં, સામૂહિક પણ હોય. જેમ વ્યક્તિનું પોતાનું મન હોય છે, તેમ આખા સમાજનુંયે એક સામૂહિક મન હોય છે. એ સામૂહિક મન બદલાતું પણ રહે છે. જે-તે જમાનામાં જે-તે સમાજનું મન એક રીતે કામ કરતું હતું, એમ જોવા મળે છે. અગાઉ કાંઈ આજનાં જેવાં સંદેશા-વ્યવહારનાં કે વાહનવ્યવહારનાં ઝડપી સાધનો નહોતાં. એક દેશમાંથી બીજા દેશમાં સમાચાર પહોંચતાં પણ વરસો લાગી જતાં. આજે તો એવાં એવાં સાધનો આપણી પાસે છે કે કોઈ પણ સમાચાર એક સાથે દુનિયાભરમાં બધે પહોંચી જાય છે અને માણસ પોતે પણ ગણતરીના કલાકોમાં દુનિયાના એક છેડેથી બીજે છેડે જઈ શકે છે. દુનિયાભરના સમાચાર આપણને રોજેરોજ એક જગ્યાએ બેઠાં બેઠાં પણ નિત્ય મળતા રહે છે. અગાઉના જમાનામાં તો આવાં કોઈ સાધનો નહોતાં. તેમ છતાં એમ જોવા મળે છે કે આખી પૃથ્વી ઉપર માણસ જ્યાં જ્યાં ફેલાયેલો હતો, ત્યાં ત્યાં માણસનું મન લગભગ એક જ રીતે કામ કરતું રહ્યું છે.

આજથી બે-અઢી હજાર વરસ પહેલાંનો જમાનો લઈએ, તો આપણને માલૂમ પડશે કે તે સમયે ભારતમાં વૈદિક, બૌદ્ધ અને જૈન ધર્મની વિચારધારા ચાલતી હતી. એક પ્રેરણા એવી કામ કરી રહી હતી કે જેના મૂળસ્રોત બુદ્ધ અને મહાવીર બન્યા. એમણે ધર્મ-સંસ્થાપના કરી. લગભગ એ જ ગાળામાં ચીનમાં પણ લાઓત્સે, કન્ફ્યુશિયસ વગેરે 'તાઓ' બાબત વિચાર કરતા હતા, જેને લીધે ત્યાં પણ ધર્મ-સંસ્થાપના થઈ. અર્થાત્ ચીનના લોકોને પણ તે સમયે એવી જ ભૂખ વરતાઈ હતી, જેવી અહીં હિંદુસ્તાનમાં વરતાઈ હતી; જો કે ચીન અને હિંદુસ્તાન ત્યારે ભાગ્યે જ એકબીજા વિશે કશુંયે જાણતા હશે, અથવા બહુ જ ઓછું જાણતા હશે.

એ જ જમાનામાં આપણને ઈરાનમાં અને પેલેસ્ટાઈનમાં પણ આવી જ પ્રેરણાનાં દર્શન થાય છે. ઈરાનમાં જરથુષ્ટ્ર, મિસરમાં મૂસા અને પેલેસ્ટાઈનમાં ઈસુને આપણે જોઈએ છીએ, જેમણે પારસી, યહૂદી અને ખ્રિસ્તી ધર્મની સ્થાપના કરી. એટલે કે એ જમાનામાં લગભગ બસો, ત્રણસો, પાંચસો વરસના જ ગાળાની અંદર અંદર દુનિયા આખીના બધા દેશોમાં ધર્મ-સંસ્થાપનાનું કાર્ય થતું આપણે જોઈ શકીએ છીએ.

આખરે ચારેકોર બધે બધા માણસોને ધર્મ-સંસ્થાપનાની આવી એકસરખી પ્રેરણા કેવી રીતે મળી? આનો જવાબ એ જ હોઈ શકે કે વ્યક્તિના મનની માફક સમાજના મનને પણ પરમેશ્વર પાસેથી પ્રેરણા મળે છે. જ્યારે મૂસા ધર્મ-સંસ્થાપનાનું કામ કરી રહ્યા હશે, ત્યારે એમને ખબર પણ નહીં હોય કે બીજી તરફ લાઓત્સે પણ આવું જ કામ કરી રહ્યા છે. એ વખતે એક જગ્યાની ખબર બીજી જગ્યાએ પહોંચતાં વરસો લાગી જતાં. તેમ છતાં એક અવ્યક્ત હવા સર્વત્ર ફેલાઈ જતી હતી. આનું કારણ એક સર્વ-અંતર્યામી, સર્વપ્રેરક પરમેશ્વર જ હોઈ શકે છે. હા, પરમેશ્વર શબ્દ પસંદ

ન હોય, તો આપણે એમ કહી શકીએ છીએ કે આખી દુનિયાની વિવેક-શક્તિ સહુને એકસરખી પ્રેરણા આપે છે. પરમેશ્વર કહીએ કે વિવેક-શક્તિ કહીએ, મુખ્ય વાત એ છે કે અમુક સમય ગાળાની અંદર પૃથ્વી પર બધે ધર્મ-સંસ્થાપનાની પ્રેરણા ફેલાઈ ગઈ હતી, અને તેથી જુદા જુદા ધર્મોની સ્થાપના થઈ.

પરંતુ મારું એમ કહેવું છે કે આ તો હજી માત્ર પાયો નખાયો છે, મકાન નથી બન્યું. ઈશ્વર ઉપર શ્રદ્ધા, જુદી જુદી રીતે તેની ઉપાસના, એ ધર્મની બુનિયાદ છે. ધર્મનું મકાન તો હજી ઊભું કરવાનું છે. આ બુનિયાદ પર મકાન ઊભું થશે, ત્યારે ધર્મ-સંસ્થાપનાનું કાર્ય પૂરું થયું ગણાશે. આપણે માનવ-ધર્મનું મકાન બનાવવું છે.

આ દૃષ્ટિએ જોતાં હું તો ઘણીવાર એમ પણ કહું છું છે કે ખરું જોતાં હજી સુધી ધર્મની સ્થાપના થઈ જ નથી. આજે આપણે જેને ધર્મ કહીએ છીએ, તે તો બધા ખરેખર ધર્મ નહીં પંથ છે. તુકારામે કહ્યું છે, प्रथम पाउली पावविला पथ — અર્થાત્ પ્રથમ ડગલું માંડવા માટે જ આ બધા પંથ નિર્માણ થયા છે. હિંદુ પંથ, મુસલમાન પંથ, ખ્રિસ્તી પંથ, જૈન પંથ, બૌદ્ધ પંથ, પારસી પંથ, શીખ પંથ વગેરે અનેક પંથ ઊભા થઈ ગયા છે. નાના બાળકોને ચાલતાં શીખવવા માટે એક એક ડગલું ભરતાં શીખવવું પડે છે, તેમ ધર્મનું પહેલું ડગલું ભરવા માટે આ બધા પંથ છે. જ્યાં સુધી સૂરજ નથી ઊગતો, ત્યાં સુધી થોડું અજવાળું ફેલાવવા નાના નાના દીપક પ્રગટાવાય છે, તેવા જ આ બધા પંથો છે. સારાંશ કે, આ બધી ધર્મની પા-પા પગલીઓ છે, અને આપણે આનાથી ઘણું આગળ જવાનું છે, સાચા માનવધર્મની સ્થાપના કરવાની છે.

આજ સુધી આ બધા પંથ શ્રદ્ધા ઉપર અને માનસિક ભૂમિકા ઉપર જ આધારિત રહ્યા. હવે આપણે વિજ્ઞાનની ભૂમિકા ઉપર આધારિત ધર્મ સ્થાપવાનો છે, અને તે જ સાચો ધર્મ બનશે. કેટલાકને શંકા થાય છે કે વિજ્ઞાન વધવાથી પછી ધર્મનું શું થશે? વિજ્ઞાનની સામે ધર્મ ટકશે નહીં. વિજ્ઞાન આવવાથી ધર્મ બધા ભૂંસાઈ જશે. પરંતુ મને ખાતરી છે કે વિજ્ઞાન જેમ જેમ વધતું જશે, તેમ તેમ તેની સામે માત્ર ધર્મ જ ટકશે, અધર્મ નહીં. વિજ્ઞાનને કારણે દુનિયાનું સ્પષ્ટ સ્વરૂપ ધ્યાનમાં આવતું જશે અને માણસની ભાવના વ્યાપક થતી જશે. આવી વ્યાપક ભાવના એ જ તો ધર્મ છે, સંકુચિત ભાવના અધર્મ છે. વિજ્ઞાનયુગમાં વ્યાપક ભાવના જ ટકી શકશે, સંકુચિત નહીં. તેથી મને પાકી ખાતરી છે કે હવે પછી બહુ જોરથી ધર્મ-વિચાર ફેલાશે. વિજ્ઞાનની ભૂમિકા ઉપર સાચા ધર્મની સ્થાપના થશે.

વિજ્ઞાનના આ જમાનામાં હવે જુદા જુદા ધર્મોમાં જે અસાર તત્ત્વો છે, અજ્ઞાનના અંશો છે, તે વિજ્ઞાનને કારણે નીકળી જશે, બળીને ખાખ થઈ જશે, અને દરેક ધર્મમાં જે સારરૂપ તત્ત્વો છે, સ્વચ્છ અંશો છે, તે અત્યંત ઉજ્જવળ થઈને પ્રગટ થશે. બધું બુદ્ધિની કસોટીએ કસવામાં આવશે. અત્યાર સુધી બધા ધર્મોનો મુખ્ય આધાર મોટે ભાગે શ્રદ્ધા રહ્યો છે. તેને હવે શ્રદ્ધાની સાથોસાથ વૈજ્ઞાનિકતાનો આધાર પણ મળવો જોઈએ.

બાળક નાનું હોય ત્યારે માતા-પિતા ઉપર શ્રદ્ધા રાખીને ચાલે પણ જેમ જેમ મોટું થતું જાય, તેમ તેમ માતા-પિતાની વાતોને પણ પોતાની બુદ્ધિની કસોટીએ કસતું જશે. અને તે કસોટીએ જે ખરું નહીં ઊતરે, તેને સ્વીકારી લેવાનો ઈનકાર કરશે. તેવી જ રીતે હવે માત્ર શ્રદ્ધાના આધારે ધર્મ નહીં ચાલે, તેની સાથે વિજ્ઞાનનો આધાર પણ જોઈશે અને તેમ કરવા જતાં અધર્મ બધો ખરી જશે તથા સાચો ધર્મ વધુ ને વધુ ઉજ્જવળ બનતો જશે.

વિજ્ઞાનની કસોટીએ ખરો ઊતરનારો, માનસિક કલ્પના-કામના વગેરેથી ઉપર ઊઠી ગયેલો, દુનિયાના બધા ભેદભાવો મિટાવી દેનારો, ઉપાસના વગેરેની વિવિધતામાં પણ એકરૂપતા જોનારો ધર્મ જ હવે આ વિજ્ઞાનયુગમાં ટકી શકશે. અને એ જ ખરો ધર્મ હશે, એ જ ખરી ધર્મ-સંસ્થાપના થઈ ગણાશે. અત્યાર સુધી જે કાંઈ થયું છે તે તો ધર્મની દિશામાં પા-પા પગલી સમાન છે. આત્મજ્ઞાનનું ઠીક ઠીક ખેડાણ થયું છે. હવે આપણે વિજ્ઞાન અને આત્મજ્ઞાનની બને પાંખે ઊડીને ધર્મ-સંસ્થાપના કરવાની છે. આજે હવે પૃથ્વી ઉપર બધે આવી જ પ્રેરણા કામ કરી રહી હોય, એમ સ્પષ્ટ જણાય છે.



## ભાઈકાકાની સ્વપ્નસિદ્ધિઃ વલ્લભ વિદ્યાનગર

**એસ. એમ. પટેલ**

**(સરદાર પટેલ યુનિવર્સિટીની ભાઈકાકા ચૅરના ઉપક્રમે ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રીએ ૪ સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ આપેલા વ્યાખ્યાનના અંશ અહીં પ્રસ્તુત છે.)**

વલ્લભ વિદ્યાનગર એ ભાઈકાકાની સ્વપ્નસિદ્ધિનું તાદશ દૃષ્ટાંત છે. પોતે સ્વપ્નદ્રષ્ટા અને સ્વપ્નસૃષ્ટા પણ હતા. તેમની જીવનયાત્રા અનેક સંઘર્ષો, મુકાબલાઓ અને જય-પરાજયથી ભરેલી છે. એમાંથી અનુગામી પેઢી માટે મબલક પાથેય મળી રહે તેમ છે.

વિદ્યાર્થી અવસ્થામાંથી આ સામાજિક ઋણ ફેડવાની ભાવના કેળવાયેલી. પ્રસિદ્ધ સાક્ષર ગોવર્ધનરામ ત્રિપાઠીના અવસાન નિમિત્તે છાપામાં આવેલી તેમની જીવન ઝરમર વાંચી તેમણે જાણ્યું કે ૪૦ વર્ષની ઉંમરે સહિત્ય સેવા માટે એમણે વાનપ્રસ્થ સ્વીકાર્યું હતું. મારા મન ઉપર અસર થઈ મનોમન ૫૦-૫૧ વર્ષે નિવૃત્તિ માટે ભગવાનને પ્રાર્થના કરી.

સરદાર સાહેબે ૧૯૩૯ના અંત ભાગમાં શ્રી પશાભાઈ ટ્રેક્ટરવાળા મારફત કરાંચીમાં સંદેશો મળ્યો, 'ભાઈલાલ, તમે ગુજરાતની બહાર બહુ રહ્યા, હવે ગુજરાતમાં પાછા આવી જાવ. મારે તમારી જરૂર છે.'

૨૮ ફેબ્રુ. ૧૯૪૦ના રોજ મારી ૨૫ વર્ષની નોકરી પૂરી થતી હતી એટલે ત્યાર પછી હું નિવૃત્ત થઈને ગુજરાતમાં આવી જઈશ. અમદાવાદ મ્યુનિ. એન્જિનિયર તરીકે (માત્ર ૧૦૦૦ રૂા. સ્વીકારીને) દાખલ થયા. બીજી શરત કે તમને ના ફાવે ત્યારે ગમે ત્યારે છૂટો. મને નહીં ફાવે તો હું તરત જ છૂટો થઈ જઈશ. કોઈ પક્ષે નોટિસ આપવાની નહીં. બીજી કોઈ શરત નથી. તેથી જ શ્રી એચ.એમ. પટેલ સાહેબે તેમની જીવન યાત્રાને 'મનસ્વી પુરુષની વિકાસગાથા' તરીકે ઓળખાવી છે.

ભાઈકાકાનું સ્વપ્ન હતું કે, 'પ્રજાનું નવઘડતર કરવું હશે તો તેની શરૂઆત શાળા/કૉલેજોમાંથી જ કરવી પડશે. અધ્યાપકોએ પહેલ કરવી પડશે. અધ્યાપકોને આર્થિક ઉપાધિ ન રહે તેનો પણ વિચાર કરવો પડશે. અધ્યાપકોને હવે વાણિયા થયે નહીં ચાલે. જેને વાણિયા થવું હોય તેણે વેપાર-ઉદ્યોગમાં ચાલ્યા જવું જોઈએ. આ વ્યવસાયમાં રહેનારને સંતોષ અપનાવવો અને પ્રમાદ છોડવો પડશે.'

આથી જ ભાઈકાકાએ અતિ તેજસ્વી, તજ્જ્ઞ અધ્યાપકોને આમંત્રણ આપીને અહીં જોડેલા અને શરૂઆતના વર્ષોમાં ઘણી બધી મુશ્કેલીઓ વચ્ચે પણ આ અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ અને કામ કરનારા બધા જ સાથે મળીને કૉલેજ બાંધકામમાં સ્વેચ્છાએ સેવા આપતા. એટલે જ જવાહરલાલ નહેરુ ૧૯૪૯માં અહીંની કામગીરી જોઈ બોલી ઊઠેલા, 'મેં તો યહ દેખકર હૈરાન હૂં કિ યહાં છત નહીં તો પરવા નહીં... કામ ચલ રહા હૈ. હમારે દિલ્હી મેં લોગ કહતે હૈં કૈસે કામ કરે? લેકિન યહાં કિસી ચીજ કી શિકાયત નહીં હૈ... કામ ચલ રહા હૈ. ઈસ તરહ સે કામ હોગા તો ભારત કે અનેક પ્રશ્નોં હલ હો જાયેંગે!'

૧૯૪૩ના ઑક્ટોબરમાં ભાઈકાકાના માનસપટ ઉપર વિદ્યાનગરની સ્થાપના અંગે માનસિક ચિત્ર સ્પષ્ટ થઈ ગયેલું. પણ સરદાર સાહેબ જેલમાં – કઈ જગાએ તે કંઈ જ માહિતી ન હતી. પૈસો કાંઈ મળે જ નહીં. એટલે જે યોજના વિચારાય તેમાંથી પૈસો પેદા થવો જોઈએ.

ભાઈકાકાના મતે તો પૈસો એટલે એકલી નોટો નહિ; બુદ્ધિનું પણ પૈસામાં રૂપાંતર કરી શકાય છે. અનુભવ એ પણ પૈસો છે, કાર્યક્ષમતા એ પણ પૈસો

છે, મનોવૈજ્ઞાનિક વલણ એ પણ પૈસો અને શ્રમ એ પણ પૈસો છે. જો આ બધાનો સુમેળ થાય તો પૈસાનો વાંધો ન આવે  આ સિદ્ધાંતો (અનુભવ સિદ્ધ હતા) અને તેનો ઉપયોગ વ.વિ.ની યોજનામાં પણ કર્યો એમાં વધારામાં 'પ્રબુદ્ધ સ્વાર્થ' એનલાઈટન્ડ સેલ્ફ ઈન્ટરેસ્ટ – એવી યોજના કે યોજનામાં ભાગ લેનારનો સ્વાર્થ સધાય તો ઘણા તૈયાર થાય. ભાઈકાકાએ કરમસદ, બાકરોલ અને આણંદની જમીનો ખેડૂતો પાસેથી ગામના અગ્રણીઓને સમજાવી એ રીતે મેળવી. ૧/૩ કૉલેજોમાં, ૧/૩ રોડ, બગીચામાં અને ૧/૩ ખેડૂતોને પાછી મળે તેવી વ્યવસ્થા ગોઠવી.

બીજું, બાંધકામની દરેક જરૂરિયાતની ચીજો અહીં બનાવવી અને વેચવી પણ ખરી. અને નફો સંસ્થાઓમાં વાપરવો. સંસ્થાઓની જરૂરિયાત માટેની ચીજવસ્તુઓ બનાવવા અને વેચવા CGSMની સ્થાપના કરી. ઉદ્યોગો પોતાની કમાણીમાંથી જેમ દાન આપે છે, તેમ CGSM પોતાની કમાણીમાંથી CVMને દાન આપે એમ ગોઠવાયું.

આ બધા માટે ભાઈકાકાને શ્રી ભીખાભાઈ સાહેબ જેવા તેજસ્વી શિક્ષક (હેડમાસ્તર અને ચ.એ. સોસાયટીના સેક્રેટરી તરીકેનો અનુભવ ધરાવતા સાથીદાર) સાંપડ્યા. અને તેમણે સંન્યસ્ત લઈ શુકલતીર્થ જવાનું માંડી વાળ્યું અને વ.વિ.ની રચનામાં જોડાયા. તેઓ પરોઢિયે વહેલા ઊઠી લખવાનું કામ કરતા. બંને મંડળોનાં બંધારણ તેમની દેણ છે. ૧૯૪૪માં આણંદ ડી.એન.માં ૫૦૦ વ્યક્તિઓની સભા થઈ. તેમાં વિશેષ કરીને ઈજનેરી કૉલેજની માંગ આવી. કારણ એક કરાંચી અને બીજી પૂનામાં હતી. પણ ઈજનેરી કૉલેજ પહેલાં સાયન્સ કૉલેજ પણ જોઈએ. શ્રી એન.એમ. શાહે સાથે આર્ટ્સ કૉલેજનું સૂચન કર્યું અને આમ પ્રથમ કૉલેજ એ VP Sc. & Arts ૨૦-૬-૧૯૪૭માં શરૂ થયેલી. ખાતવિધિ પછી માત્ર પાંચ મહિનામાં આ ઉદ્‌ઘાટન થયેલું. (૪૬૦૦૦ ચો. ફૂટનો પ્રથમ મજલો) તે દિવસે મુનશીજી ખેતીવાડી કૉલેજની જમીનની પસંદગી માટે આવેલા. ભાઈકાકા મળવા ગયા. મુનશીજીએ પ્રશ્ન કર્યો, 'ભાઈલાલભાઈ, તમે વગર પૈસે યુનિવર્સિટી બાંધી રહ્યા છો એ કીમિયો મને બતાવોને?' ભાઈકાકા કહે, મને કોઈ દાન આપનાર મળ્યો નથી, બેંકમાં સિલક નથી. પણ ભગવાન અમારું પૂરું કરશે તેવો આત્મવિશ્વાસ જરૂર છે.' તમે પ્રોફેસરોને મોટો પગાર આપવાના છો? હા, જો વિદ્વાન અને સંસ્કારી માણસો જોઈતા હોય તો એને યોગ્ય પગાર આપવો, એવો અમે નિર્ણય કર્યો છે. ૩૦૦ રૂા. ને બદલે ૩૫૦ અને ૨૫નું ઈન્ક્રીમેન્ટ.

ભાઈકાકાએ બાંધેલાં મકાનો અતિ વિશાળ, ભવ્ય અને બધી જ સુવિધા સંપન્ન હતાં. તે સમયના પ્રિ. બુટાની તો કહેતા, 'આ કૉલેજમાં ફરવા માટે તમારે મને સાઈકલ આપવી પડશે.' (સિંધમાં ડી.જે. કૉલેજના પ્રિ. તરીકે ઘણાં વર્ષો કામ કરેલું.)

ચોથી એપ્રિલ, ૧૯૪૭ના દિવસે સરદાર સાહેબ કૉલેજમાં વિધિવત ઉદ્‌ઘાટન પ્રસંગે પધારેલા. બધાં જ કામ સ્વાવલંબન રીતે, કાર્યક્ષમતાપૂર્વક અને પૂરતી મજબૂતી સાથે થયેલાં જોઈ પ્રસન્તા વ્યક્ત કરી, કેટલાક લોકોએ સરદારશ્રીને કરેલી ખોટી રજૂઆતનો આડકતરો જવાબ આપતાં સરદાર સાહેબે પોતાના ભાષણમાં જણાવેલું કે, 'ભાઈલાલભાઈને આડા માર્ગે મેં જ બેસાડ્યા છે અને એમણે તો ધૂળમાંથી સોનું બનાવી આપ્યું છે. માટે એમને પૂરેપૂરી મદદ કરવી.'

વળી VPMના પ્રવેશ દ્વારે તેમણે મોકલાવેલ સંદેશો આરસના શિલાલેખ પર કોતરાવીને મૂકેલો છે, તેમાં કહે છે, 'ચારિત્ર્ય વિનાનું ભણતર કશા કામનું નથી. આપણે સ્વતંત્ર ભારતાન નાગરિકો તૈયાર કરવાના છે. નોકરી શોધતા લૂલા પાંગળા નથી બનાવવાના એ ધ્યાનમાં રાખવું જોઈએ. એ માટે સેવાભાવી સાહસિક, નીડર અને ખડતલ સૈનિકો તૈયાર કરવાના છે.'

(ઉદ્‌ઘાટન પછી ૪-૪-૧૯૪૭) પછી તરત જ સરદાર સાહેબે ભાઈકાકાને જણાવ્યું કે ભાઈલાલભાઈ આપણે બંને વૃદ્ધ થયા છીએ. ધીમે ધીમે કામ કરવાનું આપણને પરવડે તેમ નથી. મારે આવતી સાલ એન્જિનિયરીંગ કૉલેજ જોઈએ. કેટલાક અગ્રણી નેતાઓની ઈચ્છા અમદાવાદમાં પ્રથમ થાય પછી જ અહીં કરવી એવી સરદાર સાહેબ પાસે રજૂઆત થયેલી. પણ સરદારે ઘનશ્યામદાસ બિરલાને કોરો ચેક લઈ આવવા કહેલું અને તેમના ૨૫ લાખના દાનની સહાયથી ૧૯૪૮ના જૂન માસથી અધૂરા મકાને સરદાર સાહેબની વિનંતી પ્રમાણે લોર્ડ માઉન્ટબેટને BVMનું ઉદ્‌ઘાટન કરેલું. ઘનશ્યાદાસ બિરલા પણ આવેલા. અધૂરા મકાને કૉલેજ ચાલુ કરેલી જોઈને બિરલાએ સરદારશ્રીને તાર

મોકલેલો, 'ભાઈલાલભાઈ, બાળકોને જન્મ્યા પહેલાં પરણાવી દે છે.' પણ આ કારણે ગુજરાતમાંથી એક વર્ષ વહેલા ૧૫૦ એન્જિનિયરો નીકળતા થયા. ભાઈકાકાએ કુનેહપૂર્વક જરૂરી યંત્રસામગ્રી પરદેશથી વિધિવત સમય પહેલાં લાવી દીધેલી એટલે બીજા વર્ષે પણ જોડાણ ચાલુ રહેલું. જ્યારે અમદાવાદની કૉલેજ અને બીજી એક કૉલેજને બીજા વર્ષે જોડાણ ચાલુ રહી શક્યું નહિ. તેથી મોટા ભાગના તે વિદ્યાર્થીઓ પણ વિદ્યાનગર ભણવા આવેલા. ભાઈકાકાએ કૉલેજો તો કરી, પણ તેમની નજર સમક્ષ નાલંદા અને તક્ષશિલા રહેતાં. પ્રજાનું નવઘડતર કરવું હોય તો તેની શરૂઆત દેશની વિદ્યાપીઠોમાંથી કરવી પડશે.

ગુજરાતમાં ૧૯૫૦ના સમયમાં ગુજરાત યુનિવર્સિટીની અમદાવાદમાં સ્થાપના થઈ વિદ્યાનગર તે સાથે જોડાએલું. ભાઈકાકા સિન્ડીકેટના સભ્ય હતા.

વિદ્યાનગરમાં સરદાસ પટેલ યુનિવર્સિટી સ્થાપવાનો પ્રસ્તાવ જ્યારે મુકાયો ત્યારે ઘણા રાજકીય અને ટેકનિકલ અવરોધો ઊભા કરવામાં આવેલા. પરંતુ પૂર્વગ્રહ વગર અને ધીરજ ગુમાવ્યા સિવાય મક્કમતાથી પોતાની વાતને વળગી રહ્યા અને પ્રતિપક્ષીઓને ગળે વાત ઉતરાવી વિદ્યાનગરમાં સ્થપાનાર યુનિવર્સિટીનો કાર્યવિસ્તાર ૭ માઈલના વિસ્તારનો, એક રેસીડેન્સિઅલ યુનિવર્સિટી જેવો હતો.

૧૯૫૦ના ઑક્ટોબરમાં સરદાર સાહેબ અમદાવાદ કસ્તુરભાઈ શેઠના ઘેર હતા ત્યારે ભાઈલાલ અને ભીખાભાઈ પાસેથી યુનિવર્સિટી અંગેની એક નોંધ માગી અને ભીખાભાઈ તથા પ્રિ. જુન્નારકરની મદદથી યુનિવર્સિટીના કાયદા ઘડવાનું શરૂ થયું અને તે મુસદ્દો રાજ્ય સરકારની મંજૂરી માટે મુંબઈ મોકલી આપ્યો. મુંબઈ રાજ્યે ગ્રાન્ટ વગર ચલાવવાની શરતે આ અન્યાયના વિરોધ સાથે તૈયારી બતાવી. આ રીતે જોઈએ તો લોકસમાજમાંથી યુનિવર્સિટીનો ઉદ્ભવ થયો એવું આ પ્રથમ ઉદાહરણ હતું.

૧૯૫૫ની ૩૧મી ઑક્ટોબરે કાયદો પસાર થયો અને ૧૫મી ડિસેમ્બરથી યુનિવર્સિટીની શરૂઆત થઈ અને ૧૮મી ડિસેમ્બરે ભાઈકાકા તેના પ્રથમ વાઈસ ચાન્સેલર બન્યા. માત્ર ૪ કૉલેજો જોડાયેલી. CVMમાં શ્રી ડાહ્યાભાઈ ચેરમેન બન્યા. પરંતુ ભાઈકાકાએ તે સત્તા ત્યારબાદ સરકારને આપી દીધી, જેથી ભવિષ્યમાં સરકાર યુનિવર્સિટીની જવાબદારી નિભાવે. તે જ વર્ષમાં સેનેટ, સિન્ડીકેટ જેવાં વિદ્યાકીય સત્તામંડળોની રચના થઈ.

શરૂઆતનો કારોબાર ચા.વિ. મંડળનાં મકાનો, પ્રયોગશાળાઓ થયો અને ચા.વિ. મંડળે ૯૯૯ વર્ષના પટ્ટે પ્રતિ ભાડું રૂા. ૧થી જરૂરી જમીનો યુનિવર્સિટીને મકાનો બાંધવા આપેલી છે. આ અરસામાં UGCની સ્થાપના થયેલી. ભાઈકાકાએ કુનેહપૂર્વક થોડી થોડી રકમની પણ ગ્રાન્ટ સરકારમાંથી મેળવવી શરૂ કરેલી. UGCના અધ્યક્ષ અને દેશના ભૂતપૂર્વ નાણામંત્રી શ્રી સી.ડી. દેશમુખ વિદ્યાનગર આવેલા. કામ જોઈને પ્રસન્નતા દર્શાવી તેમણે કહ્યું, જો આપણી ઓળખાણ પહેલાં થઈ હોત તો હું તમને પ્લાનિંગ કમિટીમાં લીધા હોત. એમ કહી શ્રી ભાઈકાકાને UGCની બિલ્ડિંગ કમિટીના સભ્ય તરીકે અખિલ ભારત કક્ષાએ નિમણૂક કરી. વળી જરૂરી ભવનો માટે પ્લાન-એસ્ટિમેટ તૈયાર કરવા જણાવ્યું, છાત્રાલય માટે તાત્કાલિક આર્થિક સહાય કરી અને અન્ય રીતે પણ નાણાકીય સહાર મંજૂર કરી.

રાજ્ય સરાકર તરફથી પણ હવે ગ્રાન્ટ મળવા લાગી હતી અને UGC એ ત્રણ વર્ષના ગાળા માટે ૫૦ લાખ અને બીજા દશ લાખની મદદ કરી. અધ્યાપકોની સજ્જતા વધે તે માટે ચાલુ પગારે ઈંગ્લેન્ડ અને જર્મની જવાની સગવડની શરૂઆત થઈ અને ૫૦ જેટલા અધ્યાપકોને આ લાભ મળેલો.

૧૩મી જાન્યુઆરી, ૧૯૫૯ના રોજ યોજાયેલ પ્રથમ પદવીદાન સમારંભ પહેલાં સરાકરે રાજકીય નિર્ણય લઈ ૧૮મી ડિસેમ્બરથી ભાઈકાકાને નિવૃત્ત કરી શ્રી બા.જ. પટેલને VC તરીકે નિયુક્ત કર્યા. આ અંગે જબરો વિરોધ પ્રદર્શિત થયો. મુખ્ય મહેમાન તરીકે આવનાર ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને મુંબઈ રાજ્યના મુખ્યપ્રધાન શ્રી યશવંત રાવ ચવાણે આવવાની ના પાડી અને માત્ર શ્રી શ્રીપ્રકાશ ચાન્સેલરના હોદ્દાની રૂઈએ આવેલા.

આમ પ્રથમ પદવીદાન સમારંભ નિસ્તેજ ભર્યો અને થોડી કડવાશ સાથે યોજાયેલો. ભાઈકાકાએ તો ૧૯મી ડિસેમ્બરે હોદ્દો સોંપીને દેશના પ્રવાસ માટે નીકળી પડેલા.

(૧૨, રવિ સોસાયટી, એપીસી પાસે,
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦. મો.: ૯૭૨૭૫૫૩૯૫૬)

# વિઠ્ઠલભાઈ પટેલની સામાજિક સુધારણા પ્રવૃત્તિઓ

**ગૌરાંગ જાની**

**(ચારુતર વિદ્યામંડળસંચાલિત વી.પી. સાયન્સ કૉલેજના ઉપક્રમે ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ વીર વિઠ્ઠલભાઈ પટેલના જન્મદિને યોજાયેલા સ્મૃતિ વ્યાખ્યાનના અંશ અહીં પ્રસ્તુત છે.)**

'ગાંધીજીનો અક્ષરદેહ' ગ્રંથમાળાના વીસમા ગ્રંથમાં શ્રી વિઠ્ઠલભાઈ પટેલનો પરિચય કંઈક આ રીતે દર્શાવવામાં આવ્યો છે, "વિઠ્ઠલભાઈ જે. પટેલ (૧૮૭૩-૧૯૩૩), સરદાર વલ્લભભાઈ પટેલના મોટાભાઈ, મુંબઈ ધારાસભાના સભ્ય, દિલ્હીની મધ્યસ્થ ધારાસભાના પ્રથમ ચૂંટાયેલા પ્રમુખ." અત્રે દર્શાવેલ ઓળખમાંથી માત્ર 'સરદાર વલ્લભભાઈના મોટાભાઈ' એવી ઓળખ આજે વિઠ્ઠલભાઈને જાણનારા મોટાભાગના ગુજરાતીઓ અને ભારતીયો ધરાવતા હશે. ગાંધીનગર સ્થિત ગુજરાત વિધાનસભાની ઈમારતના પ્રવેશદ્વાર પર વિઠ્ઠલભાઈની પ્રતિમા અનેકોએ નિહાળી હશે. વર્ષ ૧૯૩૩માં વિઠ્ઠલભાઈના અવસાન બાદ આજ સુધી તેઓની ઓળખ મર્યાદિત રહી જવા પામી હોય તો એ અનિવાર્ય બની જાય છે કે તેઓના કાર્યોનો પરિચય સૌને થાય. શાળા અને વિશ્વવિદ્યાલય કક્ષાએ ઈતિહાસના પાઠ્યપુસ્તકોમાં તેઓની રાજકીય ભાગીદારીનો પરિચય અંકિત થયો છે. એ સિવાય ગુજરાતી વાચકોને વિઠ્ઠલભાઈનો બહોળો પરિચય થઈ શક્યો નથી. વળી તેઓના જીવન સંદર્ભે આંગળીને વેઢે ગણાય એટલાં જ પ્રકાશનો થયાં છે. તેમાં શ્રી એચ.એમ. પટેલ તેમજ ગોરધનભાઈ પટેલનાં પુસ્તકો મહત્ત્વનાં છે.

પ્રસ્તુત વ્યાખ્યાન મહદ્અંશે શ્રી ગોરધનભાઈ આઈ. પટેલના પુસ્તક Vithalbhai Patel Life and Times (બે ગ્રંથોમાં, પ્રકાશન વર્ષઃ ૧૯૫૦)ના આધારે તૈયાર કર્યું છે. મુંબઈની વડી અદાલતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ શ્રી એમ.સી. ચાગલાએ આ પુસ્તકની પ્રસ્તાવના લખી છે. આ ઉપરાંત સરદાર પટેલ અંગેનાં પુસ્તકોમાં પણ વિઠ્ઠલભાઈ અંગેની થોડીક માહિતી મળે છે. જેનો અત્રે ઉપયોગ કર્યો છે. 'ગાંધીજીનો અક્ષરદેહ'ના કેટલાક ગ્રંથોમાં (વર્ષ ૧૯૧૫થી ૧૯૩૦ સુધીનો સમયગાળો) પ્રાપ્ત વિગતો દ્વારા શ્રી વિઠ્ઠલભાઈની ગાંધી પ્રેરિત પ્રવૃત્તિઓમાં ભાગીદારી તેમજ ગાંધીજી સાથેના તેમના સંબંધોનો ખ્યાલ મળી રહે છે. આ ગ્રંથમાંની કેટલીક વિગતો પણ અત્રે ઉપયોગમાં લીધી છે.


વિઠ્ઠલભાઈ પટેલની સમાજસુધારણા પ્રવૃત્તિઓનો ચિતાર આપવાનો પ્રયત્ન કર્યો છે. આ પ્રવૃત્તિઓમાં મુંબઈ ધારાસભામાં પ્રાથમિક શિક્ષણ અધિકાર બિલ તેમજ આંતરજ્ઞાતિય લગ્નો માટે પ્રોત્સાહક વાતાવરણ સર્જાય એ અર્થે રજૂ કરાયેલા બિલની ચર્ચા કરવામાં આવી છે. ઉપરાંત વર્ષ ૧૯૨૭માં ગુજરાતના મધ્ય અને ઉત્તર ભાગમાં આવેલા વિનાશકારી પૂરથી પ્રભાવિત લોકોના પુનર્વસનની કામગીરીની રજૂઆત કરી છે. લેખનો મુખ્ય ઉદ્દેશ વિઠ્ઠલભાઈના જીવનના કેટલાક પાસાઓને ઉજાગર કરી તેમના રાષ્ટ્રીય નેતૃત્વને સમજાવવાનો છે. શ્રી વિઠ્ઠલભાઈનો જન્મ ૨૭ સપ્ટેમ્બર ૧૮૭૩માં નડિયાદ મુકામે થયો હતો. એટલે કે તેઓના જન્મને ૧૪૦ વર્ષ પૂર્ણ થયાં. તેઓના પિતા ઝવેરભાઈ અને માતા લાડબાનાં છ સંતાનોમાં તેઓ ત્રીજા ક્રમે હતા. પાંચ ભાઈઓ અને એક બહેનના તેમના પરિવારમાં તેઓ સરદાર વલ્લભભાઈથી ઉંમરમાં મોટા હતા. તેઓના પિતા ઝવેરભાઈ સ્વામિનારાયણ સંપ્રદાયથી અત્યંત પ્રભાવિત હતા. તેને પરિણામે ધાર્મિક ભક્તિભાવનું વાતાવરણ પટેલ પરિવારમાં કેન્દ્રસ્થાને હતું. નડિયાદમાં જન્મેલા વિઠ્ઠલભાઈનું બાળપણ તેમના વતન કરમસદ (જિ. આણંદ)માં વીત્યું.

આપણે જાણીએ છીએ કે વિઠ્ઠલભાઈ એક સફળ વકીલ તરીકે અને કાનૂન વિશેષજ્ઞ હતા. વર્ષ ૧૯૦૪માં ઈંગ્લેન્ડમાં કાયદાનો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ તેઓશ્રીએ અઢી વર્ષમાં સફળ રીતે પૂર્ણ કર્યો. એટલું

જ નહીં, પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને આવ્યા અને પચાસ પાઉઈન્ડનું ઈનામ પણ તેઓને પ્રાપ્ત થયું. ભારત પરત આવી ગોધરા અને બોરસદમાં એક સફળ ફોજદારી વકીલ તરીકે નામના મેળવી. વકીલાતના ક્ષેત્રે ટૂંકા ગાળામાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કર્યા પછી વિઠ્ઠલભાઈએ તેઓની આવડત અને કુશળતાનો ઉપયોગ લોકકલ્યાણ અને દેશાભિમાન અર્થે કર્યો. ઈંગ્લેન્ડના રોકાણ દરમિયાન તેઓનો પરિચય દાદાભાઈ નવરોજી સાથે થયો હતો અને તેને પરિણામે તેઓ બ્રિટિશ શાસન સામે રાજકીય લડત આપવા તત્પર બન્યા. કાયદાની જાણકારી માત્ર રાજકીય ક્ષેત્રે જ સીમિત રાખવાને સ્થાને વિઠ્ઠલભાઈએ સમાજ સુધારણાની દિશામાં બંધારણીય રીતે સક્રિયતા દાખવી. આ દિશામાં સૌપ્રથમ યોગદાન The Hindu Marriages (validity) Bill હતું. પાંચમી સપ્ટેમ્બર ૧૯૧૮ના દિવસે ઈમ્પરિમલ કાઉન્સિલમાં પ્રવેશ બાદ બીજા જ દિવસે તેમણે આ બિલ રજૂ કરવાની પરવાનગી માંગી લીધી.

**આંતરજ્ઞાતિય લગ્નોને સામાજિક અને કાનૂની ટેકોઃ**

હિંદુઓમાં આંતરજ્ઞાતિય લગ્નના પારંપારિક વિરોધ અને ઉધાસીનતાના વાતાવરણમાં ગઈ સદીના પ્રારંભે વિઠ્ઠલભાઈએ એક દૂરગામી સમાજસુધારા તરફ ડગ માંડ્યા. હિંદુઓમાં થતા આંતરજ્ઞાતિય લગ્નમાં કાનૂન આડે ના આવે અને કાનૂન વ્યવસ્થા પ્રોત્સાહક વાતાવરણ પૂરું પાડે એવો હેતુ આ બિલનો હતો. પરંપરાગત હિંદુ કાયદા પ્રમાણે લગ્ન કરનાર વ્યક્તિઓ એક જ જ્ઞાતિના હોવા જોઈએ. વર્ણવ્યવસ્થાના સંદર્ભમાં સમલોમ (સમાન વર્ણમાં) લગ્નને અનુમતિ હતી. અનુલોમ લગ્ન (કહેવાતા ઉચ્ચવર્ણનો પુરુષ કહેવાતા નિમ્ન વર્ણની સ્ત્રી સાથે લગ્ન કરે) અને પ્રતિલોમ લગ્ન (કહેવાતા નિમ્ન વર્ણનો પુરુષ કહેવાતી ઉચ્ચ વર્ણની સ્ત્રી સાથે લગ્ન કરે). તરફ રૂઢિવાદીઓ લાલ આંખ કરતા હતા. આ કારણે આંતરજ્ઞાતિય લગ્ન થયા હોય એવા કિસ્સામાં પતિ-પત્નીના અધિકારો પર તરાપ પડતી. મિલકતના, ભરણપોષણ અને બાળકોનો કબજો મેળવાના પ્રસંગે પરંપરાગત કાનૂન અનેક મુશ્કેલીઓ સર્જતો. વળી બ્રિટિશ શાસન વ્યવસ્થા આવી સમસ્યાઓના સંદર્ભમાં આંતરજ્ઞાતિય લગ્નને રક્ષણ આપવાને સ્થાને રૂઢિવાદી હિંદુઓને ટેકો કરી ધાર્મિક-સામાજિક બાબતોમાં 'માથું



ના મારવું' એવું વલણ દાખવતી. પરિણામે હિંદુઓમાં આંતરજ્ઞાતિય લગ્ન માટ ઉદાસીનતા સેવાતી. આ સ્થિતિમાં પરિવર્તન આણવા અને આંતરજ્ઞાતિય લગ્નોને કાનૂની માન્યતા મળે એ સંદર્ભે વિઠ્ઠલભાઈ હિંદુ મેરેજીસ (વેલિડિટી) બિલ પસાર કરાવવા સજ્જ થયા. આ બિલ સંદર્ભની પ્રક્રિયા અને તેના પરિણામો વિશે જાણીએ એ પૂર્વે વિઠ્ઠલભાઈનો સામાજિક સુધારણા તરફનો લગાવ વિકસિત થયો એ અંગેની પૃષ્ઠભૂમિ સમજીએ. ગુજરાતના ચરોતર વિસ્તારમાં પણ અન્ય પ્રદેશોની જેમ રિવાજોની જડ પરંપરા પ્રભાવી હતી. તેનો વિરોધ કરવાનો વિચાર સુદ્ધાં કોઈને આવતો નહીં. આ વાતાવરણમાં વિઠ્ઠલભાઈ અને તેમના ભાઈ વલ્લભભાઈએ પોતાના જ ઘરમાં સામાજિક કુપ્રથાઓને તોડવાનો પ્રારંભ કર્યો. ૧૯૧૦માં બંને ભાઈઓના પિતા ઝવેરભાઈનું અવસાન થયું ત્યારબાદ બારમાની વિધિના સંદર્ભે જ્ઞાતિભોજનનું આયોજન નક્કી થયું. વિઠ્ઠલભાઈએ તેનો ઈન્કાર કર્યો અને વલ્લભભાઈએ તેને ટેકો કર્યો. મોટાભાઈ અને જ્ઞાતિજનોને તેઓએ વારંવારની વિનંતી અને સમજાવટ કરી, પરંતુ બારમાના પ્રસંગની ઉજવણી અંગે ના તો મોટાભાઈ નરસિંહભાઈ કે ના તો સગાઓ ઝૂક્યા. વિઠ્ઠલભાઈએ જણવારના વિકલ્પ રૂપે મોટી રકમ પણ લોકકલ્યાણના કામ માટે આપવાનું કહ્યું. તેનો પણ વિરોધ થયો. બંને ભાઈઓ

પણ પોતાના સુધારાવાદી વિચારો પર અડગ રહ્યા અને તેના પરિણામે નરસિંહભાઈએ તેઓને કૌટુંબિક મિલકતના અધિકારથી વંચિત કરવાનો નિર્ણય કર્યો. જ્ઞાતિના કુરિવાજો સામેના આ પ્રતિકાર બાદ ખાસ કરીને વિઠ્ઠલભાઈનું મન વતન કરમસદ અને પરિવાર-સગાઓ પરથી ઊઠી ગયું અને ત્યારબાદના વર્ષોમાં કરમસદની અપવાદરૂપ મુલાકાતો થઈ.

માત્ર પોતાની જ્ઞાતિની જડ પરંપરાઓ ઉપરાંત હિંદુઓની જ્ઞાતિવ્યવસ્થાના માળખા પર પણ વિઠ્ઠલભાઈએ વૈચારિક પ્રહાર કર્યા. આ પ્રક્રિયા દરમિયાન દલિતો (હરિજનો)ને સ્વમાન અને સમાનતા લાવવા પણ તેમણે કમર કસી. અહીં મહત્ત્વનું એ છે કે ગાંધીજીની હરિજન કલ્યાણ પ્રવૃત્તિઓથી પણ પહેલાં તેમણે સક્રિયતા દાખવી હતી. તેનો સ્વીકાર ખુદ ગાંધીજીએ વર્ષ ૧૯૧૬ની ગોધરા ખાતેની રાજકીય પરિષદ દરમ્યાન કર્યો હતો. ગાંધીજીનો અક્ષરદેહ, ગ્રંથ-૧૪મા પૃષ્ઠ ૬૪ પર ગોધરાની રાજકીય પરિષદનો (નવેમ્બર ૫, ૧૯૧૭) એહેવાલ પ્રસિદ્ધ થયો હતો. અહેવાલમાં ગાંધીજીના શબ્દો આ રહ્યા, "...હવે હું નામદાર પટેલને બોલવા વિનંતી કરું છું (તાળીઓ." પછી એક ઢેડ યુવાને બોલવાની રજા માગી. તે ગભરાતો ગભરાતો આગળ આવ્યો. તેણે કહ્યું કે હું ભણેલો માણસ નથી. હું ઢેડનો છોકરો છું. હું મારી જાતિ તરફથી આ જનસમુદાયનો આભાર માનું છું અને બાપાજી (શ્રી પટેલ)ને પ્રેમ અને આભારની અંજલિ આપું છું." વિઠ્ઠલભાઈએ એ અરસામાં સાધુ જેવાં વસ્ત્રો પહેરવાનું શરૂ કર્યું હતું. આ સંદર્ભમાં ગાંધીજીએ ગોધરાની રાજકીય પરિષદમાં ભાષણ કરતાં કહેલું, "જેમને ટેકવીને હું ઊભો છું તેમને ઉદ્દેશીને કહું છું કે જો બહારના પોશાક જેવી અંદર પણ સાધુ-વૃત્તિ હશે તો સ્વરાજ વહેલું મળશે. ધારાસભામાં પણ આમ સાધુવેશતી લડત ચલાવશો તો ધારણા વહેલી પાર પડશે." અહીં એ નોંધવું આવશ્યક છે કે વિઠ્ઠલભાઈ આ સભામાં સંન્યાસીના વેશમાં આવ્યા હતા.

આપણે તપાસ્યું કે હિંદુ મેરેજીસ (વેલિડિટી) બિલ રજૂ કરનાર વિઠ્ઠલભાઈ સમાજસુધારાના આગ્રહી હતા. આ દિશામાં તેઓના અનુભવોએ આંતરજ્ઞાતિય લગ્નોને કાનૂની ટેકો મળે એ માટે ધારાસભામાં બિલ રજૂ કરવાનું બીડું ઝડપ્યું. મુંબઈની બે ઘટનાઓએ વિઠ્ઠલભાઈનું ધ્યાન ખેંચ્યું જે આ બિલ માટે પ્રોત્સાહક સાબિત થઈ, આ ઘટનાઓ કાનૂન સંદર્ભે મહત્ત્વની હતી. પ્રથમ કિસ્સામાં કાશી નામની ૧૬ વર્ષની છોકરીએ અન્ય જ્ઞાતિના જમનાદાસ સાથે લગ્ન કર્યું હતું. તેઓના પચ્ચીસ વર્ષના લગ્નજીવન દરમિયાન આઠ સંતાનો પણ થયા. પરંતુ આટલા વર્ષો બાદ પતિએ પત્નીનો ત્યાગ કર્યો. આમ હોવા છતાં કાશીએ નવ વર્ષ સુધી ન્યાય માટે કોર્ટનો આશરો ના લીધો. પરંતુ ગરીબાઈ અને નિઃસહાયતાને કારણે આખરે તેણીએ કોર્ટના દ્વારા ખટખટાવ્યા. બ્રિટિશ તાબાની કોર્ટે જવાબ આપ્યો કે દંપતી ભિન્ન ભિન્ન જ્ઞાતિના હોવાને કારણે હિંદુ કાયદા પ્રમાણે આ લગ્ન જ ગેરકાયદેસર છે. વળી નવ વર્ષ સુધી પતિથી અલગ રહેવાનો મુદ્દો પણ કોર્ટ આગળ કરી કાશીને ન્યાય આપવાનો ઈન્કાર કરી દીધો. બીજો કિસ્સો કલ્યાણસિંઘ (રજપૂત) અને તેની પત્ની લક્ષ્ણી (બ્રાહ્મણ)નો હતો. આ બંનેના આંતરજ્ઞાતિય લગ્ન બાદ લક્ષ્મીના પિયરમાં તેને પતિગૃહેથી બળજબરીથી પરત લઈ આવ્યા. તેને કારણે કલ્યાણસિંઘને કોર્ટ પાસે જવું પડ્યું. પરંતુ કોર્ટે એમ કહી કેસ કાઢી નાખ્યો કે લગ્ન ભલે થયા હોય પરંતુ સમાન જ્ઞાતિનું દંપતી ના હોવાને કારણે કોઈ અધિકાર મળી શકે નહીં. આમ આજથી લગભગ એક સદી પૂર્વે આંતરજ્ઞાતિય લગ્ન કરવું અશક્ય હતું અને જો તે શક્ય બને તો તેને સામાજિક અને કાનૂની સંદર્ભમાં ટકાવવું કઠીન હતું. આ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખી વિઠ્ઠલભાઈએ કાનૂની સુધાર અર્થે પ્રયત્ન કર્યો હતો. તેમની આ પ્રકારની કાનૂની લડતમાં એ સમયના મુંબઈના જાણીતા આર્યસમાજી સુધારક શેઠ રણછોડદાસ લોટેવાલાનો પણ ટેકો મળ્યો.

વિઠ્ઠલભાઈના આ બિલ પૂર્વે વર્ષ ૧૮૭૨માં સર હેન્રી મેઈને ત્યારબાદ શ્રી બાસુએ રજૂ કરેલા 'સ્પેશ્યલ મેરેજ એમેન્ડમેન્ટ બિલ'નો પણ વિરોધ થયેલો. બાસુના બિલનો પ્રતિભાવ આપતાં બ્રિટિશ સરકારે દર્શાવેલું કે માત્ર પોતાની જ જ્ઞાતિમાં લગ્ન કરવાનો રિવાજ માનવીના મૂળભૂત અધિકારનું હનન ના કરતો હોય અને આ રિવાજની સામે મોટાભાગના લોકોનો વિરોધ ના હોય તો કાનૂની દરમિયાનગીરી શા માટે કરવી જોઈએ? એક તરફ બ્રિટિશ સરકારની ઉદાસીનતા અને બીજી તરફ રૂઢિચુસ્ત હિંદુઓની કટ્ટરતાને પરિણામે વિઠ્ઠલબાઈના બિલની સામે ભારે વિરોધ થયો. જ્ઞાતિમાં

જ લગ્ન કરવાના હિંદુઓના જડ વલણને કારણે બાળલગ્નો, બાળવિધવાઓ તેમજ અનૈતિકતાના અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે એવી દલીલ અનેક ઉદાહરણો દ્વારા વિઠ્ઠલભાઈએ ધારાસભામાં કરી હતી. પરંતુ તેઓના વિચારોનો ભારે વિરોધ થયો. વિરોધીઓની દલીલ એ હતી કે આંતરજ્ઞાતિય લગ્નોની તરફેણ કરીને હિંદુ લગ્નોની પવિત્રતાના મૂળમાં કુઠારાઘાત થશે. બ્રિટનની રાણીના ઢંઢેરાનો આધાર લઈ વિઠ્ઠલભાઈના વિરોધીએએ આગ્રહ રાખ્યો કે બ્રિટિશ સરકાર હિંદુઓના સામાજિક જીવનમાં હસ્તક્ષેપ ના કરવાની નીતિને વળગી રહે. જો કે આ પ્રકારના વિરોધને સમાંતર સુધારાવાદી ભારતીય અગ્રણીઓએ વિઠ્ઠલભાઈના પ્રયત્નને ખરા દિલથી બિરદાવ્યો. શ્રી અરવિંદ ઘોષ, શ્રી રવીન્દ્રનાથ ટાગોર અને લાલા લજપતરાયે વિઠ્ઠલભાઈના બિલને આવકાર્યું અને જાહેરમાં તેને ટેકો પણ કર્યો. તા. ૧૯ ડિસે. ૧૯૧૮ના રોજ રવીન્દ્રનાથ ટાગોરે 'ભારત સેવક' માસિકના તંત્રી શ્રી આર.જી. પ્રધાનને પાઠવેલા પત્રમાં જણાવ્યું કે તેઓ શ્રી પટેલના બિલને દિલથી ટેકો કરે છે. તેમણે વિરોધીઓની ભારે ટીકા કરી અને સામાજિક સ્વતંત્રતા અર્થે સૌએ આગળ આવવું જોઈએ એવો નિર્દેશ પણ કર્યો. જ્યારે લાલા લજપતરાયે ન્યૂયોર્કથી પ્રતિભાવ દર્શાવ્યો કે આ બિલનો વિરોધ થઈ રહ્યો છે એ જાણી માથું શરમથી ઝુકી જાય છે. વિઠ્ઠલભાઈના બિલનો વિરોધ અને તરફદારી એ સમયની લોકમાન્ય તિલકની પરંપરાવાદી વિચારસરણી અને મહાત્મા ગાંધીના સુધારાવાદી દૃષ્ટિકોણને સમજવામાં મહત્ત્વનાં છે.

**મુંબઈ રાજ્યમાં પ્રાથમિક શિક્ષણનો અધિકાર:**

વર્તમાનમાં ભારતના બાળકોને ફરજિયાત અને મફત શિક્ષણનો અધિકાર પ્રાપ્ત થયો તેના ઈતિહાસમાં ડોકિયું કરીએ તો અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓનું પ્રદાન રહ્યું છે. તેમાં ગોપાલકૃષ્ણ ગોખલે અને વિઠ્ઠલભાઈ અગ્રસ્થાને છે. મુંબઈ રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત મળે એ માટે વિઠ્ઠલબાઈએ રજૂ કરેલું બિલ (બિલ નં. ૨, ૨૫ જુલાઈ, ૧૯૧૭) ગોખલેએ 'ઈમ્પિરિયલ લેજીસ્લેટિવ કાઉન્સિલ'માં રજૂ કરેલા બિલના આધારે હતું. પરંતુ તેમાં નવું ઉમેરણ પણ કર્યું હતું. એ સમયની બ્રિટિશ નીતિઓથી વાકેફ વિઠ્ઠલભાઈએ સમગ્ર બોમ્બે પ્રેસિડન્સીના સ્થાને મુંબઈ પુરતો ફરજિયાત શિક્ષણ પર ભાર મૂક્યો. જેને કારણે બિલનો અસ્વીકાર નાણાકીય મર્યાદાઓને આગળ કરી ના થઈ શકે. આ બિલમાં એવી વિવિધ બાબતો (clauses)નો સમાવેશ કર્યો જેને કારણે બિલનો દુરુપયોગ ના થાય અને બિલનો મહત્તમ લાભ લાભાર્થીઓને મળે. મુંબઈ કોર્પોરેશનમાં નાણાકીય પ્રશ્નો હોવાથી અને મુંબઈ રાજ્ય સાથે તેના ઉકેલો ના આવી શકે એવું જોતાં વિઠ્ઠલભાઈએ બિલમાં મુંબઈ શહેરને બાદ કરીને અન્ય શહેરી વિસ્તારોનો સમાવેશ કર્યો. સ્થળ સંકોચને કારણે અત્રે આ બિલની ૧૬ વિગતો સમાવી શકાય એમ નથી. પરંતુ આ બિલને સર્વત્ર ખૂબ આવકાર મળ્યો અને તેને કારણે વિઠ્ઠલભાઈની ઓળખ કાયદાના જાણકાર અને શિક્ષણ સુધારાના અગ્રણી તરીકે સમગ્ર ભારતમાં સ્થાપિત થઈ. અહીં એ યાદ રહે કે વિઠ્ઠલભાઈનું શાળાશિક્ષણ થયેલું એ વડોદરા રાજ્યના નરેશ સયાજીરાવ ગાયકવાડે વર્ષ ૧૯૦૬માં ફરજિયાત અને મફત શિક્ષણનો કાનૂન અમલમાં મૂક્યો હતો.

**પૂર રાહત કાર્યમાં અગ્રેસર:**

ગુજરાત અને ગુજરાતીઓએ અનેકવાર કુદરતી હોનારતનો પ્રકોપ ઝીલ્યો છે. વાવાઝોડું, પૂર, દુકાળ કે પછી ધરતીકંપ. કુદરતી પ્રકોપના ઈતિહાસમાં ગુજરાતે માત્ર પોતાને જ રાહત નથી બક્ષી પરંતુ ભારતમાં જ્યાં જ્યાં અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ થઈ હોય ત્યાં મદદ માટે હંમેશાં હાથ લંબાવ્યો છે. આ સંદર્ભમાં વિઠ્ઠલભાઈના પ્રયત્નોએ ગુજરાતમાં અને દેશમાં એક મજબૂત પરંપરા ઊભી કરી છે. વર્ષ ૧૯૨૭માં ખેડા જિલ્લા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદને કારણે નદીઓમાં પૂર આવ્યાં. તા. ૨૫ જુલાઈથી ૨૯ જુલાઈ વચ્ચે ૪૨થી ૫૪ ઈંચ વરસાદ પડ્યો. વિશ્વામિત્રી, શેઢી, વાત્રક, ઘાઘર, સાબરમતી, મેશ્વો અને ખારી નદીઓમાં આવેલા પૂરને કારણે જાનમાલને ભારે નુકસાન થયું. આ વિકટ સ્થિતિમાં વિઠ્ઠલભાઈએ અનેક કાર્યકરો સાથે અને ગાંધીજીના માર્ગદર્શન હેઠળ પૂરરાહત માટે મહત્ત્વનું યોગદાન આપ્યું. ખેડા જિલ્લામાં ૭૨ હજારથી વધુ ઘર તારાજ થઈ ગયાં. આ નુકસાનનો અંદાજ મેળવવા વિઠ્ઠલભાઈએ સાથી કાર્યકરોને લઈ અનેક ગામોમાં સર્વે કરાવ્યો. સંધાણા, માતર અને લાંભવેલમાં જઈ ત્યાંના મુસ્લિમો અને પછાત વર્ગના

લોકોની સ્થિતિ જાણી અને પૂર રાહતનો કાર્યક્રમ ઘડી કાઢ્યો. સપ્ટેમ્બર મહિનામાં આ ગામો ઉપરાંત ખાંધલી, નાપા, દેદરડા અને બોરસદની પણ મુલાકાત લીધી. નુકસાનનો અંદાજ મેળવ્યા બાદ વિઠ્ઠલભાઈએ 'રિલીફ ફંડ' શરૂ કર્યું અને પોતે તેમાં દસ હજાર રૂપિયા આપી શરૂઆત કરી. તારાજી અને ત્યારબાદના પુનર્વસનના કામ માટે મોટી રકમનું ફંડ અનિવાર્ય હતું. આ માટે તેમણે બોમ્બે કાઉન્સિલમાં રજૂઆત કરી 'દુકાળ' માટેના ફંડને પૂર રાહતમાં ફેરવવા અથાગ પ્રયત્નો કર્યા. તેમની અસરકારક રજૂઆતને પગલે સરકારે દુકાળ ફંડમાંથી નાણાં તબદીલ કરી ખેડા જિલ્લાના પૂરગ્રસ્તોની સહાય અર્થે ફાળવ્યા.

એ સમયમાં ભારતના વાઈસરોય ઇરવિનને આ સંદર્ભે જાણ કરી તેઓ પૂરગ્રસ્તોની મુલાકાતે પધારે એવું આયોજન પણ વિઠ્ઠલભાઈએ કર્યું. તેના કરાણે ઇરવિન અને તેમનાં પત્નીએ ખેડા જિલ્લામાં કેટલાક ગામોની મુલાકાત લઈ લોકોના આવેદનપત્રો સ્વીકાર્યા. આ ગામોમાં ડભાણ, સંધાણા, માતર, વાસણા અને ખેડાનો સમાવેશ થાય છે. લોકો અને કાર્યકરોની તેમજ સરકારી કર્મચારીઓની રજૂઆત વાઈસરોય સાંભળે એ માટે વિઠ્ઠલભાઈએ નડિયાદમાં 'ટી પાર્ટી'નું આયોજન કર્યું. વાઈસરોયે આમંત્રણ સ્વીકાર્યું અને હાજરી પણ આપી. આ ઘટના સાથે વિઠ્ઠલભાઈનો દારૂબંધી અંગેનો આગ્રહ કેવો હતો એ જાણવું રસપ્રદ રહેશે. નડિયાદની પાર્ટીના આમંત્રણ સાથે વિઠ્ઠલભાઈએ વાઈસરોયને ૧૨ નવેમ્બર, ૧૯૨૭ના રોજ પત્ર લખીને સ્પષ્ટ કહી દીધું કે તેઓ યજમાન તરીકે મહેમાનને દારૂ નહીં પીરસે. "For several years I have been a staunch advocate of total prohibition and, on principle, I buboo all alchoholic drinks from my table. I hope your Excellency will not mind if I observe that rule on this occusion also." વાઈસરોય ઇરવિને યજમાનની મહેમાનગતિનો સ્વીકાર કરતાં ૧૬ નવે. ૧૯૨૭ના રોજ વિઠ્ઠલભાઈને પ્રતિભાવ આપ્યો, "As regurds the obserance of alchoholic prohibition at your dinner I am ofcourse entirely in your hands and should not dram of doing anything but respect the principels of my host." આ બંને પત્રો એ સ્પષ્ટ કરે છે કે વિઠ્ઠલભાઈની પ્રતિષ્ઠા એ સમયે વાઈસરોય સામે કેટલી ઊંચી હતી. આ માન-સન્માન તેઓશ્રીએ તેમના ઉમદા કામ અને વિદ્વતાથી મેળવ્યાં હતાં. તેનો ઉપયોગ એક તરફ કાર્યકરોને સાથે લઈ પૂરપીડિતોના ઘા રૂઝવવામાં કરી, સાથે સાથે વાઈસરોયને આમંત્રી સરકારી મદદનો અધિકારણ પણ ખેડા જિલ્લાના જનસામાન્ય અને ખેડૂતોને અપાવ્યો.

**દાનવીર વિઠ્ઠલભાઈ:**

વિઠ્ઠલભાઈના જીવનના અનેક તબક્કે તેઓનું દાનવીર ચરિત્ર્ય આંખે ઊડીને વળગે છે. આપણે જોયું તેમ ૧૯૨૭ના પૂરપીડિતોને મદદ માટેના ફંડની શરૂઆત દસ હજાર રૂપિયાના ફાળાથી તેમણે કરી. ગુજરાતમાં બારડોલી સત્યાગ્રહ અને એવા અન્ય સંઘર્ષોમાં પણ દાનનો અવિરત પ્રવાહ વિઠ્ઠલભાઈએ વહાવ્યો. બારડોલી સત્યાગ્રહ સમયે પ્રતિમાસ રૂા. ૧૦૦૦નો ફાળો આંદોલન ચાલે ત્યાં સુધી આપવાનું વિઠ્ઠલભાઈએ ગાંધીજીને કહ્યું. બોરસદમાં શાળાની સ્થાપનાના પાયામાં પણ તેઓશ્રીએ નાણાકીય મદદ કરી.

મહાત્મા ગાંધીજીને લોકકલ્યાણ કામ માટે પોતાના પગારમાંથી નિયમિત ફાળો આપવાનું વિઠ્ઠલભાઈએ નક્કી કર્યું અને આ અંગે પત્ર લખી ગાંધીજીને જણાવ્યું. ગાંધીજીએ આ પ્રકારની નાણાકીય મદદ કેવી રીતે ઉપયોગમાં લેવાશે તે અંગે ૨૫ જુલાઈ, ૧૯૨૬ના રોજ સાબરમતી આશ્રમથી ગાંધીજીએ વિઠ્ઠલભાઈને લખેલો પત્ર નોંધનીય છે.

"પ્રિય વિઠ્ઠલભાઈ,

તમારા પત્રો મળ્યા છે, અને વડી ધારાસભાના પ્રમુખ તરીકેના તમારા પગારમાંથી ત્રણ માસના ફાળા તથા તમને ભેટ આપવામાં આવેલી રૂા. ૫,૦૦૦/-ની થેલીની બાકી સિલક એ મળીને થતી રૂા. ૭,૫૭૫ની રકમ માટેના બધા ચેકો પહોંચ્યા છે. તમે મને 'પ્રજાકલ્યાણને ઉત્તેજન આપે એવા હેતુ અર્થે મને મળી રહે એ રીતે' આ રકમ વાપરવાનું જણાવ્યું છે. એ પત્ર મળ્યા પછી તમે તમારી આ સુંદર ભેટનો ઉપયોગ કરવા વિશેના તમામ વિચારોને રૂબરૂમાં મારી સાથે ચર્ચ્યા છે: મારે ખરેખર શું કરવું એની શોધમાં મેં વિચારો કર્યા, પણ આખરે આ રકમને અત્યારે તો એકઠી થવા દેવી એ ઠરાવ પર હું આવ્યો છું. અને તેથી, ઠીક વ્યાજ મળે

એ દૃષ્ટિએ મેં એ રકમને આશ્રમના એજન્સી ખાતામાં છ મહિના માટે બાંધી મુદતે જમા કરાવી છે.” (સંદર્ભઃ ગાંધીજીનો અક્ષરદેહ, પુસ્તક-૩૧)

આપણે અત્યાર સુધીની ચર્ચામાં જોયું કે શ્રી વિઠ્ઠલભાઈની બહુમુખી પ્રતિભાએ સ્વાતંત્ર્ય સંગ્રામના દિવસોમાં અનેક ક્ષેત્રોમાં પ્રદાન કર્યું. કાયદાનો અભ્યાસ અને વકીલાત માત્ર પોતાની કારકિર્દી પૂરતાં સીમિત ના રાખતાં તેમણે તેનો ઉપયોગ બ્રિટિશરો સામેના સંઘર્ષમાં લોકોની પડખે રહીને કર્યો. ધારાસભામાં એક રાજકીય ચિંતક અને કર્મશીલ તરીકેની ભૂમિકા ભજવી. આ તમામ પ્રતિભાઓમાં ગાંધી વિચાર અને આચાર કેન્દ્રમાં રહ્યા. વિઠ્ઠલભાઈના અંતિમ વર્ષોમાં ગાંધીજીથી વૈચારિક અંતર વધતું ગયું અને સુભાષચંદ્ર બોઝ સાથે સ્વાતંત્ર્ય આંદોલનમાં પગરણ માંડ્યા. આવું વ્યક્તિત્વ તેમનું હોવા છતાં ગુજરાતમાં તેમના ભાઈશ્રી વલ્લભભાઈને જેવું માન-સન્માન મળ્યું તેવું વિઠ્ઠલભાઈને ના મળ્યું. બારડોલી સત્યાગ્રહના ઇતિહાસમાં વલ્લભભાઈ પટેલ તેમની આગવી ભૂમિકાને કારણે છવાયેલા રહ્યા પરંતુ આ સત્યાગ્રહમાં વિઠ્ઠલભાઈની રાજકીય કુનેહ અને રણનીતિ પણ અવિસ્મરણીય છે. તા. ૨ ફેબ્રુઆરી, ૧૯૨૨ના યંગ ઈન્ડિયામાં ‘બારડોલીનો નિર્ણય’ એ મથાળા હેઠળ પ્રસિદ્ધ થયેલ અહેવાલ વિઠ્ઠલભાઈની બારડોલી સત્યાગ્રહની ભૂમિકા સ્પષ્ટ કરે છે. અહેવાલ જણાવે છે, “બારડોલીએ ગંભીર નિર્ણય કર્યો છે. તેણે છેવટનો અને પીછેહઠ ના કરી શકાય એવો માર્ગ પસંદ કર્યો છે. પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલે તાલુકાના પ્રતિનિધિઓની પરિષદ (૨૯ જાન્યુ., ૧૯૨૨) સમક્ષ ચેતવણીરૂપે અસરકારક ભાષણ આપ્યું તેમણે વસ્તુસ્થિતિ સમજાવવામાં કશું બાકી ના રાખ્યું. ૪૦૦૦ ખાદીધારી પ્રતિનિધિઓ હાજર હતા. ચારસો બહેનો પણ હતી અને તેમાંની મોટાભાગનીએ પણ ખાદી પહેરી હતી. તેમને રસ પડ્યો હતો અને તેઓ રસપૂર્વક સાંભળી રહી હતી. જોખમ ખેડનારાં ગંભીર અને જવાબદાર સ્ત્રીપુરુષોની એ સભા હતી.” વિઠ્ઠલભાઈના વ્યક્તિત્વને મહાત્મા ગાંધીજીએ નજીકથી અનુભવ્યું હતું. ગાંધીજીની અનેક પ્રવૃત્તિઓમાં વિઠ્ઠલભાઈ સામેલ હતા. હરિજન કલ્યાણ સંદર્ભે તો વિઠ્ઠલભાઈ ગાંધજીથી પણ બે ડગલાં આગળ વધીને રજૂઆત કરતા. તેઓનું માનવું હતું કે માત્ર હરિજનો સાથે ભોજન લેવાથી તેઓનું કલ્યાણ નહીં થાય. વાસ્તવમાં સદીઓ પુરાણી જ્ઞાતિવ્યવસ્થાની જડ વિચારસરણીમાં ફેરફાર લાવવાથી જ હરિજનો સમાજની મુખ્યધારામાં પ્રવેશી શકે તેવું વાતાવરણ સર્જાશે. વર્ષ ૧૯૨૧ સુધી ગાંધીજીને વિઠ્ઠલભાઈનો મર્યાદિત પરિચય થયો હતો. ત્યારબાદ તો વિઠ્ઠલભાઈએ અનેક ક્ષેત્રોમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. પરંતુ ૧૯૨૧ સુધી મર્યાદિત અનુભવને આધારે ગાંધીજીએ વલ્લભભાઈને વિઠ્ઠલભાઈ વિશે અભિપ્રાય પાઠવ્યો એ રસપ્રદ છે. જુલાઈ ૧૫, ૧૯૨૧ની આસપાસ ગાંધીજીએ વલ્લભભાઈ પટેલને પત્ર લખ્યો હતો.

ભાઈશ્રી વલ્લભભાઈ,

...વિઠ્ઠલભાઈ સાથે પાછી પણ ખૂબ વાતો થયેલી, એ મણિબહેન કે ડાહ્યાભાઈને કહેજો. હું માનું છું કે વિઠ્ઠલભાઈનું ખરું ક્ષેત્ર કાઉન્સિલ છે. તેમનાથી લોકોમાં પેસી, તેમનામાં ભળી સેવા થઈ શકે એમ નથી. તે સેવા કરવા નથી માગતા એમ નથી. પણ એ વસ્તુને તેમણે કેળવી નથી. પેલી કેળવી છે. મને લાગે છે કે બંનેને સારુ નોખા ગુણ જોઈએ છે. મુંબઈમાં વિઠ્ઠલભાઈને કોઈ વગોવે છે એમ તો મેં જોયું જ નથી.

મોહનદાસના વંદે માતરમ્

ગાંધીજીનો વિઠ્ઠલભાઈનો પરિચય ઘણું કહી જાય છે. પરંતુ એ તો માત્ર વર્ષ ૧૯૨૧ સુધીનો જ હતો. ત્યારબાદના વિઠ્ઠલભાઈના પ્રદાનનું વિશ્લેષણ કરીશું તો તેમની બહુમુખી પ્રતિભા અને તેના મહત્ત્વને ન્યાય આપી શકીશું.

(આભારઃ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલના આમંત્રણથી વી.પી. કૉલેજના આશ્રયે યોજાયેલ વીર વિઠ્ઠલભાઈ વ્યાખ્યાનમાળામાં મને વિઠ્ઠલભાઈના જીવન અને કાર્ય વિશે અભ્યાસ-વ્યાખ્યાન આપવાની અમૂલ્ય તક મળી તેના પરિણામે આ લેખ લખી શકાયો છે.)

**સંદર્ભઃ**

૧. Patel, Gordhanbhai I. (1950) VITHALBHAI PATEL: Life and Times (Book one and two), R.A. Morumkar at Shree Laxmi Narayan Press, Bombay.

૨. ગાંધીજીનો અક્ષરદેહ (વર્ષ ૧૯૧૫થી ૧૯૩૦ સુધીના સમયગાળાના ગ્રંથો), નવજીવન પ્રકાશન, અમદાવાદ.

(૧૩/૧૫૨, પરિશ્રમ એપાર્ટમેન્ટ,
વીમાનગર પાસે, સેટેલાઈટ રોડ,
અમદાવાદ – ૩૮૦ ૦૧૫. મો.: ૯૪૨૬૦૬૮૧૮૬)

# વલભીપુરઃ મૈત્રક રાજ્યની રાજધાની અને વિદ્યાધામ

**હરિપ્રસાદ શાસ્ત્રી**

## ગુજરાતની રાજધાનીઓ

ગુજરાતની ઉત્તરોત્તર કાળની રાજધાનીઓનો વિચાર કરીએ, તો સહુ પહેલાં આવે આદ્ય ઐતિહાસિક શાર્યાત વંશની રાજધાની કુશસ્થલી, જેનું મથુરાથી સૌરાષ્ટ્રમાં આવી વસેલા યાદવોએ 'દ્વારવતી' કે 'દ્વારકા' નામે નવનિર્માણ કર્યું. પછી આવે મૌર્ય કાલથી ગુપ્ત કાલ સુધી રાજધાની રહેલું ગિરનાર પર્વતની તળેટી પાસેનું ગિરિનગર. પછી આવે મૈત્રક રાજ્યની રાજધાની બનેલ વલભી કે વલભીપુર. એ પછી આવે ચાવડા, સોલંકી અને સલ્તનત કાલનું અણહિલવાડ પાટણ. પછી આવે સલ્તનત કાલથી ગુજરાતની રાજધાની બની રહેલું અમદાવાદ ને વચ્ચે થોડો વખત ચાંપાનેર. છેવટે આવે ગુજરાત રાજ્યનું વર્તમાન પાટનગર ગાંધીનગર.

વલભી કે વલભીપુર

મગધના ગુપ્ત સમ્રાટોના શાસનનો અંત આવતાં મૈત્રક કુળના પ્રથમ રાજવી સેનાપતિ ભટાર્કે રાજધાની પ્રાચીન વલભીમાં રાખી. એને ત્યારે સામાન્યતઃ 'વલભી' અને ક્યારેક 'વલભીપુર' કહેતા. આ નગર સૌરાષ્ટ્રના પૂર્વ સમુદ્રતટ પાસે આવેલું છે. હાલ ભાવનગરની ખાડી તરીકે ઓળખાતી ખાડીનું બારું ત્યાંથી ૩૩ કિ.મી. જેટલા અંતરે આવેલું છે. પરંતુ પ્રાચીન કાલમાં એ છેક વલભીપુર સુધી ઊંડાણમાં હતું. વલભીપુરની ઉત્તર પશ્ચિમે ઘેલો નદીના બે ફાંટા પડે છે, જે આગળ જતાં જોડાઈ જઈ આ ખાડીમાં ભળી જાય છે. વલભીપુર (૨૨ અંશ ૪૧° ઉ, ૭૨ અંશ ૩૮° પૂ.)ની નજીકનું રેલવે સ્ટેશન ભાવનગરની પશ્ચિમે આવેલું છે.

પ્રાકૃત ભાષામાં વલભીને 'વલહિ' કે 'વલહી' કહેતા. આગળ જતાં એનું તદ્ભવ રૂપ 'વળા' પ્રચલિત થયું. ૧૯૪૫માં 'વળા'ને બદલે 'વલ્લભીપુર' નામ રાખવામાં આવ્યું. પરંતુ એનું ખરું નામ 'વલભીપુર' છે.

'વલભી' નામનું તાત્પર્ય સમજવું મુશ્કેલ છે. સામાન્યતઃ સંસ્કૃત શબ્દકોશોમાં એના બે પ્રકારના અર્થ આપવામાં આવ્યા છેઃ (૧) છાપરું, વાંસવળીઓ વગેરેનું માળણ; (૨) ઘરનો સહુથી ટોચનો ભાગ. જો આ નામ ગગનચુંબી ઈમારતનો અર્થ ધરાવતું હોય, તો 'વલભી' નામ ઊંચી બહુમાળી હવેલી એવો અર્થ સૂચવે. આ નગરી નદીની બે શાખાઓ વચ્ચે આવેલ ઉચ્ચ પ્રદેશ પર વસેલી હોઈ એનાં મકાન ઊંચા મકાનોનાં છાપરાં જેવાં કે મકાનોનાં છાપરાં પરનાં શિરોગૃહ જેવાં દેખાતાં હોઈ 'વલભી' નામે ઓળખાઈ લાગે છે.

## વલભીઃ રાજધાની થતાં પહેલાં

વલભી દ્વારકા, પાટણ, અમદાવાદ કે ગાંધીનગરની જેમ તત્કાલ નિર્માણ પામેલી નવી નગરી નહોતી. એ ઈ.સ. ૪૭૦ના અરસામાં મૈત્રક રાજ્યની રાજધાની બની તે પહેલાં ક્યારનીય અસ્તિત્વ ધરાવતી પ્રાચીન નગરી હતી. જૈન આગમગ્રંથોની એક વાચના ઈ.સ. ૩૦૦ના અરસામાં અહીં થઈ હોઈ, વલભી ત્યારે જૈન સંપ્રદાયની પ્રવૃત્તિઓનું એક મહાન કેન્દ્ર હોવાની પ્રતીતિ થાય છે. બૌદ્ધ સાહિત્ય પણ વલભીને ઈસ્વી ચોથી સદી સુધી લઈ જાય છે. પૌરાણિક તથા જૈન અનુશ્રુતિઓ તો વલભીને છેક ઈ.સ. પૂર્વે ૪થા-૫મા સૈકામાં મૂકે છે. વલભીમાં મળેલા શર્વ ભટ્ટાર્કના સિક્કા મૈત્રક રાજ્યના સ્થાપનાથી પ્રાક્કાલીન છે. વલભીના ખંડેરોમાં બીજા તથા પાંચમા સૈકાની મૃત્તિકામુદ્રાઓ મળી છે. ૧૯૫૦માં ડૉ. સુબ્બારાવે વલભીપુરની સ્થળતપાસ કરી, ત્યારે ત્યાં લાલ ચકચકિત મૃત્પાત્રોના અવશેષ મળેલા, જે ૧લીથી ૪થી સદી સુધીના છે. ૧૯૬૫માં અહીંની પ્રાચીન વસાહતની સ્થળતપાસ

વધુ વિગતે કરવામાં આવી, ત્યારે તેમાં સહુથી જૂની નિશાનીઓ ૧લી-૨જી સદીની જણાઈ હતી. આમ વલભી મૈત્રક રાજ્યની રાજધાની બની તે પહેલાં એ ઓછામાં ઓછાં પાંચ શતક જેટલી પ્રાચીન હતી એ નિર્વિવાદ છે. પુરાતન વલભીના ખંડેરોનું મોટાપાયા પર પદ્ધતિસર પુરાતત્ત્વીય ઉત્ખનન કરવામાં આવે, તો ત્યાંની વસાહતની પ્રાચીનતા પર વધુ પ્રકાશ પડે.

**મૈત્રક રાજ્યની રાજધાનીઃ**

મૈત્રક કુળના સેનાપતિ ભટાર્કે પોતાના રાજ્યની સ્થાપના કરી ત્યારે તેણે એની રાજધાની માટે વલભીની પસંદગી કરી. મૈત્રક વંશના ઇતિહાસ અંગે જૈન પ્રબંધોમાં માત્ર એના અંતને લગતા આનુશ્રુતિક વૃત્તાંત અપાયા છે, પરંતુ સદ્‌ભાગ્યે એ વંશના રાજાઓએ અનેકાનેક ભૂમિદાન આપી એનાં રાજશાસન તામ્રપત્રો પર કોતરાવી આપેલાં. એમાં આપેલી વિગતો પરથી મૈત્રક કાલના ઇતિહાસ વિશે વિપુલ માહિતી ઉપલબ્ધ થાય છે. અત્યાર સુધીમાં આ રાજવંશના ૧૧૫ જેટલાં તામ્રપત્ર મળ્યાં છે. એમાંનાં ૨૩ વલભીપુરમાંથી પ્રાપ્ત થયાં છે. મૈત્રક રાજાઓનાં દાનશાસન પ્રાયઃ રાજધાની વલભીમાંથી ફરમાવેલાં છે.

મૈત્રક વંશમાં એકંદરે ૧૯ રાજા થયા. તેઓએ લગભગ ઈ.સ. ૪૭૦થી ૭૮૮ સુધી અર્થાત્ ૩ સૈકા કરતાં વધુ વર્ષ રાજસત્તા ધરાવી તેઓનાં દાનશાસનોમાં દાતા રાજવીની તથા તેના પુરોગામીઓની પ્રશસ્તિ આપવામાં આવે છે તેમ જ તે તે દાનની મિતિ વલભી સંવતનાં વર્ષોમાં આપી હોય છે. આ વિગતો પરથી મૈત્રક વંશના રાજાઓની વંશાવળી તથા સાલવારી જાણી શકાય છે.

શરૂઆતના બે રાજાઓએ ઔપરારિક રીતે મગધના ગુપ્ત સમ્રાટોનું આધિપત્ય ચાલુ રાખી રાજપદવી ધારણ ન કરી. ત્રીજા રાજા દ્રોણસિંહે પોતાના પરમસ્વામીની અનુમતિથી 'મહારાજ' જેવું રાજબિરુદ ધારણ કરવાની પહેલ કરી (લગભગ ઈ.સ. ૫૦૨). મૈત્રક વંશના ઘણા ખરા રાજાઓ પરમ માહેશ્વર (શૈવ) હતા. તેઓની રાજમુદ્રા શ્રી ભટાર્કનું નામ થતા નંદિનું ચિહ્‌ન ધરાવતી. આ રાજાઓએ અનેક ધર્મિષ્ઠ બ્રાહ્મણોને, થોડાંક દેવાલયોને અને કેટલાક બૌદ્ધ વિહારોને ભૂમિદાન દીધેલાં. મહારાજ દ્રોણસિંહના ઉત્તરાધિકારી મહારાજ ધ્રુવસેન ૧લાનાં ૨૨ દાનશાસન મળ્યાં છે, જે ઈ.સ. ૫૨૫થી ૫૪૪ની મિતિ ધરાવે છે. મહારાજા ગુહસેન (ઈ.સ. ૫૫૫-૫૭૦) મૈત્રક વંશનો પ્રતાપી રાજા હતો. શિલાદિત્ય ૧લા (ઈ.સ. ૫૯૫-૬૧૨) એ 'ધર્માદિત્ય' અવરનામ ધારણ કરેલું. એણે પશ્ચિમ માળવા પર પોતાની રાજસત્તા પ્રસારી. ધ્રુવસેન ૨જો - બાલાદિત્ય ઉત્તરાપથના ચક્રવર્તી રાજા હર્ષવર્ધનનો જમાઈ થતો. એના પુત્ર ધરસેન ૪થાએ પરમભટ્ટારક, મહારાજાધિરાજ અને પરમેશ્વર જેવાં પરંપરાગત મહાબિરુદો ઉપરાંત 'ચક્રવર્તી' બિરુદ ધારણ કર્યું. ખરગ્રહ રાજાએ પણ 'ધર્માદિત્ય' અવરનામ રાખેલું. એની પછીના સર્વ રાજાઓ 'શિલાદિત્ય' નામ ધરાવતા. એમાંના શિલાદિત્ય ૭માના સમયમાં સિંધના અરબ સૂબાએ વલભી પર હુમલો કરી એ નગરીનો નાશ કર્યો ને ત્યાંના રાજવંશનો પણ અંત આણ્યો (ઈ.સ. ૭૮૮). આમ મૈત્રક વંશના રાજાઓએ વલભી રાજધાનીમાં રહી ૩૦૦ કરવાં વધુ વર્ષ રાજ્ય કર્યું. તેઓની સત્તા સમસ્ત સૌરાષ્ટ્ર ઉપરાંત કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને પશ્ચિમ માળા પર પ્રવર્તતી હતી. મૈત્રક વંશના રાજાઓ 'વલભીપતિ' તરીકે ઓળખાતા.

દાનશાસનોમાં વલભીના જે પ્રતિગ્રહીતા બ્રાહ્મણોના નિર્દેશ કરેલા છે તેઓ ભરદ્વાજ, ગાર્ગ્ય અને કૌશિક ગોત્રના છે. તેઓ કૃષ્ણ યજુર્વેદ કે સામવેદનો સ્વાધ્યાય કરતા. કેટલાક બ્રાહ્મણ આનર્તપુર-આનંદપુર (વડનગર) જેવાં દૂરનાં સ્થળોથી અહીં આવીને વલભીના વાસ્તવ્ય (રહેવાસી) બન્યા હતા. મૈત્રકોનાં દાનશાસનોમાં વલભીનાં કોઈ દેવાલયોને દાન દીધાંના નિર્દેશ મળ્યા નથી.

વલભીમાં બૌદ્ધ વિહારો (મઠો)નાં બે મંડલ હતાં. એક ભિક્ષુઓના વિહારોનું અને બીજું ભિક્ષુણીઓના વિહારોનું. ભિક્ષુવિહાર મંડલનું કેન્દ્ર દુદ્ધાવિહાર હતું. દુદ્ધા પરમ ઉપાસિકા હતી. એ મૈત્રક રાજા ધ્રુવસેન ૧લાની ભાગિનેયી (ભાણજી) થતી હતી. ભિક્ષુણીવિહાર મંડલનું કેન્દ્ર હતું યક્ષશૂર-વિહાર. મૈત્રક વંશના ઘણા રાજાઓ આ બૌદ્ધવિહારોને ભૂમિદાન દેતા. મહારાજ ગુહસેને ઉત્તરાવસ્થામાં પોતાને 'પરમઉપાસક' તરીકે ઓળખાવેલો.

વલભીપુરના દાનશાસનોમાં જૈન દેરાસરો કે ઉપાશ્રયોના ઉલ્લેખ આવતા નથી પરંતુ વલભીપુર જૈન સંપ્રદાયનું પણ નામાંકિત કેન્દ્ર હતું. અહીં ઈ.સ. ૩૦૦ના અરસામાં નાગાર્જુનની અધ્યક્ષતા નીચે જૈન આગમગ્રંથોની એક વાચના તૈયાર થઈ હતી. મૈત્રક કાલ દરમિયાન દૈવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે માધુરી વાચના અને વાલભી વાચનાના તુલનાત્મક પાઠ આપી વલભીમાં જૈન આગમનગ્રંથોની સમીક્ષિત વાચના તૈયાર કરી હતી. અહીં શાંતિનાથનું દેરાસર હતું. વલભીનો નાશ થવાની તૈયાર હતી ત્યારે અહીંની અનેક મહત્ત્વની જૈન પ્રતિમાઓ પ્રભાસ પાટણ, શ્રીપાલ, શત્રુંજય, નશહ્રદ અને હારીજ જેવાં સલામત સ્થળોએ ખસેડવામાં આવેલી.

ગુપ્ત કાલ દરમિયાન સૌરાષ્ટ્રમાં મગધનો ગુપ્ત સંવત પ્રચલિત થયેલો, જેનો આરંભ ઈ.સ. ૩૧૯માં થયો હતો. એનાં વર્ષ ચૈત્રાદિ હતાં. ભટાર્કે વલભીમાં રાજ્ય સ્થાપ્યું ત્યારે તેણે સંવત ચાલુ રાખ્યો, પરંતુ એના વર્ષ ચૈત્રાદિ ન રાખતાં અહીંની પ્રથા અનુસાર કાર્તિકાદિ રાખ્યાં. આ સુધારેલી વર્ષગણ્ના ધરાવતો સંવત હવે 'વલભી સંવત' કહેવાયો. એનો આરંભ ઈસ. ૩૧૮માં થયો હોય એ રીતે એનાં વર્ષ ગણાતાં. ગુપ્ત સંવતની જેમ વલભી સંવતના માસ પણ પૂર્ણિમાન્ત હતા.

વલભીમાં કેટલીક યાદનાર સાહિત્યકૃતિઓ રચાઈ હતી. કવિ ભટ્ટિએ વલભીમાં 'રાવણવધ' નામે મહાકાવ્ય રચેલું. એમાં કવિએ એક બાજુ રામચરિતનું કથાનક અને બીજી બાજુ શબ્દશાસ્ત્ર (વ્યાકરણ) તથા કાવ્યશાસ્ત્રના નિયમોનાં ઉદાહરણોને તાણાવાણાની જેમ સંકલિત કરી દ્વિસંધાન દ્વયાશ્રય જેવા અવનવા મહાકાવ્ય પ્રકારનો અવનવો નમૂનો રજૂ કર્યો છે. આ વ્યાખ્યાગમ્ય મહાકાવ્ય પર જયમંગલ અને મલ્લિનાથ જેવા અનેક વિદ્વાનોએ ટીકા લખી છે. આ પ્રકારનું મહાકાવ્ય સંસ્કૃતના વિદ્યાર્થીઓ માટે ઘણું ઉપકારક નીવડેલું. ભદ્રગણિ ક્ષમાશ્રમણે વલભીના શાંતિનાથ દેરાસરમાં 'વિશેષાવશ્યક ભાષ્ય' નામે કૃતિ રચી એમાં જૈન આગમગ્રંથોમાં દર્શાવેલા સર્વ મહત્ત્વપૂર્ણ વિષયોની છણાવટ કરી છે.

ઈ.સ. ૬૩૦ના અરસામાં ચીનના મહાશ્રાવણ યુઆન શ્વાંગે ભારત-પ્રવાસ દરમિયાન પશ્ચિમ ભારતની મુલાકાત લીધી, ત્યારે તેમાં વલભીનો સમાવેશ થયો હતો. એની પ્રવાસ-નોંધમાં એમે જણાવેલું કે વલભીનો રાજા ધ્રુવપટુ (ધ્રુવભટ) તાજેતરમાં બૌદ્ધ ધર્મ પ્રતિ અનુરક્ત થયો છે. દર વર્ષે એ મોટી પરિષદ બોલાવે છે ને સાત દિવસ સુધી અતિ મૂલ્યવાન રત્નો અને ઉત્તમ ભોજન આપે છે. ભિક્ષુઓને એ ત્રણ સવર (વસ્ત્ર) અને આવશ્યક ઔષધિનું દાન દે છે. માળવાના પ્રવાસમાં એણે નોંધેલું કે રાજા શિલાદિત્ય (૧લા)એ પોતાના મહેલની બાજુમાં ભવ્ય બૌદ્ધવિહાર બંધાવ્યો હતો. એમાં એણે સાત બુદ્ધોની પ્રતિમાઓ પધરાવી હતી. આ રાજા ત્રિરત્ન (બુદ્ધ, ધર્મ અને સંઘ) પ્રત્યે ઊંડો આદર ધરાવતો ને અહિંસાનું પૂર્ણ પાલન કરતો.

વલભીપુર પ્રાગ્-મૈત્રક કાલમાં વિદ્યાધામ તરીકે ખ્યાતિ ધરાવતું. અહીંના બ્રાહ્મણ ચાતુર્વિદ્ય કે ત્રૈવિદ્ય તરીકે નામાંકિત હતા. અહીં ગુપ્ત કાલ દરિમયાન ક્ષત્રપકાલીન બ્રાહ્મીલિપિનો વિકાસ થયો હતો ને હવે એમાંથી ગુજરાતી પ્રાદેશિક લિપિનું સ્વરૂપ ઘડાયું હતું. વલભીમાં સંસ્કૃત, પ્રાકૃત અને પાલિ ભાષાનો અભ્યાસ થતો. બાળકને છઠ્ઠા વર્ષથી લિપિવિદ્યા શીખવાતી. વાંચતાંલખતાં થયેલા વિદ્યાર્થીને શબ્દવિદ્યા (વ્યાકરણ), સાહિત્યવિદ્યા, જ્યોતિષવિદ્યા, ચિકિત્સાવિદ્યા, ન્યાયવિદ્યા વગેરેનું શિક્ષણ અપાતું. વલભીમાં નાલંદાના જેવું મોટું વિદ્યાપીઠ હતું. ભારતનાં આ બે વિદ્યાપીઠોમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશદ્વારે જ પરીક્ષા આપવી પડતી. એમાં દસ પરીક્ષાર્થીઓ પૈકી બે-ત્રણ જ સફળ થતા. અહીં આભ્યન્તર વિદ્યાર્થીઓ માટે માધ્યમિક શિક્ષણની પણ જોગવાઈ હતી. વલભી વિદ્યાપીઠ વિશેની આ માહિતી ચીની પ્રવાસી ઈત્સિંગે પોતાના પુસ્તકમાં નોંધી છે.

વલભીમાં કેટલીક મહત્ત્વની સાહિત્યકૃતિઓ રચાઈ હતી. કવિ ભટ્ટિએ વલભીમાં 'રાવણવધ' નામે મહાકાવ્યની રચના કરેલી. એમાં કવિએ એક બાજુ રામચરિતનું કથાનક અને બીજી બાજુ શબ્દશાસ્ત્ર (વ્યાકરણ) તથા કાવ્યશાસ્ત્રના મહત્ત્વના નિયમોનાં ઉદાહરણોને તાણાવાણાની જેમ સંકલિત કરી દ્વિસંધાન કે દ્વયાશ્રય મહાકાવ્યનો અવનવો પ્રકાર પ્રયોજ્યો છે. ૨૨ સર્ગોમાં રચાયેલું આ ભટ્ટિનવ્ય સંસ્કૃત મહાકાવ્યોમાં અનોખી ભાત પાડે છે, કેમ કે એ વિદ્યાર્થીઓ શાસ્ત્રોના

કઠિન નિયમોનાં ઉદાહરણો દ્વારા આ મહાકાવ્યના કથાનક વડે શબ્દશાસ્ત્ર તથા કાવ્યશાસ્ત્રના નિયમોને રસભેર યાદ રાખી શકતા. આ મહાકાવ્ય વ્યાખ્યા-ગમ્ય છે, પરંતુ જયમંગલ અને મલ્લિનાથ જેવા અનેક વિદ્વાનોએ એના પર ટીકા લખી એને સુબોધ બનાવ્યું છે. વલભીમાં જૈન આગમોની વાચના તૈયાર થઈ હતી. મૈત્રક કાલ દરમ્યાન જિનભદ્રગણિ ક્ષમાશ્રવણે ‘વિશેષાવશ્યકભાષ્ય’ લખી એમાં જૈન આગમગ્રંથોમાં દર્શાવેલા સર્વ મહત્ત્વપૂર્ણ વિષયોની છણાવટ કરી હતી. વલભીમાં બૌદ્ધ ધર્મગ્રંથોનું પણ અધ્યયન થતું.

સમુદ્રતટ પર આવેલું વલભીપુર વેપારવણજના મથક તરીકે પ્રાગ્-મૈત્રક કાલથી ખ્યાતિ ધરાવતું. અહીંના સાહસિક વણિક દેશાવરમાં અને મગધ જેવા પ્રદેશોના વણિક વલભીમાં નાવિકપતિ જેવા અતિધનિક વણિક વસતા. યુઆન શ્વાંગે પોતાના પ્રવાસગ્રંથમાં નોંધ્યું છે કે વલભીમાં વસ્તી ઘણી ગીચ છે, અહીં કરોડપતિઓનાં સોએક ઘર છે ને દૂરના પ્રદેશોમાં થતી વિરલ અને અમૂલ્ય ચીજો અહીં વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. કક્ક અને અજિત જેવા વણિકોએ અહીં બૌદ્ધવિહાર બંધાવ્યા હતા. મારવાડના રંક કડકુને કોઈએ મજાકમાં વલભી જવાનું કહ્યું ને એ ખરેખર વલભી આવી ત્યાં વસ્યો. અહીં એ સિદ્ધિઓ વડે અઢળક ધન કમાયો. એની પુત્રી પાસે સુવર્ણની રત્ન-જડિત કાંસકી હતી. એવી રાજાની કુંવરી પાસેય નહોતી.

**વલભી-ભંગ પછીઃ**

પરંતુ મહારાજાધિરાજ શિલાદિત્ય ૭માના રાજ્યકાલ દરમિયાન વિ.સં. ૮૪૫માં વલભીનો નાશ થયો. ત્યાંના રાજવંશનો તથા ત્યાંની જાહોજલાલીનો અંત આવ્યો. ત્યાંનાં ભવ્ય દેવાલયો, વિહારો, દેરાસરો, હવેલીઓ વગેરે સ્થાપત્યકીય સ્મારકો નામશેષ થઈ ગયાં. વલભીના રાજકુળના ભાયાતો આસપાસનાં સ્થાનોમાં શાસન કરવા લાગ્યા. જ્યાં અગાઉ આનંદપુર (વડનગર) જેવાં દૂરનાં સ્થળોના બ્રાહ્મણ વતન તજી વસવા આવતા, તે વલભીના બ્રાહ્મણો તથા કાયસ્થો હવે વલભીથી સ્થળાંતર કરી અન્યત્ર વસવા લાગ્યા. વલભીના કેટલાક ભાગમાં વહેલી મોડી વસ્તી રહી, જ્યારે એના બાકીના ભાગ ખંડેર હાલતમાં રહ્યા. સમય જતાં ‘વલભી’ કે ‘વલહી’નું રૂપાંતર ‘વળા’ પ્રચલિત થયું ને વળાના વતનીઓ ‘વાળા’ તરીકે ઓળખાયા. કોઈ વાળા ભાયાત વંથળીમાં સત્તારૂઢ થયા, તો કોઈ તળાજામાં. સોલંકી કાલમાં આચાર્ય હેમચન્દ્રની સાથે સૌરાષ્ટ્રની યાત્રાએ આવેલા મહારાજા કુમારપાળે વલભીની મુલાકાત લઈ ત્યાં ઋષભદેવ તથા પાર્શ્વનાર્થનાં બિંબ ધરાવ્યાં.

**વળાના ગોહિલોઃ** ઈ.સ. ૧૨૬૦ના અરસામાં વળા ગોહિલ રાજા રાણોજીએ જીતી લીધું. ગુજરાતમાં મુસ્લિમ હકૂમત સ્થપાતાં વળામાં પહેલાં દિલ્હી સલ્તનતની, પછી ગુજરાતની સલ્તનતની ને છેવટે મુઘલ બાદશાહોની હકૂમત પ્રવર્તી. ઔરંગઝેબના મૃત્યુ (ઈ.સ. ૧૭૦૭) બાદ સિહોરના ગોહિલ રાજા ભાવસિંહજીએ વળા જીતી લીધું ને ત્યાં પોતાના બીજા પુત્ર વીસોજીને સત્તારૂઢ કર્યા. વીસોજી અને એના વંશજોએ પોતાના સંસ્થાનનો વિસ્તાર કર્યો. એમાંના મયાભાઈ વળા રાજ્યની બલિષ્ઠ અને સમૃદ્ધ બનાવ્યું. એમના રાજ્યકાળ દરમિયાન ઈ.સ. ૧૮૦૭માં કર્નલ વોકરનું ‘સેટલમેન્ટ’ અમલમાં આવ્યું. એ અનુસાર વળા સંસ્થાનને ત્રીજો દરજ્જો મળ્યો ત્યારે એમાં ૪૦ ગામનો સમાવેશ થતો હતો.

ગુજરાતમાં સર્વત્ર પાશ્ચાત્ય ઢભની વિવિધ સુવિધાઓ થવા લાગી. વળામાં પણ વહેલામોડા પ્રાથમિક શાળા, કન્યાશાળા, માધ્યમિક શાળા, સાર્વજનિક પુસ્તકાલય, સાર્વજનિક ઔષધાલય, પોસ્ટ ઓફિસ, વોટર વર્ક્સ, સ્ટેટ ટ્રાન્સપોર્ટ વગરે અર્વાચીન સુવિધાઓ સ્થપાઈ. ૧૯૪૭માં ભારતને રાજકીય સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું. ૧૯૪૮માં સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્યનો આરંભ થયો. વળા સંસ્થાન ગોહિલવાડ જિલ્લામાં મુકાયું. ૧૯૫૬માં સૌરાષ્ટ્રને દ્વિભાષી મુંબઈ રાજ્યમાં ભેળવી દેવાયું. ૧૯૬૦માં મુંબઈ રાજ્યનું વિભાજન થયું ને ગુજરાત રાજ્યની રચના થઈ. દરમિયાન ભાવનગરમાં દક્ષિણામૂર્તિ વિનયમંદિર સ્થપાયું હતું. વળાના વતની શ્રી ગિજુભાઈ બધેકાએ એમાં મોન્ટેસોરી પદ્ધતિનું બાલમંદિર સ્થાપ્યું હતું એ ‘મુછાળી મા’ કહેવાતા શિક્ષકે પૂર્વ-પ્રાથમિક શિક્ષણને નવું બાલસાહિત્ય રચી સંગીન બનાવ્યું. ૧૯૪૫માં ‘વળા’નું નામ બદલી ‘વલ્લભીપુર’ કરાયું. એની ખરી જોડણી ‘વલભીપુર’

છે. ગુજરાત રાજ્યમાં વલભીપુર ભાવનગર (જિલ્લાના વલભીપુર મહાલનું વડું મથક બન્યું.

**પુરાતન અવશેષોઃ** મધ્ય કાલ તથા અર્વાચીન કાલ દરમિયાન વલભીની અવદશા થઈ, પરંતુ એ પ્રાચીન નગરીનાં ખંડેરોમાં મળતા પુરાતન અવશેષોને લીધે પુરાતત્ત્વીય દૃષ્ટિએ મહત્ત્વ ધરાવતી રહી.

અર્વાચીન કાલમાં વલભીમાં ખંડેરોનું વર્ણન ફોર્બ્સે 'રાસમાળા' (૧૮૫૬)માં કરેલું. એમાં ત્યાંની મોટી જૂની ઈંટો, મોટાં શિવલિંગો અને નંદિ-પ્રતિમાઓ ખાસ નોંધપાત્ર છે. બોમ્બે ગેઝેટિયરના ગ્રંથ ૮; કાઠિયાવાડ (૧૮૮૪)માં વળાનાં ખંડેરોમાં જૂના સિક્કા, તામ્રપત્રો, માટીની મુદ્રાઓ અને નાની પ્રતિમાઓ મળતી હોવાનું નોંધાયું છે. એ પછી ૧૮૯૬માં બોમ્બે ગેઝેટિયરનો ગ્રંથ ૧ ૧૮૯૬માં પ્રકાશિત થયો, ત્યારે તેમાં પણ વલભીનાં ખંડેરોમાં મળતા વિવિધ પુરાતન અવશેષોની નોંધ લેવાઈ.

૧૯૧૪-૧૫ના અરસામાં વળામાં પાંચ પ્રાચીન ધાતુ-પ્રતિમાઓ મળેલી. ૧૯૩૦માં ફાધર હેરાસે વળાના ઘોડાદમન કુંડ પાસે થોડું ખોદકામ કરાવેલું, ત્યારે ત્યાંથી માટીના વાસણ, માટીનાં મુદ્રાંક, નંગો, મણકાઓ, બંગડીઓ, પ્રતિમાઓ ઇત્યાદિ વિવિધ પ્રાચીન અવશેષ નીકળેલા, તે મુંબઈની એમની સંસ્થામાં સંગ્રહિત કરાયા. ૧૯૫૦માં ડૉ. સુબ્બારાવે વલભીપુરમાં સ્થળતપાસ કરીને ત્યાં લાલ ચકચકિત વાસણોના અવશેષ મળતા હોવાનું જણાવ્યું. ૧૯૬૩માં સાંકળિયા, નાણાવટી અને અનસારી સાથે ર. ના. મહેતાએ ત્યા વધુ સ્થળતપાસ કરી એનો વિગતવાર અવેહાલ પ્રકાશિત કર્યો. આ સ્થળતપાસ દરમિયાન અહીં મૃત્પાત્રોના અનેક પ્રકાર મળેલા. એ ઉપરાંત શંખની બંગડીઓ, પથ્થરનાં ઓજારો અને નિસાતરાઓ જેવા અન્ય અવશેષ પણ પ્રાપ્ત થયેલાં. અહીં ૩૭.૫ X ૨૨.૫ X ૬.૨૫ સે.મી.ના કદની મોટી ઈંટો ઠેકઠેકાણે નીકળે છે. ખંડેરોનો બહોળો વિસ્તાર ધરાવતા આ પ્રાચીન નગરના સ્થાપનમાં મોટા પાયા પર વ્યવસ્થિત ઉત્ખનન કરવામાં આવશે ત્યારે એના વિસ્તાર, નગર-આયોજન, સ્થાપત્યકળા, સ્મારકો, હુન્નર ઉદ્યોગો વગેરે વિશે વિશેષ માહિતી સાંપડશે.

**સંદર્ભસૂચિઃ**


આચાર્ય ગિ.વ. (સંપા.)ઃ ગુજરાતના ઐતિહાસિક લેખો, મુંબઈ, ભાગ-૧ (૧૯૩૩), ભાગ-૨ (૧૯૧૩૫) અને ભાગ-૩ (૧૯૪૨)

Bhagvanlal & Jackson: Bombay Gazetteer, Vol-1, Pt.1, Bombay, 1986. Mehta R.N.: 'Valabhi of the Maltrakas', Journal of the Orlental Institute, Vol. XIII, pp. 241 ft (Baroda, 1964)

પરીખ ર. છો. અને શાસ્ત્રી હ.ગં. (સંપા.)ઃ ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, અમદાવાદઃ ગ્રંથ ૩ (૧૯૭૪) ગ્રંથ ૪ (૧૯૭૬), ગ્રંથ ૬ (૧૯૭૯), ગ્રંથ ૭ (૧૯૮૧)

શાસ્ત્રી હરિપ્રસાદ ગં.: મૈત્રકકાલીન ગુજરાત, ભાગ-૧-૨, અમાદવાદ, ૧૯૫૫

'વલભી', ગુજરાતનો રજાકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ ૩, પ્રકરણ ૨, અમદાવાદ, ૨જી આવૃત્તિ, ૨૦૦૪

શાસ્ત્રી હ.ગં. અને પરીખ પ્ર.ચિ. (સંપા.)ઃ ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ અમદાવાદ ગ્રંથ ૮ (૧૯૮૪), ગ્રંથ ૯ (૧૯૮૭)

Shastri H.G.: A historical and clutural study of the Inscriptions of Gujarat, Ahmedabad, 1989

Gujarat under the maitrakas of Valabhi, Vadodara, 2000



(ભો.જે વિદ્યાનભવના નિયામક ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનો આ સંશોધન લેખ તેજસ્વિની, ફેબ્રુઆરી ૨૦૦૬માંથી સાભાર લીધો છે.)



(૨૦૨, અંશ રિસિડેન્સી, નરનારાયણ સોસાયટી,
પંજાબી હોલની બાજુમાં, નવરંગપુરા,
અમદાવાદ – ૩૮૦ ૦૦૯. ફોનઃ ૦૭૯૨૬૪૦૨૩૩૬)

# વલભીઃ ગુજરાતનું આદિ વિશ્વવિદ્યાલય

જયશ્રી દવે

ભારતવર્ષના ઇતિહાસમાં અતિ પ્રાચીનકાળથી વિદ્યાનો અવિચ્છિન્ન પ્રવાહ વહાવનાર નાનાં મોટાં અનેક વિદ્યાધામોના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. એવા પણ નિર્દેશો મળે છે કે વેદ ઉપનિષદ્કાલીન બ્રહ્મનિષ્ઠ ઋષિઓ તથા કુલપતિ કણ્વ અને શૌનક પોતાના કુલપતિપદ હેઠળ દશ હજાર બ્રહ્મચારી (શિષ્યો)ને અન્ન-નિવાસ-દાનસહિત અન્ય આવશ્યક સુવિધાઓ પૂરી પાડી અધ્યાપનકાર્ય કરાવતા હતા. એ જ પ્રકારે તથાગત બુદ્ધના ધાર્મિક હેતુઓને કેન્દ્રમાં રાખીને વિકસાવાયેલા વિહારો કે મઠો પણ આરંભે વિદ્યાનાં કેન્દ્રો અને પછી ક્રમશઃ ખ્યાતિપ્રાપ્ત વિદ્યાપીઠોના સ્વરૂપે સુવિકસિત થઈ ગયેલાં જોવા મળે છે. આવાં વિશ્વવિદ્યાલયો કે વિદ્યાપીઠોમાં તક્ષશિલા, નાલંદા, વિક્રમશીલા, વલભી, જગદ્દલ, ઉદન્તપુરી અને તામ્રલિપ્તિનાં નામ સર્વાધિક નોંધપાત્ર છે. આ વિશ્વિવિદ્યાલયો સમગ્ર ભારતવર્ષમાં જ્ઞાનનો પ્રકાશ રેલાવી રહ્યાં હતાં. આ પૈકી વલભી વિશ્વવિદ્યાલયની જ્ઞાનજ્યોત પશ્ચિમ ભારતના ગુજરાતમાં ઉદયમાન થઈ સમગ્ર ભારતવર્ષને આલોકિત કરી રહી હતી.

**ઉદ્ભવઃ** ગજની યા ગૈની એવું પ્રાચીન નામ ધરાવતું અને ગુજરાતના સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં આજના ભાવનગરની વાયવ્યમાં અઢાર માઈલ દૂર આવેલું વલભીપુર યા વલભી આજે 'વળા' નામના નાનકડા ગામ તરીકે અવસ્થિત છે. પ્રચલિત દંતકથા અનુસાર વિજયસેન નામના ક્ષત્રિયે ઈ.સ.ની ત્રીજી સદીની આસપાસ વલભીનગરની સ્થાપના કરી હતી. ઈ.સ. ની ચોથી-પાંચમી સદીમાં વલભી પશ્ચિમ ભારતનું પ્રસિદ્ધ આંતરરાષ્ટ્રીય બંદર હોવા ઉપરાંત શિક્ષણ અને સંસ્કૃતિનું કેન્દ્ર હતું, જે લગભગ છ ચોરસ માઈલના ક્ષેત્રફળમાં વિસ્તરેલું હતું. જ્યાં વિશ્વપ્રસિદ્ધ વિદ્યાધામ નાલંદાની સ્પર્ધા કરતું એક વિશ્વવિદ્યાલય કાર્યરત હતું. વેપારઉદ્યોગનું કેન્દ્રસ્થાન હોવાથી ધનસંપત્તિ અને માનવવસવાટથી આબાદ થયેલું આ નગર બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન ધર્મોની પ્રવૃત્તિનું પણ મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બની ચૂક્યું હતું. મૈત્રક રાજાઓનાં દાનશાસનોથી જણાય છે કે, મૈત્રક રાજવંશના સ્થાપક સેનાપતિ ભટ્ટાર્કે ઈ.સ.ની પાંચમી સદીમાં વલભીમાં એક મહાવિહારની સ્થાપના કરી હતી. આ પછી સેનાપતિ ભટ્ટાર્ક તરફથી પ્રેરણા અને પ્રોત્સાહન પ્રાપ્ત થતાં વલભી બૌદ્ધ ધર્મના સ્થવિરવાદ (થરવાદ) સંપ્રદાયના અભ્યાસનું મુખ્ય અને મહત્ત્વનું કેન્દ્ર બની ગયું હતું. વલભી વિદ્યાપીઠના સ્થાપક સેનાપતિ ભટ્ટાર્કના પુત્ર ધ્રુવસેનના સમય (ઈ.સ. ૫૨૦-૫૫૫)માં ધ્રુવસેનની બહેનની પુત્રી (ભાણેજ) રાજકુમારી દદ્દાએ ત્યાં સર્વ પ્રથમ એક મહાવિહારનું નિર્માણ કરાવ્યું હતું. આ મહાવિહારમાં અસંખ્ય ધર્મગ્રંથોનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. ધર્મપ્રિય રાજા ધ્રુવસેન વગેરે દ્વારા વિપુલ માત્રામાં ભૂમિદાનો પ્રાપ્ત થવાના કારણે પછી તો વલભીમાં અનેક વિહારોનું નિર્માણ થવા લાગ્યું. વલભીના એક અન્ય 'ભિક્ષુણી વિહારમંડળ' નામે વિખ્યાત વિહારમાં અસંખ્ય અમૂલ્ય ગ્રંથો તથા હસ્તપ્રતોનો સંગ્રહ કરવામાં આવ્યો હતો, જેમાં ભિક્ષુણીઓના ધાર્મિક શિક્ષણનો પ્રબંધ કરવામાં આવ્યો હતો. આ બધા વિહારોમાં યક્ષસૂરે બંધાવેલ વિહાર કેનદ્રસ્થાને હતો. વલભીમાં આચાર્યોએ નિર્માણ કરાવેલા વિહારોના પણ ઉલ્લેખો મળે છે, જેમ કે આચાર્ય વિમલગુપ્તે એક વિહાર બંધાવ્યો હતો. રાજા ધ્રુવસેન પ્રથમ દ્વારા અનુદાન પ્રાપ્ત થતાં વલભીના નામાંકિત આચાર્ય ભદન્ત સ્થિરમતિએ 'બપ્પપાદ' નામના વિહારનું નિર્માણ કરાવ્યું હતું. આચાર્ય અચલ કે આચારે બંધાવેલ એક વિશાળ વિહારમાં રહીને પ્રખર બૌદ્ધ વિદ્વાનો સ્થિરમતિ અને ગુણમતિએ અનેક લોકપ્રિય ગ્રંથોની રચના કરી હતી. થોડા વખત પછી આચાર્ય બુદ્ધિદાસે પણ તેની સમીપમાં એક વિહારનું નિર્માણ કરાવ્યું. ચીની યાત્રી હ્યુએનત્સાંગ (ઈ.સ. ૬૩૦-૬૪૪)એ જણાવ્યા અનુસાર સમ્રાટ હર્ષવર્ધનના જમાઈ અને માળવાના રાજા શિલાદિત્યના ભત્રીજા ધ્રુવ ભટ્ટની છત્રછાયામાં વલભીમાં સોએક બૌદ્ધવિહારોમાં લગભગ ૬૦૦૦ હીનયાની બૌદ્ધ ભિક્ષુઓ નિવાસ કરતા હતા.

**ધર્મસહિષ્ણુતાનું કેન્દ્ર વલભીઃ** વલભી વિદ્યાપીઠ એની સર્વધર્મ સહિષ્ણુતા માટે પ્રખ્યાત હતી. તે એક પ્રસિદ્ધ જૈન અભ્યાસ કેન્દ્ર હતું. ઈ.સ. ૪૫૩-૪૬૬

દરમિયાન શ્રમણ દેવર્ધિગણિની અધ્યક્ષતામાં મળેલી શ્વેતામ્બર ધર્મસભાએ શ્વેતામ્બર સંપ્રદાયના ધાર્મિક સિદ્ધાંતોનું પુનર્સંકલન અને પ્રકાશન કર્યું હતું. ઈ.સ. ૩૦૦માં અહીં નાગાર્જૂનસૂરિની અધ્યક્ષતામાં જૈન આગમોની વાચનાઓ તૈયાર કરવામાં આવી હતી. અહીં જ જૈન આચાર્ય મલ્લવાદીએ ઈ.સ.ની ચોથી સદીમાં બૌદ્ધ વિદ્વાનો પર વાદવિવાદમાં વિજય મેળવ્યો હતો.

મૈત્રકાલીન દાનશાસનો પરથી માલૂમ પડે છે કે વલભી માત્ર જૈન કે બૌદ્ધસંપ્રદાયનું વિદ્યાકેન્દ્ર જ ન હતું. પરંતુ વાદવિવાદનું પણ મહત્ત્વનું કેન્દ્રસ્થાન હતું. મૈત્રકરાજાઓએ આપેલા દાનના ગ્રહણકર્તાઓમાં જે બ્રાહ્મણોનો ઉલ્લેખ થાય છે, તે પૈકી કેટલાકનો 'ચાતુર્વિદ્યા' અર્થાત્ ચાર વિદ્યાઓના જ્ઞાતા તરીકે, જ્યારે અન્ય કેટલાક બ્રાહ્મણોનો ઉલ્લેખ 'ત્રૈવિદ્ય' અર્થાત્ ત્રણ વિદ્યાઓના જ્ઞાતા તરીકે થયેલો જોવા મળે છે. પરંપરા અનુસાર ત્રણ વિદ્યાઓમાં આન્વીક્ષકી (તર્કવિદ્યા), ત્રયી (ત્રણવેદો),. અને દંડનીતિનો સમાવેશ થયો હતો, જ્યારે ચાર વિદ્યાઓમાં આ ત્રણ ઉપરાંત વાર્તા અર્થાત્ કૃષિ, પશુપાલન અને વેપારનો પણ સમાવેશ થયો હતો. આ ઉપરથી વિદ્વાનોનું અનુમાન છે કે વલભીમાં ચાર વિદ્યાઓ અને ત્રણ વિદ્યાના જ્ઞાતા બ્રાહ્મ્ણોની 'પર્ષદ' યા 'પરિષદમંડળ' હશે. એવા પણ ઉલ્લેખો ઉપલબ્ધ થાય છે કે, ઈ.સ.ની ચોથી સદીના અંતભાગે કે પાંચમી સદીના આરંભકાળે વલભીના વતની પ્રસિદ્ધ વેદજ્ઞ સ્કંદસ્વામીએ 'ઋગ્વેદભાષ્ય'ની અને યાસ્કના નિરુક્ત વેદાંગ પર 'નિરુક્ત ટીકા'ની રચના કરી હતી. જેનાથી એ હકીકતની પુષ્ટિ થાય છે કે વલભી વેદવિદ્યાનું પણ મહત્ત્વનં વિદ્યાકેન્દ્ર હતું.

**વિદ્યાર્થીઓઃ** ચીનીયાત્રી ઇંત્સિંગ અનુસાર નાલંદાની જેમ જ વલભીમાં પણ દેશવિદેશના વિદ્યાર્થીઓ અધ્યયન અર્થે આવતા હતા. આમ વલભી ઉચ્ચશિક્ષણ માટેની વિશિષ્ટ પ્રકારની વિદ્યાપીઠ હતી. તક્ષશિલાની જેમ એમાં વિદ્યાર્થીઓ વિદ્યા મેળવવા નહીં પણ વિદ્યા પરિપૂર્ણ કરવા આવતા. અલબત્ત, એમાં અભ્યંતર (અંદરના) વિદ્યાર્થીઓ માટે માધ્યમિક શિક્ષણની પણ જોગવાઈ હતી. અહીં પણ નાલંદા વિદ્યાપીઠની જેમ જ પ્રવેશ માટે પરીક્ષા લેવામાં આવતી હતી, જેનું ધોરણ અત્યંત કડક હોવાથી દસ વિદ્યાર્થીઓમાંથી ભાગ્યે જ બે યા ત્રણ વિદ્યાર્થીઓ સફળ થઈ વિદ્યાપીઠમાં પ્રવેશ પ્રાપ્ત કરી શકતા હતા. પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ નાલંદાની જેમ જ બે કે ત્રણ જ વર્ષમાં બૌદ્ધ, ન્યાય અને દર્શનનું ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરી લેતા, પછી નાલંદાના છાત્રોની જેમ જ પોતે પ્રતિષ્ઠિતો, સામંતો અને રાજાના દરબાર સમક્ષ ઉપસ્થિત થતા, પોતાની બુદ્ધિપ્રતિભા અને સામર્થ્યને સિદ્ધ કરતા, પોતાના સિદ્ધાંતો રજૂ કરતા અને વહીવટી બુદ્ધિમત્તાનું પ્રાવીણ્ય સિદ્ધ કરી ઉચ્ચ પ્રશાસનિક પદો પ્રાપ્ત કરતા. અન્ય વિદ્યાસ્નાતકોને જીવનનિર્વાહ માટે વ્યવસાય શરૂ કરવા માટે વિદ્યાપીઠો તરફથી આર્થિક સહાય આપવામાં આવતી હતી.

વલભીની અધ્યયન-અધ્યાપન ક્ષેત્રની ખ્યાતિથી આકર્ષાઈને દૂરદૂરના દેશવિદેશોમાંથી વિદ્યાર્થીઓ પણ અહીં ખેંચાઈ આવતા. પ્રાચીન સંસ્કૃત ગ્રંથ 'કથાસરિત્સાગર'થી જાણવા મળે છે કે છેક અન્તર્વેદી (ગંગાપ્રદેશ)ના બ્રાહ્મણો પોતાના સંતાનોને વલભી શિક્ષણ અર્થે મોકલતા. આ ગ્રંથમાં પ્રાપ્ત ઉલ્લેખ અનુસાર વસુદત્ત નામના બ્રાહ્મણે પોતાના વિષ્ણુદત્ત નામના પુત્રને વિદ્યાભ્યાસ માટે 'વલભીપૂરમ' મોકલ્યો હતો. આ ઉલ્લેખ દર્શાવે છે કે પુત્રહિતેચ્છુ બ્રાહ્મણપિતાને પોતાના નિવાસ સ્થાનથી નજીક આવેલાં બનારસ (કાશી) કે નાલંદા જેવાં પ્રથિતયશસ્ વિદ્યાધામો પોતાના પુત્રના વિદ્યાભ્યાસ માટે એટલાં સુયોગ્ય નહીં જણાયાં હોય, જેથી તેણે જોખમ લઈને વલભી જેવા અત્યંત સુદૂરવર્તી વિદ્યાકેન્દ્રોમાં પોતાના માત્ર સોળ વર્ષની વયના પ્રિય પુત્રને વિદ્યાભ્યાસ માટે મોકલ્યો હશે. આ ઉપરાંત બંગાળથી પણ વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે વલભી આવતા હોવાના પણ ઉલ્લેખો મળે છે.

**વિદ્યાર્થીઓની નિકષગ્રાવા વિદ્યાપીઠઃ** વલભી જેમ ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવાં ઇચ્છુક વિદ્યાર્થીઓના આકર્ષણનું કેન્દ્ર હતું, તેમ દેશવિદેશના વિદ્વાનોની વિદ્વતાના 'નિકષગ્રાવા' તરીકે પણ એમની ભારે નામના હતી. ઇંત્સિંગ અનુસાર વિવિધ દેશના પ્રકાંડ પંડિતો અહીં શાસ્ત્રાર્થ માટે એકત્રિત થતા હતા. જૂના અને નવા ધર્મગ્રંથોનો જેમણે બરાબર અભ્યાસ કર્યો હોય, તેમને જ વલભીની આવી વાદ સભામાં પ્રવેશ માટે યોગ્ય ગણવામાં આવતા. આ વાદ સભામાં વિદ્વાનો પોતાના સંભવિત અને અસંભવિત સિદ્ધાંતો પર વાગ્યુદ્ધ કરતા. આ વાગ્યુદ્ધમાં વિજેતા બની

પોતાના મતની શ્રેષ્ઠતા એ સત્યતાનું પ્રતિપાદન કરનારા વિદ્વાનોની કીર્તિગાથા દિગંતોમાં પ્રસરતી. કદરદાન રાજવીઓ તેમને ભૂમિદાન આપી સન્માનિત કરતા. આવા વાદવિજેતા વિદ્વદ્વરોનાં નામ, નાલંદાની પરિપાટી અનુસાર વલભી વિશ્વવિદ્યાલયના પ્રવેસસ્થાન પર તોરણદ્વારે શ્વેતાક્ષરોમાં અંકિત કરવામાં આવતાં. વિદ્વાન આચાર્યોની પંક્તિમાં તેમને અમર નામના પ્રાપ્ત થતી.

**પાઠ્યક્રમઃ** વલભી વિશ્વવિદ્યાલય મુખ્યત્વે હીનયાન બૌદ્ધધર્મનું પ્રતિષ્ઠિત વિદ્યાકેન્દ્ર હોવા છતાં એ એની સર્વધર્મસહિષ્ણુતા તથા બૌદ્ધિક સ્વાતંત્ર્ય માટે પ્રખ્યાત હતું. અલબત્ત સામ્મીતીય બૌદ્ધ સિદ્ધાંતોને અહીં અગ્રતા અપાતી હતી. બૌદ્ધધર્મના સંપ્રદાયના અભ્યાસની સાથે સાથે અહીં તુલનાત્મક ધર્મો, શબ્દવિદ્યા, ન્યાયવિદ્યા, અભિધર્મ (શ્રેષ્ઠ ધર્મતત્ત્વ)વિદ્યા, કૃષિ, અર્થશાસ્ત્ર, શિલ્પવિદ્યા, સાહિત્ય, ષડદર્શન, રાજનીતિશાસ્ત્ર તથા ચિકિત્સાવિદ્યા વગેરે વિષયોના ઉચ્ચશિક્ષણની પણ ઉત્તમ વ્યવસ્થા હતી. ચીનીયાત્રી ઈત્સિંગ જણાવે છે તેમ વિદ્યાર્થીઓ અહીં પાણિનિકૃત વ્યાકરણ, જયાદિત્યની કાશિકાવૃત્તિ, ભર્તૃહરિના ગ્રંથો અને અશ્વઘોષના બુદ્ધચરિત મહાકાવ્યનું અધ્યયન વિશેષરૂપે કરતા હતા. પ્રાપ્ત વિવરણથી એવું સિદ્ધ થાય છે કે, વલભી વિદ્યાપીઠ પણ તક્ષશીલા વિદ્યાપીઠની જેમ જ આધુનિક અર્થમાં કોઈ કૉલેજ કે યુનિવર્સિટીનાં લક્ષણો ધરાવતી વિદ્યાસંસ્થા નહોતી. ત્યાં નિયત અભ્યાસક્રમો કે ડિગ્રી ડિપ્લોમાની પરીક્ષાઓ લેવાતી ન હતી. તે વિદ્યાપીઠ માત્ર શિક્ષણનું જ કેન્દ્ર હતી. ઈત્સિંગ જણાવે છે કે વલભીના સ્નાતકોને રાજ્યના પ્રશાસનિક હોદ્દાઓ પર નિયુક્તિમાં અગ્રતાક્રમ અપાતો હતો. આ દર્શાવે છે કે વલભીના પાઠ્યક્રમમાં ધર્મગ્રંથોના અભ્યાસ ઉપરાંત વહીવટ ઉપયોગી વિષયો, નીતિશાસ્ત્ર, વાર્તા જેવા લૌકિક વિષયોનો પણ સમાવેશ કરવામાં આવતો હશે. વાર્તામાં કૃષિ, પશુપાલન અને વ્યાપારનો સમાવેશ થતો.

**આચાર્યોઃ** સાતમી સદીના મધ્યભાગમાં આચાર્ય સ્થિરમતિ અને ગુણમતિ વલભી વિશ્વવિદ્યાલયના પ્રમુખપદે બિરાજમાન હતા. ધરસેન પ્રથમે બંને વિદ્વાનોના નિવાસ માટે બે ભવ્ય વિહારોનું નિર્માણ કરાવ્યું હતું. પોતાના વલભીનિવાસ દરમિયાન બંનેએ પોતાના કેટલાક પ્રસિદ્ધ ગ્રંથોની રચના પણ કરી હતી. હ્યુએનત્સાગે (૬૩૦-૬૪૪) નાલંદાના સુપ્રસિદ્ધ ભાગ્યનિર્માતા પંડિતોની જે નામાવલિ આપી છે, તેમાં જણાવ્યું છે કે ગુણમતિ અને સ્થિરમતિએ સમકાલીન વિદ્વાનોમાં ઉત્તમ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. તેઓ નાલંદાના વિદ્યાર્થીઓ પણ હતા અને ઈત્સિંગના મતે વલભી વિદ્યાપીઠના સ્થાપકો પણ હતા. સ્થાપકો નાલંદાથી આવ્યા તેથી વલભીએ તેની મોટા ભાગની પ્રવૃત્તિઓમાં નાલંદાને આદર્શ તરીકે સ્વીકારીને તેનું અનુકરણ કર્યું હોવાનું પ્રતીત થાય છે. આ ઉલ્લેખ દર્શાવે છે કે ગુણમતિ તથા સ્થિરમતિ બંનેએ પોતાના ઉત્તર જીવનમાં વલભીથી નાલંદા સ્થળાંતર કર્યું હશે. સંસ્કૃત અને તિબેટી ભાષા પરના પોતાના પ્રભુત્વના કારણે તેમણે અનેક સંસ્કૃત ધર્મગ્રંથો તથા વ્યાકરણ ગ્રંથોનો તિબેટી ભાષામાં અનુવાદ કર્યો હતો. સ્થિરમતિના સમકાલીન સહવાસી ગુણમતિ પણ એક પ્રતિષ્ઠિત વિદ્વાન હતા. જેઓ પોતાની કૃતિઓના લાલિત્ય માટે વિખ્યાત હતા. નાલંદા વિશ્વવિદ્યાલય પાસે જ 'ગુણમતિ વિહાર' નામે પ્રખ્યાત મઠ હતો, જે તેમના મહાન સાંખ્ય વિદ્વાન માધવ પરના શાસ્ત્રાર્થ વિજયના માનમાં નિર્મિત કરવામાં આવ્યો હતો.

**સંચાલનઃ** વલભી વિદ્યાપીઠના સંચાલનતંત્ર વિશે ખાસ વિગતો પ્રાપ્ત થતી નથી, પણ પ્રાપ્ત ઉલ્લેખો દર્શાવે છે તેમ, વલભી વિદ્યાપીઠને એના સ્થાપનાકાળથી જ પૂર્ણ રાજકીય સંરક્ષણ પ્રાપ્ત થયું હતું. જે તેના અંતકાળ સુધી ચાલુ રહ્યું હતું. આ ઉપરાંત મૈત્રક શાસકો તરફથી તેને ઉદારતાપૂર્વક મળતી સહાયના કારણે, ઈત્સિંગ જણાવે છે તેમ, એના સંચાલનમાં આર્થિક મુંઝવણનો તો સવાલ જ ઉપસ્થિત થતો ન હતો. વિદ્યાવિહારના સામાન્ય વહીવટ માટે નાલંદાની પરિપાટી મુજબ જ અધ્યાપકો અને ભિક્ષુઓની બનેલી એક વિશિષ્ટ સમિતિ (પરિષદ)ની રચના કરવામાં આવી હતી, જે ભિક્ષુઓ પરિષદના નિયમોનું ઉલ્લંઘન કરતા તેમને બૌદ્ધ સંઘની બહાર કાઢી મૂકવામાં આવતા. આવી પરિષદના અધ્યક્ષપદે વિદ્યાપીઠના જ્ઞાનવૃદ્ધ, અનુભવવૃદ્ધ વિદ્વાનોની નિયુક્તિ કરવામાં આવતી હતી. હ્યુએનસંગના જણાવ્યા મુજબ આચાર્ય સ્થિરમતિ અને ગુણમતિ પણ ક્યારેક વલભીવિહારના અધ્યક્ષપદે હતા.

**ગ્રંથાલયઃ** વલભી વિદ્યાપીઠ કીમતી ગ્રંથો અને હસ્તપ્રતો ધરાવતા વિશાળ ગ્રંથાલયથી સુસજ્જ હતું. રાજા દ્વારા સ્થાપિત ભંડોળમાંથી તેનો નિભાવ થતો.

રાજા ગુહસેનના એક અભિલેખથી આ બાબતને પુષ્ટિ મળે છે. આ ઉપરાંત અગાઉ જોઈ ગયા તેમ મૈત્રક શાસક ધ્રુવસેન પ્રથમની ભાણેજ દદ્દાએ એક મહાવિહારનું નિર્માણ કરાવ્યું હતું, જેમાં અનેક વિષયના ગ્રંથો સહિત અનેક ધાર્મિકગ્રંથોનો સંગ્રહ કરવામાં આવ્યો હતો.

**શિક્ષણપદ્ધતિ:** વલભી વિદ્યાપીઠમાં શિક્ષણપદ્ધતિ વિશે ખાસ વિગતો પ્રાપ્ત થતી નથી. કંઠોપકંઠ કે શ્રુતિ પરંપરા તો અસ્તિત્વમાં હતી જ, વાદવિવાદ પદ્ધતિનું પણ ભારે મહત્ત્વ હતું. દેશવિદેશના વિદ્વાનો ભેગા થઈ કોઈ સિદ્ધાંત વિશે વાદવિવાદ કરતા અને છેલ્લે 'તત્ત્વબોધ' સર્જાતો. 'વાદે વાદે જાયતે તત્ત્વબોધઃ' જેવી ઉક્તિઓ આવા વાદવિવાદોની ફલશ્રુતિ રૂપે જ પ્રચલિત બની હશે. વ્યાખ્યાનો દ્વારા ગૂઢ વિષયોનું સ્પષ્ટીકરણ કરવાની પદ્ધતિનો પણ આશ્રય લેવાતો. પરંતુ મુખ્યત્વે પારણ, ધારણ, વિજ્ઞાન અને પ્રયોગ એવાં ચાર સોપાનોમાં સુશૃંખલિત સુદીર્ઘ પરંપરાથી ચાલી આવતી શિક્ષણપદ્ધતિ જ મુખ્યતઃ મહત્ત્વપૂર્ણ હતી. જેમાં પારણ એટલે ગુરુવચનોનું ધ્યાનપૂર્વક શ્રવણ કરીને જ્ઞાનનું ગ્રહણ કરવું, એને કંઠસ્થ કરવું, ધારણ એટલે શ્રવણ અને ગ્રહણ કરેલ જ્ઞાનને મનનપૂર્વક સ્મૃતિ-સ્થ કરવું. વિજ્ઞાન એટલે ગુરુ પાસેથી મેળવીને સ્મૃતિસ્થ કરેલા જ્ઞાનથી સ્વાધ્યાયપૂર્વક વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરવું અને અંતે પ્રયોગ એટલે વિશિષ્ટ જ્ઞાનથી પ્રાપ્ત જ્ઞાનને પ્રયોગમાં મૂકી તેનો વ્યાવહારિક ઉપયોગ કરવો. વલભીના સ્નાતકો પોતાના 'વિજ્ઞાન' એટલે કે વિશિષ્ટ જ્ઞાનને રાજદરબારોમાં પ્રદર્શિત કરી, માન-અકરામ, પારિતોષિકો અને ઉચ્ચ શાસકીય હોદ્દાઓ મેળવતા એ બાબતથી આ હકીકતનું સમર્થન થાય છે.

**અંતઃ** સાતમી સદીના આરંભે નાલંદા વિદ્યાપીઠની પ્રતિસ્પર્ધા કરવા સમર્થ બનેલ આ વિદ્યાપીઠને સાતમી સદીના અંત સુધી રાજ્યાશ્રય મળતો રહ્યો, પરંતુ ત્યારબાદ રાજ્યાશ્રયના અભાવે તેની જાહોજલાલી ઘટવા માંડી. સાથે સાથે નાલંદા વિદ્યાપીઠના વધતા જતા પ્રભાવના કારણે વલભીનો સૂર્ય અસ્ત થવા લાગ્યો. અને છેવટે ઈ.સ. ૭૮૮માં થયેલાં આરબ આક્રમણોના કારણે વલભી શહેર અને વિદ્યાપીઠનો પણ અંત આવ્યો. અલબત્ત, જેમ્સ રોડના મતે અજ્ઞાત જંગલી આક્રાંતાઓના કારણે ઈ.સ. ૫૨૪માં મૈત્રક શાસકોનો અંત આવ્યો, અને એની સાથે જ આ વિદ્યાપીઠનો પણ અંત આવ્યો.

એકંદરે ૪૦૦ વર્ષનું સુદીર્ઘ આયુષ્ય ભોગવનાર આ વિશ્વવિદ્યાલય ધ્રુવસેન પ્રથમના સમય (ઈ.સ. ૫૨૦-૫૫૦)થી શિલાદિત્ય ત્રીજાના સમય (ઈ.સ. ૬૬૦-૬૮૫) સુધીના ૧૬ દશકો દરમિયાન પૂર્ણ જાહોજલાલી ભોગવતું રહ્યું હતું અને વિશ્વભરના સાંસ્કૃતિક ક્ષેત્રે ગુજરાતનો વિજયધ્વજ ફરકાવતું રહ્યું હતું.

**સંદર્ભગ્રંથસૂચિ:**


૧. પ્રવીણચન્દ્ર ચિ. પરીખ સંપાદિત 'જ્ઞાન ગંગોત્રી ગ્રંથ શ્રેણી; ૨૨, ભારતદર્શન-૧' (ઇતિહાસ યુગ), માનવવિદ્યા શાખા, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, પહેલી આવૃત્તિ, જાન્યુઆરી ૧૯૮૨.

૨. રતિલાલ મો. ત્રિવેદી કૃત હિંદના વિદ્યાપીઠો, પ્રાચીન અને મધ્યકાલીન ભાગ-૧, પ્રકાશકઃ પોતે, અમદાવાદ, આવૃત્તિ પહેલી, સંવત-૧૯૯૮.

૩. આર.એસ. ત્રિવેદી કૃત પ્રાચીન ભારત (હિંદી) વિશ્વભારતી પબ્લિકેશન્સ, નઈ દિલ્હી, પ્રથમ સંસ્કરણ, ૨૦૦૮.

૪. રાધાકુમુદ મુકરજી કૃત એન્સિયેટ ઈન્ડિયન એજ્યુકેશન, બ્રાહ્મેનીકલ એન્ડ બુદ્ધિસ્ટ, મોતીલાલ બનારસીદાસ પબ્લિકેશન, સેકન્ડ એડિશન, ૧૯૫૧, રિપ્રિન્ટ ૧૯૮૯.

૫. ડી. અમરસિરિ વીરરત્નેનો લેખ, ધ સિક્સ બુદ્ધિસ્ટ યુનિવર્સિટિઝ ઓફ એન્સિઅન્ટ ઈન્ડિયા, 'ધ આઈલેન્ડ' શ્રીલંકા, ૧૫, મે, ૨૦૦૩.

૬. સુકુમાર દત્ત કૃત બુદ્ધિસ્ટ મોન્કસ એન્ડ મોનેસ્ટરિઝ ઓફ ઈન્ડિયા, ધી હિસ્ટરી એન્ડ કન્ટ્રીબ્યુશન ટુ ઈન્ડિયન કલ્ચર, જ્યોર્જ એલન એન્ડ અનવિન લિ., લંડન, ૧૯૬૨.

૭. વલભીઃ ફ્રોમ વિકિપીડિયા, ધ ફ્રી ઈનસાયક્લોપીડિયા અપ ટુ ફેબ્રુઆરી, ૨૦૧૧.

૮. હિસ્ટરી ઓફ એજ્યુકેશન ઇન સાયક્લાપીડિયા બ્રિટાનિકા, ૨૦૦૭.

૯. મહાજન વી.ડી. કૃત એન્સિયેટ ઈન્ડિયા, એસ. ચાંદ એન્ડ કંપની, ન્યૂ દિલ્હી, ૧૯૬૦.

૧૦. અનન્ત સદાશિવ અલ્તેકર કૃત એજ્યુકેશન ઇન એન્સિયેટ ઈન્ડિયા, નંદકિશોર એન્ડ બ્રધર્સ, વારાણસી, સિક્સ્થ એડિશન, ૧૯૬૫.



(અધ્યાપક, એમ.બી. પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦. મો.: ૯૮૨૪૨૭૧૪૭૪)

# ગુજરાતની યુનિવર્સીટીઓ: એક સૂચિ

વિમલ શાહ

પ્રસ્તુત લેખમાં ગુજરાતના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે કાર્યરત યુનિવર્સિટીની ટૂંકમાં માહિતી આપવામાં આવી છે. આ માહિતી મુખ્યત્વે ઈન્ટરનેટ, વિશ્વ-વિદ્યાલયોના મુખપત્રો તેમજ વાર્ષિક અહેવાલો, ઉચ્ચ-શિક્ષણ કમિશ્નરની કચેરી તેમજ ગુજરાત જ્ઞાન સંઘ (KCG) દ્વારા બહાર પાડવામાં આવેલ હેન્ડ-બુક તથા વર્તમાનપત્રોમાંથી લેવામાં આવેલ છે.

ગુજરાતમાં વિશ્વવિદ્યાલયોને મુખ્યત્વે નીચે મુજબના જૂથમાં વર્ગીકૃત કરી શકાય છે.

### ૧. કેન્દ્ર સરકારના સીધા સંચાલન અને અનુદાન મેળવતી યુનિવર્સિટી (Central University)

UGCના Xth પ્લાનમાં ગુજરાતને કેન્દ્રિય યુનિવર્સિટી પ્રાપત થયેલ છે. કેન્દ્રિય યુનિવર્સિટીનું માળખું ઉચ્ચ શિક્ષણમાં સંશોધન અને નવા વિચારોને પ્રેરિત કરે તેવું છે. આ યુનિવર્સિટીને ગાંધીનગરમાં કેમ્પસ આપવામાં આવ્યું છે.

### ૨. રાજ્ય સરકાર દ્વારા સંચાલિત અને અનુદાન મેળવતી યુનિવર્સિટી (State University)

૨૦૦૩-૦૪થી ગુજરાતમાં સરકાર દ્વારા સ્ટેટ યુનિવર્સિટી સ્થાપવાનો જે સીલસીલો ચાલ્યો છે તેને પરિણામે આજે એક ડઝન કરતા વધારે સ્ટેટ યુનિવર્સિટી સ્થપાઈ ગઈ છે. ગુજરાત કૃષિ યુનિવર્સિટીને આણંદ, નવસારી, જૂનાગઢ અને દાંતીવાડા એમ ચાર સ્વતંત્ર યુનિવર્સિટીમાં રૂપાંતરિત કર્યા બાદ કામધેનુ નામની પાંચમી કૃષિ યુનિવર્સિટી હિંમતનગરમાં સ્થપાઈ છે. માત્ર એફીલીયેટિંગ યુનિવર્સિટીનો એક નવો જ વિચાર ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સ્થાપીને અમલમાં મુકાયો છે અને એ જ દિશામાં એજ્યુકેશન અને અન્ય વિદ્યાશાખાઓની માત્ર એફીલીયેટિંગ યુનિવર્સિટી રચવાની દિશામાં નક્કર કદમ ભરાઈ રહ્યા છે. તદ્દુપરાંત સિંગલ-ફેકલ્ટી આયુર્વેદ યુનિવર્સિટી, લૉ યુનિવર્સિટી, ફોરેન્સિક-સાયન્સ યુનિવર્સિટી, રક્ષા-શક્તિ યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી વગેરેની રચના પણ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે રાજ્ય દ્વારા થયેલ નવા પ્રયોગોમાંના કેટલાક ઉત્કૃષ્ટ પ્રયોગો છે. રાજ્ય સરકાર દ્વારા મુક્ત શિક્ષણને પ્રોત્સાહિત કરવા માટે રચાયેલી બાબા સાહેબ ઓપન યુનિવર્સિટી (૧૯૯૪) દ્વારા તેના ૫૮૫ સ્ટડી સેન્ટર મારફતે આજ સુધી લગભગ ૩,૮૭,૦૦૦ વિદ્યાર્થીઓને ડિગ્રી અપાયેલ છે જે એક સરાહનીય બાબત છે.

### ૩. ખાનગી યુનિવર્સિટી (Private University)

ગુજરાતમાં ધરમસિંહ દેસાઈ યુનિવર્સિટી, નડિયાદ અને CEPT યુનિવર્સિટી, અમદાવાદ એ એવી ખાનગી યુનિવર્સિટી છે જેને રાજ્ય સરકાર તરફથી અનુદાન આપવામાં આવે છે. જ્યારે તમામ ખાનગી યુનિવર્સિટીઓ તેમના પોતાન સંસાધનોથી ચાલે છે. ખાનગી યુનિવર્સિટીમાં કેલોરેક્ષ અને નવરચના એવી યુનિવર્સિટીઓ છે જે એજ્યુકેશનના ક્ષેત્રમાં કાર્યરત છે. CEPT, DA-IICT, POPU વગેરે સિંગલ ફેકલ્ટી યુનિવર્સિટીઓ છે.

### ૪. ડીમ્ડ યુનિવર્સિટી (Deemed University)

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના ૧૯૨૦માં થઈ હતી પણ છેક ૧૯૬૩માં UGC દ્વારા તેને ડીમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો. ગૂજરાત વિદ્યાપીઠ કેન્દ્ર દ્વારા અનુદાનિત છે જ્યારે અનેય એક ડીમ્ડ યુનિવર્સિટી, સુમનદીપ વિદ્યાપીઠ, વડોદરા ખાનગી યુનિવર્સિટી છે.

ગુજરાતની યુનિવર્સિટીઓની એક યાદી નીચે છે:

| ક્રમ | સ્થાનાનું વર્ષ | યુનિવર્સિટી | પ્રકાર | એકેડેમિક પ્રોગ્રામની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | સંલગ્ન કૉલેજોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૨૦ | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ | ડીમ્ડ | ૭૫ | ૧૭૬૩ | ૮ |
| ૨ | ૧૯૪૯ | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ | સ્ટેટ યુનિવર્સિટી | ૨૪૭ | ૩૫૦૦૦૦ | ૩૩૦ |
| ૩ | ૧૯૪૯ | મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા | સ્ટેટ યુનિવર્સિટી | ૩૫૯ | ૩૭૦૦૦ | ૩ |
| ૪ | ૧૯૫૫ | સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર | સ્ટેટ યુનિવર્સિટી | ૧૭૪ | ૪૪૨૭૪ | ૮૨ |
| ૫ | ૧૯૬૫ | ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર | સ્ટેટ યુનિવર્સિટી | ૧૪ | ૨૨૦૦ | ૧૫ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬ | ૧૯૬૭ | વીર નર્મદ દક્ષિણ-ગુજરાત યુનિવર્સિટી, સુરત | સ્ટેટ યુનિવર્સિટી | ૮૯ | ૪૭૧૪૯ | ૨૨૬ |
| ૭ | ૧૯૬૭ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ | સ્ટેટ યુનિવર્સિટી | ૧૦૫ | ૨૬૨૨૮૪ | ૨૮૨ |
| ૮ | ૧૯૭૯ | મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર | સ્ટેટ યુનિવર્સિટી | ૫૩ | ૩૦૦૦૦ | ૯૪ |
| ૯ | ૧૯૮૬ | હેમચંદ્રાચાર્ય ઉત્તર-ગુજરાત યુનિવર્સિટી, પાટણ | સ્ટેટ યુનિવર્સિટી | ૯૧ | ૧૧૮૦૦૦ | ૩૨૬ |
| ૧૦ | ૧૯૯૪ | ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ | સ્ટેટ ઓપન યુનિવર્સિટી | ૮૨ | ૩૪૫૦૦ | NA |
| ૧૧ | ૨૦૦૧ | ધીરુભાઈ અંબાણી ઈનસ્ટિટ્યૂટ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ કૉમ્યુનિકેશન ટેકનોલોજી, ગાંધીનગર | ખાનગી યુનિવર્સિટી | ૬ | ૪૪૦ | NA |
| ૧૨ | ૨૦૦૩ | ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, કચ્છ | સ્ટેટ યુનિવર્સિટી | ૧૬ | ૧૬૯૯૬ | ૪૩ |
| ૧૩ | ૨૦૦૩ | નીરમા યુનિવર્સિટી, અમદાવાદ | ખાનગી યુનિવસર્સિટી | ૫૩ | ૭૮૫૨ | ૬ |
| ૧૪ | ૨૦૦૪ | ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ગાંધીનગર | સ્ટેટ યુનિવર્સિટી | ૧૧ | ૮૦૦ | NA |
| ૧૫ | ૨૦૦૪ | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | સ્ટેટ કૃષિ યુનવર્સીટી | NA | NA | NA |
| ૧૬ | ૨૦૦૪ | નવસારી કૃષિ યુનિવર્સિટી | સ્ટેટ કૃષિ યુનિવર્સિટી | ૨૦૫ | ૧૬૯૦ | ૧૫ |
| ૧૭ | ૨૦૦૪ | સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા | સ્ટેટ કૃષિ યુનિવર્સિટી | ૪૨ | ૧૭૬૦ | ૮ |
| ૧૮ | ૨૦૦૪ | જૂનાગઠ કૃષિ યુનિવસર્સિટી, જૂનાગઢ | સ્ટેટ કૃષિ યુનિવર્સિટી | NA | NA | NA |
| ૧૯ | ૨૦૦૫ | શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવસર્સિટી, વેરાવળ | સ્ટેટ યુનિવર્સિટી | NA | NA | NA |
| ૨૦ | ૨૦૦૫ | ધરમસિંહ દેસાઈ યુનિવર્સિટી, નડિયાદ | ખાનગી અુદાનિત યુનિવર્સિટી | ૩૨ | ૫૭૦૦ | NA |
| ૨૧ | ૨૦૦૫ | સેપ્ટ યુનિવર્સિટી, અમદાવાદ | ખાનગી અનુદાનિત યુનિવર્સિટી | ૩૫ | ૧૬૬૪ | NA |
| ૨૨ | ૨૦૦૫ | ગણપત યુનિવર્સિટી, મહેસાણા | ખાનગી યુનિવર્સિટી | ૩૪ | ૭૮૬૦ | ૧૩ |
| ૨૩ | ૨૦૦૫ | આર.કે. યુનિવર્સિટી, રાજકોટ | ખાનગી યુનિવર્સિટી | ૧૯ | ૪૫૦૦ | ૭ |
| ૨૪ | ૨૦૦૭ | ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ | સ્ટેટ યુનિવર્સિટી | ૬ | ૪૦૦૦૦૦ | ૫૦૦ |
| ૨૫ | ૨૦૦૭ | સુમનદીપ વિદ્યાપીઠ, વડોદરા | ડીમ્ડ યુનિવર્સિટી | ૯૭ | ૨૭૦૩ | ૬ |
| ૨૬ | ૨૦૦૭ | પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવસર્સિટી, ગાંધીનગર | ડીમ્ડ યુનિવર્સિટી | ૧૬ | ૨૩૦૦ | ૫ |
| ૨૭ | ૨૦૦૭ | કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર | ખાનગી યુનિવર્સિટી | ૬૩ | ૧૩૬૦૩ | ૨૪ |
| ૨૮ | ૨૦૦૯ | સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર | સેન્ટ્રલ યુનિવર્સિટી | ૨૫ | ૬૫૬ | NA |
| ૨૯ | ૨૦૦૯ | ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર | સ્ટેટ યુનિવર્સિટી | NA | NA | NA |
| ૩૦ | ૨૦૦૯ | ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવસર્સિટી, ગાંધીનગર | સ્ટેટ યુનિવર્સિટી | ૨૧ | ૨૫૦ | NA |
| ૩૧ | ૨૦૦૯ | રક્ષા  શક્તિ યુનિવર્સિટી, ગાંધીનગર | સ્ટેટ યુનિવર્સિટી | NA | NA | NA |
| ૩૨ | ૨૦૦૯ | કામધેનુ યુનિવર્સિટી, હિંમતનગર | સ્ટેટ કૃષિ યુનિવર્સિટી | NA | NA | NA |
| ૩૩ | ૨૦૦૯ | કેલોરેક્ષ ટીચર્સ યુનિવર્સિટી, અમદાવાદ | ખાનગી યુનિવર્સિટી | ૯ | ૩૫૫ | ૨ |
| ૩૪ | ૨૦૦૯ | ચારોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ચાંગા | ખાનગી યુનિવર્સિટી | ૩૭ | ૫૧૦૦ | ૭ |
| ૩૫ | ૨૦૦૯ | નવરચના યુનિવર્સિટી, વડોદરા | ખાનગી યુનિવર્સિટી | ૧૦ | ૬૨૬ | NA |
| ૩૬ | ૨૦૦૯ | અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ | ખાનગી યુનિવર્સિટી | ૧૨ | ૩૪૬૩ | ૬ |
| ૩૭ | ૨૦૧૧ | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર | સ્ટેટ યુનિવર્સિટી | ૩ | ૧૮૦ | NA |
| ૩૮ | ૨૦૧૧ | ઓરો યુનિવર્સિટી, સુરત | ખાનગી યુનિવર્સિટી | ૫ | ૧૮૩ | ૪ |
| ૩૯ | ૨૦૧૧ | ઉકા તરસાડિયા યુનિવર્સિટી, બારડોલી | ખાનગી યુનિવર્સિટી | ૨૨ | ૪૨૦૦ | NA |
| ૪૦ | ૨૦૧૨ | ઈન્ડસ યુનિવર્સિટી, અમદાવાદ | ખાનગી યુનિવર્સિટી | ૧૭ | ૮૩૦ | ૪ |
| ૪૧ | ૨૦૧૩ | સી.યુ. શાહ યુનિવર્સિટી, ગાંધીનગર | ખાનગી યુનિવર્સિટી | ૨૪ | NA | NA |
| ૪૨ | ૨૦૧૩ | **IITRAM,** મણીનગર | સ્ટેટ યુનિવર્સિટી | NA | NA | NA |
| ૪૩ | ૨૦૧૩ | લકુલીશ યોગ યુનિવર્સિટી, છારોડી | ખાનગી યુનિવર્સિટી | NA | NA | NA |
| ૪૪ | ૨૦૧૩ | ટીમ-લીઝ સ્કીલ યુનિવર્સિટી, વડોદરા | ખાનગી યુનિવર્સિટી | NA | NA | NA |

* KCG દ્વારા બહાર પડાયેલી ગુજરાતની યુનિવર્સિટીઓની હેન્ડ-બુક

(મદદનીશ પ્રાધ્યાપક, યુજીસી-એકેડેમિક સ્ટાફ કૉલેજ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર)

# ગાંધીજીનાં અસ્પૃશ્યતા નિવારણ આંદોલનમાં કપોળ વણિકોનું પ્રદાન

**કમલાબહેન યુ. વાઢેળ**

## ૧. પ્રાસ્તાવિકઃ

ઋગ્વેદકાલિન સંસ્કૃતિમાં 'સર્વજન હિતાય'નું લક્ષ્ય નિશ્ચિત હતું. સર્વના ભલામાં વ્યક્તિની ભલાઈ સમજવામાં આવતી હતી. ઋગ્વેદના સમયની વર્ણાશ્રમ વ્યવસ્થા જન્મગત સ્વીકારવામાં આવી નહોતી. વ્યક્તિની કુશળતા અને હુન્નરની આવડતના આધારે તેનો વર્ણ નક્કી થતો હતો. પરંતુ ઋગ્વેદના ઉત્તરકાળમાં વર્ણાશ્રમ વ્યવસ્થાને જન્મના આધારે સ્થાન પ્રાપ્ત થયું. રજપૂતકાળ સુધીમાં તો આ વ્યવસ્થામાં શુદ્રવર્ણને અસ્પૃશ્ય તરીકે સ્વીકારી, તેનો સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને આર્થિક ક્ષેત્રમાં તિરસ્કાર અને બહિષ્કાર કરવામાં આવ્યો. અશુદ્ધ અને ગંદા વ્યવસાયોમાં તેના જીવનને હડધૂત કરવામાં આવ્યાં. પ્રાચીન ભારતના 'સર્વજન હિતાય'ના ઉમદા આદર્શને ભૂંસી નાખવામાં આવ્યો. બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ, ભક્તિ સંપ્રદાય, સૂફીવાદ અને ઓગણીસમી સદીના માનતાવાદના વિચારો અને સિદ્ધાંતોમાં દલિતો પ્રત્યે માનવીય વ્યવહારોની પહેલ કરવામાં આવી હતી. છતાંય દલિતોદ્ધારના દરવાજા અડધા બંધ જ રહી ગયા હતા.

ગાંધીજીએ દલિતોના ઉત્કર્ષના વિચારને અગ્ર સ્થાન આપી અસ્પૃશ્યતા નાબૂદી આંદોલન શરૂ કર્યું. અસ્પૃશ્યતાને હિન્દુ સમાજના કલંક સમાન ગણાવી. અસ્પૃશ્યતા એ હિન્દુ સમાજની નિર્દય રૂઢિ છે એમ કહ્યું. અસ્પૃશ્યતા એ હિન્દુ સમાજના માથે મોટું પાપ છે, તેના નિવારણ વિના છૂટકો જ નથી (પારેખ, ખુશાલદાસ. કપોળ અને કપોળ મિત્ર, અંક ૧૧-૧૨ સંવત ૧૯૮૮). ગાંધીજીના આ 'સર્વજન હિતાય' આંદોલનમાં કપોળવણિકો પણ જોડાયા.

## ૨. અસ્પૃશ્યતા નાબૂદી આંદોલનમાં કપોળ વણિકોની ભૂમિકાઃ

ગાંધીજીએ ભારતમાં સ્વતંત્રતા અને માનવતા પ્રેમી લોકોને રચનાત્મક પ્રવૃત્તિઓના બોધપાઠ માટે અસ્પૃશ્યતા નિવારણ આંદોલનનો માર્ગ અપનાવી, આ મહાનકાર્યને આચારમાં મૂક્યું. ગાંધીજીના આ કાર્યમાં ઘણા કપોળ વણિકોએ યોગદાન આપ્યું હતું.

### ૨.૧ વૃંદાવનદાસ વોરા

સ્વરાજ્ય માટે અસ્પૃશ્યતા નિવારણના કાર્યને ગાંધીજીએ મહત્ત્વનું ગણ્યું હતું. ભારતના લોકોમાં આ રચનાત્મક કાર્યક્રમ કેવી રીતે પ્રવૃત્ત કરી શકાય, તે અંગેના પગલાં કે ઉપાયો ગાંધીજીએ યોજ્યા હતા. આ અસ્પૃશ્યતાના મૂળ પ્રાચીન વર્ણાશ્રમ વ્યવસ્થા હતી. જો કે ગાંધીજીએ વર્ણાશ્રમ વ્યવસ્થાના કેટલાક દોષને અપવાદ ગણાવી તેની ઉત્તમ અસરોની પ્રશંસા કરી હતી. આમ છતાંય સમાજની અધોગતિ માટે વર્ણાશ્રમ પણ જવાબદાર હતી. કારણ કે કેટલાક ઉચ્ચ વર્ણોએ વર્ણાશ્રમના નામે નીચેના વર્ણના લોકોનું સામાજિક શોષણ કર્યું હતું. આ શોષણના સ્તંભોને મૂળમાંથી ખેંચી કાઢવા માટે વૃંદાવનદાસ વોરાએ કેટલાક લેખો લખી, કપોળ વણિકોમાં અસ્પૃશ્યતા નિવારણ અંગે જાગૃતિ લાવી હતી.

વૃંદાવનદાસ વોરા 'આપણી વર્ણવ્યવસ્થા' નામના લેખમાં લખે છે કે "આજે હિન્દુ સમાજનો ચોથો ભાગ લગભગ ૫-૬ કરોડ માણસો પશુથી પણ અધમ જીવન ગાળી રહ્યા છે, તેઓએ આજ સુધી આપણો સડો સાફ કર્યો છે. તેઓએ દુર્ગંધો દૂર કરીને સુવાસો ફેલાવી છે. શહેરમાં રહેતી ગંદકી સાફ રાખીને પ્લેક, મરકી અને એવા બીજા ચેપી રોગોથી તેઓએ આપણને બચાવ્યા છે. પણ તેના બદલામાં, આ અમૂલ્ય સેવાના બદલામાં સમાજે તેઓ માટે શું કર્યું?" (કપોળ અને કપોળ મિત્ર, સંવતઃ ૧૯૮૮, અંકઃ ૮,૯) દલિતોના – શ્રમના વળતરમાં ઉચ્ચવર્ણ દ્વારા અપમાન અને તિરસ્કાર સિવાય કશું સમાજે આપ્યું છે, એવા દંભી સમાજની વૃંદાવનદાસે ભારે નિંદા કરી હતી. ગાંધીજીએ દલિતોને મંદિરમાં પ્રવેશની હિમાયત કરી તો વૃંદાવનદાસે મંદિરોમાં જોવા મળતા ઢોંગની ભારે હાંસી ઉડાવી હતી. તેણે લખ્યું છે કે, "મૂર્તિના નામે મૂર્તિના

પૂજારીઓ ભક્તો પાસેથી પૈસા કઢાવવા માંડ્યા. એક દિવસ મૂર્તિને ભૂખ લાગે તો બીજે દિવસે તેની લજ્જા ઢાંકવા માટે વસ્ત્રો જોઈએ. વળી તે કાલ્પનિક દેવોને ટાઢ તડકામાંથી બચાવવા આલિશાન મંદિરો બનાવ્યા અને છેવટે અત્યારે પરિણામ એ આવ્યું કે, મૂર્તિને બદલે પાખંડી પૂજારીઓ - ગોર, મહારાજો પૂજાવા લાગ્યા. આ ધાર્મિક શોષણ તેની પરાકાષ્ઠાએ પહોંચ્યું. મૂર્તિઓની આવી સંભાળ લેવાય છે તો પણ અત્યંજો તેમને પોતાના દર્શનથી અપવિત્ર કેમ કરી શકે? પંડિતો અને શાસ્ત્રીઓ જ્યારે શ્રોતાજનોને અને ભક્તોને ઉપદેશ આપતા હોય કે ઈશ્વરના દરબારમાં સૌ મનુષ્ય સમાન છે, અને બીજી તરફ કરોડો મનુષ્યો અસ્પૃશ્ય હોય, તેઓને ધિક્કારતા હોય, અહિંયાં એમ લાગે છે કે, આ તો છેતરાવાની વાત છે, બફાટ છે. સમાજના બીજા વર્ગોને હક્ક છે એટલો જ અત્યંજોને છે, તેઓ ગંદા રહેતા હોય તો તેને સાફ કરવા, તેઓ અભણ હોય તો તેઓને ભણાવવા. મનુષ્યમાત્રનો એક જ ધર્મ હોય શકે અને તે સેવાનો હોય, ધર્મ એટલે સેવા, મનુષ્ય અને જીવમાત્રની સેવા.'' (કપોળ અને કપોળ મિત્ર, અંકઃ ૮-૯, સંવતઃ ૧૯૮૮). આ પ્રકારે લખાણો લખ્યા હતા. કપોળ વણિકોમાં વૃંદાવનદાસના લખાણોને પરિણામે ગાંધીજીના આ રચનાત્મક કાર્ય અંગે વધુ અહોભાવ પેદા થયો હતો. તેઓ લખે છે કે, ''મહાત્મા ગાંધીજીની ચળવળને લીધે જૂના વિચારો બદલાતા જાય છે, અને ટૂંક સમયમાં જ આપણે અસ્પૃશ્યતાનું નામ નિશાન પણ નહીં જોઈએ. આપણે અત્યંજોને અપનાવવા જોઈએ. વર્ષો સુધી તેઓએ ઉચ્ચવર્ણના હિન્દુઓનો જુલ્મ મુંગે મોઢે સહન કર્યો છે, તો તેના પ્રાયશ્ચિતરૂપે ઉચ્ચવર્ણના હિન્દુઓએ જ તેઓની ઉન્નતિ માટે પ્રયત્ન કરવો જોઈએ.'' (કપોળ અને કપોળમિત્ર, અંકઃ ૮-૯, સંવતઃ ૧૯૮૮). આ રીતે તેમના લખાણોની કપોળ વણિકોમાં ગાંધીજીના રચનાત્મક કાર્યો પ્રત્યે પૂજ્ય ભાવ જાગે એવી અસર થઈ હતી.

### ૨.૨ અમીદાસ કાણકીયાઃ

ગાંધીજીએ અસ્પૃશ્યતાના કલંકને મિટાવી દેવા માટે ઉપવાસ કર્યા, અને ભીષ્મ પ્રતિજ્ઞા લીધી કે, ''સંગ્રામ મારી અને અશ્પૃશ્યતા વચ્ચે છે, કાં તો મારો સંહાર થાય કાં તો અસ્પૃશ્યતાનો.'' (કપોળ અને કપોળમિત્ર સંવતઃ ૧૯૮૯, અંકઃ૭-૮). હિન્દુ સમાજના આ આત્મશુદ્ધિના યજ્ઞમાં અમીદાસ કાણકીયાએ ગાંધીજીએ સોંપેલા કર્તવ્યનો સ્વીકાર કર્યો. જે કપોળ ગૃહસ્થો અસ્પૃશ્યતાના સમર્થનમાં હતા તેમનો વિરોધ કર્યો, અસ્પૃશ્યતાના વિરોધમાં લેખો લખ્યા. કપોળ ગૃહસ્થોને ગાંધીજીના ઉપવાસનો આદર કરી તેમના આંદોલનને સહકાર આપવા કહ્યું. અસ્પૃશ્યતાનું સમર્થન કરનારાઓ અંગે અમીદાસ કાણકીયાએ લખ્યું છે કે ''જે ધર્મના નામે અસ્પૃશ્ય વર્ગ પર આપણા જ ધર્મબંધુઓ તરફ અધર્મ કરી રહ્યા છે, ગાર્ડન પાર્ટીઓમાં પરધર્મીઓની સાથે ભોજન વ્યવહાર રાખનારા અને આચારમાં અણુમાત્ર પણ પોતાના માની લીધેલા ધર્મને ન પાળનારા શાસ્ત્રોના નામે અસ્પૃશ્યતાને વળગી રહે એ ઓછું શોચનીય નથી. એવા જ્ઞાતિબંધુઓ અસ્પૃશ્યતાના દંભનો ત્યાગ કરી હરિજન બંધુઓને અપનાવી લે એમાં જ અમને સત્ય ધર્મનું પાલન દેખાય છે.'' (કપોળ અને કપોળમિત્ર, સંવતઃ ૧૯૮૯, અંકઃ૭-૮).

ગાંધીજીએ પ્રથમ ઉપવાસ કર્યા હતા ત્યારે અમીદાસ કાણકીયા અનેક કપોળ ગૃહસ્થોને સાથે લઈ ગાંધીજીની સભામાં હાજર રહ્યા હતા. આ સભામાં કપોળ બહેનોને પણ ઉપસ્થિત રાખી હતી. યુવાન વર્ગને ગાંધીજીના આ પુણ્યકાર્યમાં જોડાવા માટે તૈયાર કર્યા હતા. યુવાનોને અસ્પૃશ્યતા અંગે સલાહ આપતાં તેમણે કહ્યું કે, ''કપોળ જ્ઞાતિના જે યુવકોને અસ્પૃશ્યતા નિવારણમાં અડગ શ્રદ્ધા હોય તેણે ગાંધીજીને પ્રભુ ઉગારી લે તેવી નામર્દની પ્રાર્થના કરી બેસી રહેવું ન જોઈએ. પણ જ્યાં સુધી અસ્પૃશ્યતાનું કલંક સદંતર સાફ ન થાય, ત્યાં સુધી હરિજનો પ્રત્યે દર્શાવાતી અન્યાયભરી અસમાનતાનો અંત ન આવે ત્યાં સુધી દરેકે દરેક પ્રયત્ન કરવો જોઈએ.'' (કપોળ અને કપોળમિત્ર) ગાંધીજીના ઉપદેશને આચરણમાં સ્વીકારીને બીજા કપોળ યુવાનોને તેનો અમલ કરવા કહ્યું હતું. ગાંધીજી પ્રત્યેના પૂજ્યભાવ અંગે યુવાનોને શિખામણ આપતાં તેમણે કહ્યું કે, ''ગાંધીજીના રાજકીય વિચારો સાથે કે બીજી બાબતોમાં સંમત ન થનાર પણ અસ્પૃશ્યતા નિવારણના પ્રશ્ને તેમના (ગાંધીજી) વિચારો સાથે બહુ ઓછાને મતભેદ હશે જે મતનો સ્વીકાર કર્યો તેનું પાલન કરવું એ ફરજ થઈ પડે છે. યુવકોએ ફરજ અદા કરતાં અચકાવું ન જોઈએ.'' (કપોળ

અને કપોળમિત્ર, સંવતઃ ૧૯૮૯, અંકઃ ૭-૮). ગાંધીજી અને હિન્દુ ધર્મના રક્ષણ માટે અમીદાસ કાણકીયાએ યુવાનોને અસ્પૃશ્યતા નિવારણ અંગેની પ્રવૃત્તિઓમાં રસ લેતા કર્યા હતા. ઘણા કપોળ વડીલ ગૃહસ્થોની નામરજી હોવા છતાંય અમીદાસ કાણીકયાના નેતૃત્વ હેઠળ યુવાનો ગાંધીજીના અસ્પૃશ્યતા નિર્મૂલન આંદોલનમાં ભાગ લેવા લાગ્યા હતા.

**૨.૩ અન્ય કપોળ વણિકોઃ**

અસ્પૃશ્યતાના કલંકને દૂર કરવા માટે મંગલદાસ વિઠ્ઠલદાસ દેસાઈ, હરિદાસ માધવદાસ ગોરડિયા, ડૉ. જેઠાલાલ વોરા, હીરાલાલ હરજીવનદાસ નાળિયેરવાળા, પરસોત્તમદાસ ગોરડિયા, ગોરધનદાસ ત્રિભોવનદાસ જેવા કપોળ વણિક સુધારકોએ યોગદાન આપ્યું હતું.

જ્યારે ગાંધીજીએ હિન્દુ સમાજમાંથી અસ્પૃશ્યતાના દોષને નાબૂદ કરવા માટે અનશન શરૂ કર્યા ત્યારે આ ગૃહસ્થોએ મુંબઈના હીરાબાગમાં એક સભા રાખી, આ સભામાં ગાંધીજીના સમર્થનમાં ઠરાવ કરવામાં આવ્યા હતા. આ સભામાં પ્રમુખ મંગળદાસ વિઠ્ઠલદાસ દેસાઈ હતા. તેમણે અસ્પૃશ્યતા અંગે કહ્યું હતું કે, ‘‘અસ્પૃશ્યતા એ આપણા હિન્દુ સમાજનો સડો છે, ગાંધીજી તેને દૂર કરવા મક્કમ છે, ત્યારે આપણે સમાજનાં શુદ્ધિકરણમાં સહકાર આપવો એ આપણી જવાબદારી છે.’’ (કપોળ અને કપોળમિત્ર, સંવતઃ ૧૯૮૮, અંકઃ ૧૧-૧૨) હિન્દુ મંદિરો દલિતો માટે ખુલ્લા મૂકવાની હિમાયત કરી હતી. હરિદાસ ગોરડિયાએ ગાંધીજીના આ કાર્યની જવાબદારી નિભાવે તો જ હિન્દુ સમાજનું ભલું થશે એમ કહેતા હતા. ડૉ. જેઠાલાલ વોરાએ દલિત વર્ગના અધિકારોને અટકાવવાથી હિન્દુ ધર્મ અને સમાજ નબળો થશે, એમ કહીને અસ્પૃશ્યતાના નામે હિન્દુ સમાજના ભાગલા અટકાવવા ઉપર ભાર મૂકતા હતા. હીરાલાલ નાળિયેરવાળા અસ્પૃશ્યતા એ પ્રાચીનકાળથી હિન્દુ સમાજને વળગેલા રોગ જેવી છે, અસ્પૃશ્ય વર્ગ પ્રત્યેનો ઉચ્ચવર્ણના લોકોનો વ્યવહાર એ અન્યાયકર્તા છે. ગાંધીજીના અસ્પૃશ્યતા નિર્મૂલન આંદોલનમાં કપોળ ભાઈ-બહેનોને ટેકો આપવા સમજાવતા હતા. (કપોળ અને કપોળમિત્ર)

પરસોત્તમદાસ ગોરડિયા અસ્પૃશ્યતાને હિન્દુ સમાજનું દુર્ભાગ્ય ગણતા હતા. ગાંધીજીના આ પુણ્યકાર્યમાં જોડાઈને હિન્દુ સમાજ અને દેવસ્થાનોમાં અસ્પૃશ્ય લોકોને અધિકાર આપવો, આ તેમનો પણ જન્મસિદ્ધ હક્ક છે, તેને અટકાવવો એ અમાનવીયપણું છે, તેના બદલે માનવતાનું કાર્ય કરવું જોઈએ. આ કપોળ સુધારકોના પ્રયાસોને લીધે ગાંધીજીના અસ્પૃશ્યતા ઉન્મૂલન આંદોલનને ઘણી સફળતા મળી હતી.

**૩. સમાપનઃ**

ગાંધીજીએ હિન્દુ-મુસ્લિમ એકતા પછીના બીજા મહત્ત્વના રચનાત્મક કાર્ય તરીકે અસ્પૃશ્યતા નિવારણનો સ્વીકાર કર્યો હતો. હિન્દુ ધર્મમાં મનુષ્ય-મનુષ્ય વચ્ચેના ભેદને દૂર કરવા માટે આ ઉપાય જરૂરી હતો. હિન્દુ ધર્મની કીર્તિ તો જ વધે જો હરિજનો પ્રત્યેનો સવર્ણ હિન્દુઓનો વ્યવહાર ભેદભાવ વિનાનો રહે. સ્વરાજ્ય માટે પણ એ મહત્ત્વનું હતું. ગાંધીજીએ કહ્યું કે, ‘‘સ્વરાજ્યની ઈમારત ઊભી કરવાનું જે કાર્ય આપણે લઈ બેઠાં છીએ, તેનો જ આ એક ભાગ છે.’’ (શાહ, દશરથ, રચનાત્મક કાર્યક્રમ આજના સંદર્ભમાં) જીવમાત્ર સાથેનો ભેદ મટાડવો એટલે અસપૃશ્યતા નિવારણ. આ સાદી સરળ વ્યાખ્યા ગાંધીજીએ આપી, તેને સુધારક કપોળ ગૃહસ્થોએ વ્યક્તિગત અને પોતાની જ્ઞાતિના આચરણમાં મૂકવાની પ્રવૃત્તિઓ કરી હતી. ગાંધીજીના આ કાર્ય સામે કેટલાક સનાતની કપોળ ગૃહસ્થોની નારાજગી હતી, તેમ છતાંય સુધારક કપોળ વણિકોનો વર્ગ મોટો હતો. ગાંધીજીના આ રચનાત્મક કાર્યમાં કપોળ વણિકોની પાયાની ભૂમિકા રહી હતી.

**સંદર્ભ સૂચિઃ**


૧. પારેખ, ખુશાલદાસ કુરજી, કાણકીયા, અમીદાસ પરમાણંદદાસ,. ‘કપોળ અને કપોળમિત્ર’, સંવતઃ ૧૯૮૮, અંકઃ ૧૧-૧૨, મુંબઈ.

૨. પારેખ, કાણકીયા ‘કપોળ અને કપોળમિત્ર’ સંવતઃ ૧૯૮૮, અંકઃ ૮-૯, મુંબઈ.

૩. પારેખ, કાણકીયા, ‘કપોળ અને કપોળમિત્ર’, સંવતઃ ૧૯૮૯, અંકઃ૭-૮, મુંબઈ.

૪. શાહ દશરથલાલ ‘રચનાત્મક કાર્યક્રમ આજના સંદર્ભમાં’, ઈ.સ. ૧૯૮૮, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.



(પીપળી, તા. કોડીનાર, જિ. ગીર સોમનાથ – ૩૬૨૭૨૦)

# શ્રીમદ્ ભગવદ્ગીતા અને ઉપનિષદ્નો સંબંધ

રઘુ પટેલ

શ્રીમદ્ ભગવદ્ગીતામાં બધા ઉપનિષદોનો સાર આપેલો છે, એ નિઃશંક બાબત છે. એટલું જ નહીં પણ આ ગ્રંથનું પૂરું નામ પણ 'શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપનિષદ્' એ પ્રમાણે છે. ગીતાના પ્રત્યેક અધ્યાયને અંતે અધ્યાય સમાપ્તિદર્શક જે સંકલ્પ આવે છે તેમાં इति श्रमद भगवदगीतासूपनिषत्सु ब्रह्मविधायां योगशास्त्रे श्रीकृष्णार्जुन શબ્દો છે. આ શબ્દો દ્વારા શ્રીમદ્ ભગવદ્ગીતા અને ઉપનિષદ્ વચ્ચે જે ગાઢ સંબંધ રહેલો છે, તે સ્પષ્ટ જણાઈ આવે છે.

ઉપનિષદ્ગ્રંથો બે પ્રકારની શૈલીમાં વિભાજિત છેઃ

(૧) ગદ્યાત્મક અને (૨) પદ્યાત્મક, ગદ્યમાં લખાયેલા બૃહદારણ્યક વગેરે ઉપનિષદોનાં વિચારોની ગીતાના તત્ત્વજ્ઞાનમાં સ્પષ્ટ અસર જણાય છે. પણ ગીતા પદ્યાત્મક હોવાથી પદ્યાત્મક ઉપનિષદોના વિચારો તો ગીતામાં અક્ષરસઃ મૂળસ્વરૂપે જ પ્રાપ્ત થાય છે. આવા પદ્યાત્મક ઉપનિષદો પૈકી કઠોપનિષદ્ની સહુથી વધારે અસર ગીતામાં જણાય છે. કઠોપનિષદ્ના છ-સાત મંત્રો અક્ષરશઃ અર્થાત્ થોડાક જ ફેરફાર સાથે ગીતામાં રજૂ કરેલા છે. દા.ત. ગીતાના બીજા અધ્યાયનો ૨૯મો શ્લોક आश्चर्यवत्पश्यति कश्चिदेनम्, કઠોપનિષદ્ની બીજી વલ્લીના आश्चर्यी वकता એ મંત્ર જેવો છે. આત્માની અમરતા બતાવતો કઠોપનિષદ્ના પ્રથમ અધ્યાયમાં બીજી વલ્લીનો મંત્ર ૧૯ हन्ता चेन्मन्यन्ते हन्तुं हतश्चेन्मन्यन्ते हतम ॥ अभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥ ગીતાના બીજા અધ્યાયનો શ્લોક ૧૯ સાથે અક્ષરશઃ સાદૃશ્ય ધરાવે છે. આ ઉપરાંત ગીતામાંના न जायते म्रियते वा कदाचित (૨.૨૦) તથા यदिच्छन्तो ब्रह्मचर्य चरन्ति (૮.૧૧) એ શ્લોકાર્ધ, કઠોપનિષદ્ના (૩.૧૦) શ્લોકમાં પણ અક્ષરશઃ આપેલો છે. ગીતાના ત્રીજા અધ્યાયનો ૪૨મો શ્લોક પણ કઠોપનિષદ્માં જોવા મળે છે. વળી પંદરમાં અધ્યાયમાં વર્ણવેલું અશ્વત્થવૃક્ષ રૂપક પણ કઠોપનિષદ્માંથી લીધેલું હોય એવું જણાઈ આવે છે. જોકે ઉપનિષદ્માં તે કલ્પના બ્રહ્મને માટે કરવામાં આવી છે. ગીતાના न तद भासयते सूर्यो (૧૫.૬) શ્લોકમાં, કઠોપનિષદ્ના न तत्र सूर्यो भाति न चन्द्रतारकम् ની સમાનતા જોઈ શકાય છે.

કઠોપનિષદ્ ઉપરાંત શ્વેતાશ્વતર ઉપનિષદ્ના ઘણા વિચારોનું પ્રતિબિંબ ગીતામાં પડેલું છે. નામ રૂપાત્મક જગતને સાચું માનનાર અવિદ્યા તત્ત્વને માટે 'માયા' શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ શ્વેતાશ્વતર ઉપનિષદ્માં થયેલો છે. અને તેમાંથી જ ગીતા અને મહાભારતમાં વપરાયેલો છે, એમ તિલકના 'ગીતા રહસ્ય' ગ્રંથમાં કહેલું છે. આ ઉપરાંત ગીતાના છઠ્ઠા અધ્યાયમાં शुचौ देशे प्रतिष्ठाय (૬.૧૧) એવું યોગાભ્યાસ માટેના યોગ્ય સ્થળનું વર્ણન શ્વેતાશ્વતર ઉપનિષદ્ના समे सुचौ (૨.૧૦) મંત્ર ઉપરથી લીધું હોય એમ જણાય છે. ગીતાના समं कायशिरोग्रीवं (૬.૧૩) એ શબ્દ ચિત્ર त्रिरुन्नतं स्थाप्य समं शरीरम् (૨.૮) એ શ્વેતાશ્વતર તર ઉપનિષદ્ના મંત્ર ઉપરથી લીધેલ છે. આ ઉપરાંત ગીતામાં રહેલ सर्वतः पाणिपादम् (૧૩.૧૩) શ્લોક અને શ્વેતાશ્વરોપનિષદ્નો ૩.૧૬ મંત્ર બંને ગ્રંથોમાં એક સમાન છે. अणोरणीयांस તથા आदित्यवर्ण तमसः परस्तात् એ પદો પણ આ બંને ગ્રંથોમાં એકસમાન છે.

ભગવદ્ગીતા પ્રમાણે ઉપનિષદોમાં પણ પરમેશ્વરનું સ્વરૂપ ક્યારેક સગુણ, ક્યારેક શુદ્ધ નિર્ગુણ તો ક્યારેક સગુણ નિર્ગુણ એવું ત્રણ પ્રકારે વર્ણવેલું છે. પરમાત્માનું ચિંતન મનન, ઉપાસના કરવાનું જે જે ઠેકાણે ઉપનિષદોમાં કહેલું છે તે તે ઠેકાણે અવ્યક્ત પરમેશ્વરને સગુણ કલ્પેલા છે. પરમેશ્વરમાં કલ્પેલા આ ગુણ ઉપાસના અધિકાર પ્રમાણે થોડા વધતા વ્યાપક અથવા સાત્ત્વિક હોય છે. અને જેની જેવી નિષ્ઠા એ પ્રમાણે તેને ફળ મળે છે. પુરુષ એ ક્રતુમય છે; જેવો જેનો ક્રતુ (નિશ્ચય) તેવી તેને મરણ પછી ગતિ મળે છે. એમ છાંદોગ્ય ઉપનિષદ્માં (૩.૧૪.૧) કહેલું છે.

અને દેવની ભક્તિ કરનારને દેવલોકની તથા પિતૃની ભક્તિ કરનારને પિતૃલોકની પ્રાપ્તિ થાય છે. (ગી. ૯.૨૫) એવું, તેમ જ यो चच्छ्ध्द: स एव स: (જેવી શ્રદ્ધા તેવો પુરુષ) ગી. ૧૭.૩માં પણ કહેલું છે. વળી 'પરબ્રહ્મમાંથી આ વ્યક્ત જગત નિર્માણ થયું' એવી ભાષા ઉપનિષદ્‌માં છે, તો ગીતામાં પણ આ જ પ્રમાણે 'મારું ખરું સ્વરૂપ અજ અને અવ્યય છે' (૭.૫૫) એમ કહેલું છે. વળી છાંદોગ્ય ઉપનિષદ્‌માં सदैव सौम्येदमग्र आसीत् कथमसत: सज्जायेत ભાઈ આ સર્વ જગત પહેલાં સત્ હતું, અસત્‌માંથી સત્ કેમ ઉત્પન્ન થાય વગેરે વિધાનો કરેલાં છે. (છાં ૬-૨-૧.૨) આ જ રીતે ભગવદ્‌ગીતામાં પણ ॐ तत् सत् (૧૭.૨૩), सदसच्चाहमर्जुन (૯.૧૯) અર્થાત્ સત્ પરબ્રહ્મ અને અસત્ દૃશ્યસૃષ્ટિ એ બે હું છું એમ ભગવાને કહેલું છે. વળી બીજા અધ્યાયમાં પણ (ગી. ૨.૧૬-૧૮) પરબ્રહ્મ સત્ અને અવિનાશી તથા નામરૂપ અસત્ એટલે નાશવંત છે એમ કહ્યું છે. ज्योतिषां ज्योति: 'તેજનું તેજ' જેવાં પદો ગીતા અને બૃહદારણ્યક ઉપનિષદ્‌માં એકસમાન છે. (ગી. ૧૩.૧૭, બૃ. ૪.૪.૧૬) છાંદોગ્ય ઉપનિષદ્‌માં કહ્યા અનુસાર મૃત્યુ પછી પુણ્યકર્મરહિત જીવાત્મા પશુપંખી વગેરે તિર્યક યોનિમાં જન્મ લે છે. ફરી ફરીને યમલોકમાં અર્થાત્ નરકમાં જાય છે. (છા. ૫.૧૦.૮) તેમજ ભગવદ્‌ગીતામાં 'કેવળ પાપી અર્થાત્ આસુરી પુરુષને આ જ નિરયગતિ પ્રાપ્ત થાય છે' (ગી. ૧૬.૧૯-૨૧) એમ કહેલું છે.

બ્રહ્મજ્ઞાન સંબંધી કેટલાંક વિધાનો પણ એક જ અર્થને વ્યક્ત કરતા જણાય છે. દા.ત. ગીતામાં કહ્યું છે કે अभितो ब्रह्मनिर्वाण वर्तते विदितात्मनाम् (ગી. ૫.૨૬) જેને પૂર્ણ જ્ઞાન થયું છે તેને બ્રહ્મનિર્વાણરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે. 'આવું જ વિધાન મુંડકોપનિષદ્‌માં પણ કહ્યું છે – ब्रह्मविद ब्रह्मैव भवति બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે. (મું. ૩.૨.૯) અર્થાત્ પદોમાં થોડાક ફેરફાર હોવા છતાં આ વિધાનો એકસમાન અર્થને અનુસરતા હોય તેમ લાગે છે. વળી કર્મની વિચારણા કરતાં ગીતામાં ભગવાને અર્જુનને કહ્યું છે ज्ञानाग्नि: सर्वकर्माणि भस्मसात्कुरुतेडर्जुन । (ગી. ૪.૩૭) અર્થાત્ જ્ઞાનરૂપી અગ્નિથી સર્વ કર્મ નષ્ટ થાય છે. આ જ પ્રમાણે મુંડકોપનિષદ્‌માં પણ કહ્યું છે કે क्षीयते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे । અર્થાત્ પરબ્રહ્મનું દર્શન થયા પછી તેનાં સર્વ કર્મનો ક્ષય થાય છે. મરણોત્તર ગતિની સમીક્ષા કરતાં વિધાનો પણ ઉપનિષદ્ અને ગીતામાં એકસમાન અર્થવાળા જોવા મળે છે. ગીતાના બીજા અધ્યાયમાં કરવામાં આવેલા વૈદિક કર્મકાંડના ખંડમાં મુંડકોપનિષદ્‌ના प्लवा ह्येते अदृढा यज्ञरूपा: માં કરવામાં આવેલી યજ્ઞનિંદાની સપષ્ટ અસર જણાઈ આવે છે. આ ઉપરાંત ગીતાના વિશ્વરૂપદર્શનની કલ્પનામાં પણ મુંડકોપનિષદ્ (૨.૧.૪)ની સ્પષ્ટ અસર જણાય છે.

ઉપનિષદ્ એ શ્રીમદ્‌ભગવદ્‌ગીતારૂપી અમૃતમય દૂધ આપનારી ગાયો છે. – આ વિધાન ઈશોપનિષદ્ વિષે સૌથી વધુ યથાર્થ જણાય છે. ઈશોપનિષદ્‌ના ૧૮ મંત્રોમાં ગીતાની સમગ્ર ફિલસૂફી સમાઈ જાય છે. ઈશોપનિષદ્‌ના પ્રથમ બંને મંત્રોનો ઉપદેશ નિષ્કામ કર્મયોગનો છે. આ મંત્રનો સાર એ છે કે આ જગતનો ચરાચર પદાર્થ ઈશ્વરથી સભર છે. ત્યાગની ભાવનાથી ભોગવવું જોઈએ. કારણ કે ધન કોનું છે? તે ઈશ્વર સિવાય કોઈનુંય નથી. કર્મ કરતા રહીને જ પૂરાં સો વર્ષ પર્યંત જીવવાની આશા રાખવી જોઈએ. આવો યાવજ જીવન નિષ્કામ કર્મના અનુષ્ઠાનનો માર્ગ તારા માટે છે. એ પ્રમાણે નિષ્કામ કર્મના અનુષ્ઠાનથી માણસને તે કર્મનો લેપ લાગતો નથી.

સંપૂર્ણ ગીતાના કર્મયોગનો સાર આ બે મંત્રોમાં આવી જાય છે. ગીતાના (૧) મારાથી જ આ જગત્ વ્યાપ્ત છે (૯.૪), (૨) એવું કોઈ ચરાચર ભૂત નથી જે મારાથી વ્યાપ્ત ન હોય (૧૦.૩૯), (૩) હું એક જ અંશથી આ જગતને ધારણ કરું છું. (૧૦.૪૨) વગેરે શ્લોકો સાથે ઈશોપનિષદ્‌નો ईशावास्यभिदं सर्व यत किञ्च जगत्यां जगत (૧) મંત્ર અક્ષરશઃ મળતો આવે છે. આ જ મંત્રના तेन त्यक्तेन भुग्जीथा: પદ સાથે ગીતાનો स्वकर्मणा तमभ्यर्च्य सिद्धि विन्दति मानव: (૧૮.૪૬) શ્લોક તદ્દન સામ્ય ધરાવે છે. સમગ્ર મહાભારતમાં મોતીની જેમ ચમકતી ગીતાના અનાસક્તિપૂર્વકના કર્મયોગનું મંડાણ ઈશોપનિષદ્‌ના આ મંત્રના આધારે થયું છે એમ કહેવામાં અત્યુક્તિ નથી.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું અધ્યાત્મજ્ઞાન ઉપનિષદ્ પર અંશતઃ આધારિત છે. ગીતાના બીજા અધ્યાયમાં આત્માનું અશોચ્યત્વ, આઠમા અધ્યાયમાં અક્ષરબ્રહ્મનું સ્વરૂપ, તેરમા અધ્યાયમાં ક્ષેત્રક્ષેત્રજ્ઞવિચાર પરબ્રહ્મનું

સ્વરૂપ વગેરે બાબતો ઉપનિષદ્‌ગ્રંથોમાં અક્ષરશઃ જોવા મળે છે. આ સિવાય ગીતા અને ઉપનિષદ્‌ગ્રંથોમાં શબ્દ સાદશ્ય જોઈએ તો सर्वभूतस्थमात्मानं. (ગી. ૬.૨૯) તથા वेदैश्च सर्वैरहमेव वेद्यो (ગી. ૧૫.૧૫) એ બંને શ્લોકાર્ધ કૈવલ્યોપનિષદ્‌માં (કૈ. ૧.૧૦,૨.૨૩) અક્ષરે અક્ષર મળતા આવે છે. આમ ગીતાનું તત્ત્વજ્ઞાન ઉપનિષદ્ પર આધારિત છે. એ બાબત ઉપરના પુરાવાઓ દ્વારા સિદ્ધ કરી શકાય છે.

વળી કેટલીક બાબતોમાં ગીતા ઉપનિષદ્‌ગ્રંથોથી તદ્દન ભિન્ન માર્ગે ચાલે છે. દા.ત. ગીતામાં કપિલ મુનિના સાંખ્યને વધુ મહત્ત્વ આપેલ છે, જે ઉપનિષદ્‌માં નથી. બૃહદારણ્યક, છાંદોગ્ય જેવા પ્રસિદ્ધ ઉપનિષદ્‌ગ્રંથોમાં 'સાંખ્ય' શબ્દનો ક્યાંય ઉલ્લેખ નથી. સાંખ્યદર્શનના કેટલાક સિદ્ધાંતો ગીતા સ્વીકારે છે, છતાં સંપૂર્ણતઃ એ સિદ્ધાંતોને અનુસરતી નથી. ત્રિગુણાત્મક અવ્યક્ત પ્રકૃતિમાંથી ગુણોત્કર્ષને લીધે સૃષ્ટિનું નિર્માણ શી રીતે થયું તે અંગેનો સાંખ્યનો સિદ્ધાંત તથા પુરુષનું નિર્ગુણપણું ગીતાને માન્ય છે. પરંતુ પુરુષ અને પ્રકૃતિને સ્વતંત્ર ન માનતાં તે બંને ઉપનિષદ્‌માં નિરૂપિત એક જ પરબ્રહ્મનાં સ્વરૂપ છે, તેમ જણાવી ક્ષરાક્ષરનું વર્ણન કરીને સાંખ્ય તથા ઉપનિષદ્‌થી અલગ પડે છે.

ભગવદ્‌ગીતામાં મુખ્ય અગિયાર ઉપનિષદ્ ઉપરાંત અવધૂત, મહ, વરાહ, અધ્યાત્મ, તેજબિંદુ, ક્ષરિકા, અન્નપૂર્ણા, સુબાલ તથા યોગશિખ વગેરે ઉપનિષદ્‌ગ્રંથોનો પ્રભાવ પણ જોઈ શકાય છે. જેમ કે અવધૂતોપનિષદ્‌નો मामाकर्तुलेपस्य यथारब्धं प्रवर्तता (अव .૨૨) મંત્ર ભગવદ્‌ગીતાના न मा कर्माणि लिम्पन्ति (ભ.ગી. ૪.૧૪) શ્લોક સાથે સંબંધ ધરાવે છે. મહોપનિષદ્‌નો हर्षामर्षभय (૨.૪૪) મંત્ર ભગવદ્‌ગીતાના हर्षाहर्षभयो (૧૨.૧૫) શ્લોક સાથે સામ્ય ધરાવે છે. તદુપરાંત न शोचति न कांक्षति (मह ૬.૬૪) અને ब्रह्मभुतः प्रसन्नात्मा न शोचति नकाडक्षति (भगी ૧૮.૫૪) બંને એક સમાન અર્થવાળા છે. વરાહોપનિષદ્‌નો મંત્ર यस्थ नाहंकृतो (૪.૨૫) અને ભગવદ્‌ગીતાનો શ્લોક यस्य नाहंकृतो भावो (૧૮.૧૭), અધ્યાત્મોપનિષદ્‌નો મંત્ર अध्यस्तस्य कुतस्तत्वम् (૫૮) અને ભગવદ્‌ગીતાનો શ્લોક नासतो (ભ.ગી. ૨.૧૬), તેજ બિંદુપનિષદ્‌નો મંત્ર ब्रह्मभूतः प्रसन्नात्मा (૪.૩૩) અને ભગવદ્‌ગીતાનો શ્લોક ब्रह्मभूतः प्रसन्नात्मा (૧૮.૫૪), ક્ષુરિકોપનિષદ્‌નો મંત્ર कूर्मोडगानीव संहृत्य (૨.) અને ભગવદ્‌ગીતાનો શ્લોક कूर्मोडगानीव सर्वशः (૨.૪૮) તથા सर्व दारान्निरूध्य च (ક્ષુરિકો ૩) અને सर्व द्राराणि संयम्य (ભ.ગી. ૮.૧૨) વચ્ચેનું સામ્ય જોઈ શકાય છે. અન્નપૂર્ણોપનિષદ્‌ના મંત્ર कर्मस्वनुषज्जते (૨.૫) અને ભગવદ્‌ગીતાનો શ્લોક न कर्मणामनारम्भान्नैष्कर्म्य (૩.૪),સુબાલોપનિષદ્‌ના મંત્ર मैवमात्माप्रवचनशतेनापि અને ભગવદ્‌ગીતાનો શ્લોક न वेदयज्ञध्ययनेन (૧૧.૪૩), યોગશિખોપનિષદ્‌ના મંત્ર देहावसानसमये चिते यद्य द्विभावयेत् (૧.૩૦) અને ભગવદ્‌ગીતાનો શ્લોક यं यं वाडपिस्मरन्भावं त्यजयन्ते कलेवर्र (૮.૬) ઉપર સીધેસીધો પ્રભાવ પડેલો હોય તેવું જણાઈ આવે છે.

આમ, શ્રીભગવદ્‌ગીતા ઉપર પ્રમુખ ઉપનિષદ્‌ગ્રંથોનો વધુ પ્રભાવ હોવા છતાં અન્ય ઉપનિષદ્‌ગ્રંથોની અસર પણ અંશતઃ જોવા મળે છે. ભગવદ્‌ગીતા અને ઉપનિષદ્‌નો તુલનાત્મક અભ્યાસ કરીએ તો सर्वोपनिषदो गावो સંપૂર્ણતઃ સાર્થક બને છે. એમ નિઃશંક કહી શકાય.

**સંદર્ભઃ**


(૧) ઉપનિષદોનું તત્ત્વચિંતન – નાથાભાઈ પાટીદાર

(૨) ઈશોપનિષદ્ – ગૌતમ પટેલ

(૩) કઠોપનિષદ્ – ઉમાશંકર જોષી

(૪) કેનોપનિષદ્ – મગનભાઈ દેસાઈ

(૫) મુંડકોપનિષદ્ – ડૉ. વાસુદેવ પાઠક

(૬) ભગવદ્‌ગીતા – પંડિત સાતવળેકર

(૭) શ્રી ઉપનિષદો – નથ્થુરામ શર્મા

(૮) श्रीमदभगवद गीता - डॉ. राधाकृष्णन्

(૯) छान्दोग्योपनिषद् – शंकराचार्य - गीता प्रेस

(૧૦) १०८ उपनिषद् - श्री राम शर्मा आचार्य



(અધ્યાપક, ભવન્સ આર્ટ્સ, સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ,
ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા – ૩૮૮ ૨૨૫.
મો.: ૯૯૦૯૨૯૧૪૯૪)

# બનાસકાંઠાના આદિવાસી ડુંગરી ગરાસિયાનાં લગ્ન

વાઘરી અશોકભાઈ બાબુભાઈ

હિન્દુ આદિવાસી ડુંગરી ગરાસિયા બનાસકાંઠા અમરીગઢ તાલુકા, દાંતા તાલુકામાં અને અંબાજી ધામના ડુંગરિયાળ વિસ્તારમાં વસે છે. અરવલ્લીની ગિરિકંદરાઓમાં અમીરગઢ, અંબાજી, દાંતાના વિસ્તારમાં આ પ્રજા વર્ષોથી જોઈ શકાય છે. ગરાસિયાની પેટા જ્ઞાતિઓમાં ઘોરણા, સાગીયા, ગમાર, સોલંકી, રાપદરા, પીસરા, ખરાડી, ધ્રાંગી, પરમાર, પરમાર લુણાત, ચૌહાણ, હોળકી, અંગારી, બુંબડિયા, વાંસીયા, દાંમા, ભગોરા, ડુંગાઈસા, પારઘી, તાઈવર, પાંડેર, મોરી, ભાંગડિયા પરમાર, કુંવર પરમાર, માણસા વગેરે છે.

તેમાં ઘોરણા, ખરાડી, ડુંગાઈસાનાં કુળદેવી અંબાજી છે. તો ચૌહાણ ડામોરનાં કુળદેવી આશાપુરી છે.

તેમના પહેરવેશમાં પુરુષો ધોતી-ફેંચી વગરની (જુલકી) શર્ટ, સ્ત્રીઓ ઘાઘરો અને પટ્ટાવાળી જુલકી પહેરે છે. હવે શહેરી સંસ્કૃતિની અસર આ સમાજના યુવક-યુવતીઓના પહેરવેશ પર જોઈ શકાય છે. તેમનાં રહેઠાણ કાચા, માટીમાં ચણતર કરેલ જૂની પદ્ધતિ પ્રમાણે નિર્મિત છે. પણ હવે સરકારી આવાસોની યોજનાનો લાભ તેમના સુધી પહોંચ્યો હોવાથી કેટલાંક પાકાં પતરાવાળાં, પાકાં તળીયાવાળાં અને સિમેન્ટ ક્રોંક્રિટવાળાં મકાનો પણ જોવા મળે છે.

ડુંગરી ગરા પોતે પોતાના નિશ્ચિત ગોત્રમાં વિભાજિત છે. જે દેવ આયોજિત છે. પોતના ગોત્રમાં લગ્ન કરી શકતાં નથી. ગોત્રો વચ્ચે ઊંચ-નીચ જેવા ભેદો નથી પણ જંગલોમાં છૂટાછવાયા રહેતા આ પ્રજાજનોને એકત્રિક કરવામાં ગોત્ર મહત્ત્વનો ભાગ ભજવે છે. તેમનામાં સંકટ સમયે ઢોલ વગાડવાનો રિવાજ છે. ઢોલ વાગે ત્યારે ગોત્રના બધા લોકો ભેગા થઈ જાય છે અને સંકટ સામે એક થઈ નિવારણ લાવે છે.

ડુંગરી ગરાસિયાઓ વહેવારોમાં જૂના રિવાજો પ્રમાણે ચાલે છે અને ગામમાં એક ગરાસિયા સમાજમાંથી (પટેલ) ગામનો મુખ્ય વ્યક્તિ ન્યાય કરે છે અને જે સમાજમાં ઘટના કે કિસ્સો બને તે ગામનો પટેલ ઘટના કે કિસ્સામાં જવાબદાર વ્યક્તિઓને સમાજમાં દંડ ફટકારે છે. જે તે ગામના પાંચ અથવા દસ પંચો દ્વારા નક્કી કરવામાં આવે તે ગુનેગાર વ્યક્તિને દંડ ભરવો પડે છે. મૃત્યુ પછી 'સડોતરું' કરવામાં આવે છે. ખૂનના કિસ્સામાં સડોતરામાં ભાઈઓ અને બહેનો દ્વારા ખૂની વ્યક્તિના ઘરની તોડફોડ કરવી અને જ્યાં સુધી સમાધાન ન થાય તો તે વ્યક્તિઓએ પોતાની માલિકીની જમીન અને ઘરબાર છોડવાં પડે છે. જો સમાધાન ન કરવામાં આવે તો ૨૦ વર્ષ સુધીમાં પણ બદલો લેવો પડે છે. ખૂનના કિસ્સામાં પોલીસ સાજ કરે તો ખરી પણ આ ડુંગરી ગરામાં અલગ અલગ ગામોમાંથી પંચ બોલાવે અને જે દંડ નક્કી થાય તે દંડ ભરવો પડે છે.[૧]

આદિવાસી ડુંગરી ગરાસિયા સમાજમાં યુવક-યુવતીઓમાં પ્રણય મેળાઓમાં પાંગરે છે. પહેલાંના સમયમાં છોકરીને છોકરો ન પસંદ હોય તો તે છોકરીને મેળામાંથી ઉઠાવી અને જબરદસ્તીથી પોતાની પત્ની બનાવતા હતા અને જે સમાજે નક્કી કરેલ દંડ થાય તે ભરવામાં આવતો હતો. તેમનાં લગ્નમાં આર્થિક બાબત વધુ અસર કરે છે. જો આર્થિક સ્થિતિ સારી ન હોય અથવા તો લગ્નની શક્યતા કે સંજોગો પ્રતિકૂળ હોય પણ છોકરી-છોકરો એકબીજાને પસંદ કરતાં હોય તો તે ભાગી જતાં હોય છે.

**સગપણ:**

જ્યારે ડુંગરી ગરાના બંને પક્ષોએ છોકરી-છોકરો એકબીજાને પસંદ હોય તો બંને પક્ષો વચ્ચે સંબંધ જોડે છે. જ્યારે બંને પક્ષો વધારે ગરીબ હોય તો આડા દિવસે અથવા મેળામાં કે આદિવાસી કોઈપણ પ્રસંગ થાય ત્યારં બંને ભાગી જાય છે. છોકરા પક્ષના કુટુંબના વ્યક્તિઓ છોકરી પક્ષના માણસોને સમાચાર પહોંચાડે છે કે તમારી છોકરીને અમારો છોકરો લાવ્યો છે અને એ રીતે છોકરી પક્ષવાળાને વર પક્ષવાળા બોલાવે છે અને જે સમાજનો દંડ હોય તે આપે છે. ત્યાર પછી તે છોકરી-છોકરા માટે સાસરી અને પિયરમાં અવર-જવર ચાલુ થાય છે. જ્યારે બંને પક્ષે આર્થિક સ્થિતિ લગ્ન કરાવી શકાય તેવી ન હોય તો ભલે ગમે તેટલાં બાળકોનાં તે માતા પિતા બને તો પણ લગ્ન પાછળથી કરે છે. એટલે કે ડુંગરી ગરાસિયા પાસે રૂપિયા ન હોય



વર-કન્યાને કંકુ ચાંદલો કરી વાંદતા વડીલ



સમૂહ લગ્નમાં ઉતારે બેઠેલા વરરાજાઓ

તો પણ લગ્ન કર્યા વગર પણ પતિ-પત્ની સહજીવન જીવી શકે છે. તે અમારા ડુંગરી ગરાસિયાનો શબ્દ છે.[૨]

ગરાસિયા સમાજમાં સમૂહલગ્ન પણ થાય છે અને તેમની ઉપરોક્ત સંસ્કૃતિને કારણે વિશિષ્ટ બાબત તો એ છે કે કેટલીકવાર પિતા-પુત્રનું એક જ દિવસે પણ લગ્ન થાય છે.

આજે તેમની લગ્ન પરંપરામાં પરિવર્તન કેટલાક અંશે આવ્યું છે. આજે મહદ્અંશે માતા-પિતાની સંમતિથી લગ્ન કરવામાં આવે છે. બંને પક્ષે સંમતિ સધાય તો વર પક્ષના પાંચ માણસ સારું મુહૂર્ત જોઈને કન્યા પક્ષના ઘરે જાય છે. જેને 'લગન નોંધવું' કે 'ઝેમણા ઝાવું' કહેવામાં આવે છે. જ્યારે લગ્ન નિર્ધારણ માટે મુહૂર્ત જોવાનું થાય ત્યારે બ્રાહ્મણ કે વેદી પાસે મુહૂર્ત જોવડાવવામાં આવતું નથી. (રામ ભરોસે) સારો વાર હોવો જોઈએ. (રવિ, સોમ, બુધ, ગુરુ અને શુક્ર) જ્યારે કેસુડાને ફૂલ આવે તથા જંગલોના વૃક્ષોને કૂંપળ ફૂટે ત્યારે (અષાઢ અને જેઠ મહિનામાં) લગ્ન વધુ થાય છે. પિયુ ને પિયા વચ્ચે સંબંધ જોડવા માટે આદિવાસી આદિકાળથી જે વાજિંત્ર હોય જેમ કે જૂનાઢોલ, વાંસળી, ઘારિયું, કુંડી વગેરે ગરાસિયા સ્વખર્ચે પોતાના પારંપારિક વાજિંત્ર વગાડે છે.

તેમનો 'ઝેમણા'નો વિધિ સાબારકાંઠના ડુંગરી ભીલ આદિવાસીઓના જેવો છે. તેમના રિવાજ મુજબ આ પ્રકારના લગ્નમાં પણ નક્કી કરેલું 'દાપું' વરપક્ષે આપવું પડે છે. પહેલાંના સમયે કુંવારી કન્યાનું 'દાપું' ૨,૩,૪, કે ૧૦ રૂા. તથા વિધવાનું ૧ રૂપિયો હતું. આજે ૧૦,૦૦૦થી માંડીને ૪૦,૦૦૦ રૂપિયા સુધી દાપું લેવામાં આવે છે. આ લોકો મોજીલા અને આનંદી છે. તેથી સગપણ નક્કી થયા પછી માંસાહારી ખોરાકમાં બકરાનું શાક અને ઠેઠા ખાય છે. તથા દેશી દારૂ પીવે છે, ગીતો ગાય છે અને આનંદ વ્યક્ત કરે છે.

સગાઈ નક્કી થઈ ગયા પછી બીજે લગ્ન થઈ શકતા નથી. જો તેમ થાય તો કન્યાના ત્રીજા પક્ષવાળા વ્યક્તિએ રૂપિયા ૬૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ સુધીનો દંડ વરના પિતાને આપવો પડે છે.

જે દિવસે લગ્ન નક્કી થાય તે દિવસે સાંજે પાટે બેસાડવાના હોય ત્યારે સવારે ગામમાં નોતર આપવામાં આવે છે. અથવા લગ્નના આગળના દિવસે નોતર આપવામાં આવે છે. ગામથી જે શહેર નજીક પડતું હોય ત્યાં જાય છે અને કપડાં અને લગ્નનો સામાન ખરીદે છે. ત્યારે ગીતોનું ગુંજન પણ હોય છે.

**ગરાસિયાનાં ગીતઃ**

*લાડા થારો બાપો હળદી મોલવે હે રસિયા (૨)*
*લાડા થારો કાકો, ભાઈ કપડાં મોલવે હે રસિયા (૨)*
*લાડા થારો બાપો આટાં કે બજારાં માંયે હે રસિયા ૨)*

**પાટ બેસાડવાનાં ગીતઃ** પહેલાં તો ગણેશને નોતરાવે છે અને પછી પોતાની કુળદેવીને પણ નોતરાવે છે.

*પાટ બહેને જાણો લાડા લગન વહે જોઈ રે... (૨)*
*ગામેરાં પાટ બેસાડિયા લાડા, પાટ બહૈને જાણ રે... (૨)*

અને પછી ગામના લોકો તથા છોકરા-છોકરીઓ પણ ગીતો ગાય છે. જેમ કે,

*કુણાજીરા રાજમાં વિદરાજા ઝાંપ મોર બોલે રેજું (૨)*
*માતાજીના રાજમાં વિદરાજા ઝાંપ મોર બોલે રેજું (૨)*

બીજા દિવસે જે માણસને નોતર આપવામાં આવેલું હોય તે વ્યક્તિઓ આવે છે. મામા મામેરું લાવે છે. માને ગામમાં કોઈ ભાઈ કરેલ હોય તે પણ મામેરું લાવે છે. આ તમામ મહેમાનોને કંકુના ચાંદલા કરે છે અને તેમને મા દ્વારા નમણ કરે અને વાંદે છે. આવેલા મહેમાન માટે સ્વાગત ગીત ગાય છે.

ડુંગરી ગરાસિયાના લગ્નમાં કેટલાક રિવાજો સામાન્ય તો કેટલાક વિશિષ્ટ છે. જેમાં 'મોરયું' નચાવવાનો રિવાજ વિશિષ્ટ કહી શકાય. કારણ કે તે તેમની આગવી સંસ્કૃતિમાંથી ઊભો થયેલો રિવાજ છે. રાત્રે 'મોરિયું' નચાવવાનો વિધિ થાય છે. જેમાં તેમની વિશિષ્ટ બોલીમાં ગીતો ગાતાં અને આગવી નૃત્યશૈલીમાં વર કે કન્યાને ખાટલે બેસાડી ખાટલાને સંબંધીઓ દ્વારા ઉપર નીચે કરી વર કે કન્યાને ઉછાળે છે. પીઠીનું આગવું મહત્ત્વ છે. લગ્ન પૂર્વે ૩થી ૪ દિવસ પહેલાં વર અને કન્યાને દરરોજ પીઠી થાય છે. આમ સાત પીઠી કરવામાં આવે છે. જેમાં સગા-સંબંધીઓ વિશેષ ભાગ લે છે.

તમામ મહેમાન નાચતા, ગીતો ગાતા અને દેશી દારૂ તથા અંગ્રેજી દારૂની 'ઝેર' (મોજ માણવામાં) કાઢવામાં આવે છે. ગામના લોકો બીજા સગા-સંબંધીઓને 'ઓઢમણ' કરવાનો હોય છે. તેમાં ધોતી, પેન્ટ-શર્ટનું કાપડ, નગદ રૂપિયા તો કોઈ સોના-ચાંદીના દાગીના આપે છે. બીજા દિવસે જાનની તૈયારી કરે છે. કન્યા પક્ષવાળા પાસેથી જાન સવારે આઠ વાગે કે બપોરે બાર વાગે લઈ પહોંચવું તે ચોક્કસ સમય વરપક્ષવાળા જાણી લે છે.

**જાનપ્રસ્થાનઃ**

ગામમાંથી તમામ છોકરા-છોકરીઓ તથા અમુક આગેવાનો પણ જાનમાં જાય છે. ગીતો અને ઢોલના નાદ સાથે જાનપ્રસ્થાન કરે છે.

**જાનગીતઃ**

*ઝટ કરો બનેવી મારા લગન વહે જાઉ રે. (૨)*
*પાગોરી બાંધી રે કુંવર કેટ જાવાની હોરા રે. (૨)*
*પાગોરી બાંધી રે મોટા (દાદા) પરણવાની હોશ રે. (૨)*

જાન કન્યાના ગામને ગાંદરે રોકવામાં આવે છે. અને કન્યા પક્ષના ગામના આગેવાનોના આદેશ પ્રમાણે જાન કન્યાના ઘર સુધી જાય છે. અહીં નોંધપાત્ર બાબત એ છે કે કન્યા પક્ષનો આદેશ ન મળે અને જાન કન્યાના ઘર પાસે લઈ જવામાં આવે તો કન્યા પક્ષના આગેવાનો દ્વારા દંડ લેવામાં આવે છે.



**વર રાજાઓને નચાવતા સંબંધીઓ**

કન્યાને વરપક્ષવાળા કપડાં આપે તે પહેરાવવામાં આવે છે. તેના પછી કન્યા પક્ષવાળાને વર સોંપી દેવામાં આવે છે. અને તે અડધા કલાકથી એક કલાકમાં પરણાવીને કન્યા અને જમાઈને જમાડે છે. સાથે સાથે નોતર અને સગા-સંબંધીઓ, મહેમાનોને પણ જમાડવામાં આવે છે.

**છૂટાછેડાઃ**

લગ્ન થયા પછી સંતાનો થાય અને પતિ-પત્ની વચ્ચે અમુક સંજોગોમાં ઝઘડા કે મારામારી કરવામાં આવે તો સમાજમાં દંડ ભરવો પડે છે. જો વર કામચોર, દારૂડિયો હોય પત્નીને વધારે હેરાન કરતો હોય તો છૂટાછેડા પણ આપવામાં આવે છે.

**વિધવા વિવાહઃ**

વિધવા સ્ત્રી બીજા લગ્ન કરી શકે છે. પછી ભલે તે સંતાનોની માતા હોય કે ૪૫ વરસની હોય તો પણ લગ્ન કરી શકે છે. આ બાબતે કોઈ પણ ડુંગરી ગરાસિયા સમાજમાં વાંધો નથી.

**રૂબરૂ મુલાકાતઃ**

૧. તા. ૨૮-૭-૨૦૧૩ના રોજ અમીરગઢ તાલુકાના કરમદી ગામના સુનિલભાઈ સુરમાભાઈ ચૌહાણ.
૨. તા. ૮-૮-૨૦૧૩ના રોજ ઘાંટા ગામના વાઘાભાઈ ભેરાભાઈ ઘોરણા.
૩. તા. ૧૮-૮-૨૦૧૩ના રોજ ઘાંટા ગામનાં શારદાબેન થાવરાભાઈ ખરાડી પાસેથી જાણવા મળેલાં લગ્નગીતો.
૪. તા. ૨૫-૮-૨૦૧૩ના રોજ રબારીયા ગામના ભારતીબેન રાવતા ભાઈ ધ્રાંગી.

(અધ્યાપક, સરકારી વિનયન કૉલેજ,
અમીરગઢ, જિ.બનાસકાંઠા)

# आदिवासी साहित्य और संस्कृति

**खन्नाप्रसाद अमीन**

आदिवासी साहित्य प्रकृति के गोद में पले लोगों का साहित्य है । सदियों से गिरिकंदराओं में निवास करनेवाले आदिवासी सभी प्रकार की चिन्ताओं से मुक्त है । उनको नहीं राजनीति की चिन्ता है और नहीं गाडी-बंगला में घुमने - रहने की चिन्ता है । केवल और केवल प्रकृति की गोद में रहकर आनंद एवं मस्ती के साथ अपने जीवन का निर्वाह करते है । जंगलो में निवास कर अपनी हस्तकला एवं शिकारीकला में प्रावीण्य हाँसल करते हैं । वे थके हुये समय में आनंद के लिए प्राकृतिक वस्तुओं से बनाये गये संगीत के साधनों का ही उपयोग करते हैं । वैश्वीकरण के इस युग में भी आदिवासियों का विकास जहाँ का तहाँ ही है । आज भी गुजरात में निवास करनेवाले उत्तर गुजरात, मध्य गुजरात और दक्षिण गुजरात के आदिवासियों का जीवन जंगल से ही जुड़ा है । उत्तर गुजरात में अरवल्ली गिरिमाळाओं में हजारों  की संख्या में आदिवासियों रहते हैं । उनकी संस्कृति आदिम संस्कृति हैं । उनके भी अलग देव-देवियाँ है तथा भूत-प्रेत, डाकण-चुडेल आदि में भी विश्वास करते है । वृक्षों एवं पत्थरों को भी अपना देव मानकर पूजा करते तथा नैवेद्य-भोग, बली आदि चढाते हैं । इस समय गीत गाते, नृत्य करते, संगीत के साथ ढोल-नगाडे, थाली बजाकर आनंद प्राप्त करते हैं । उनका लोकसाहित्य केवल अलिखित रुप में ही प्राप्त होता है क्योंकि आदिवासियों को सदियों से 'वनवासी और जंगल के राजा' कहकर शिक्षा से वंचित रखा गया है । उनकी असभ्य जंगली, भील इत्यादि शब्दों से उपेक्षा ही की जाती रही । उनका पूरा जीनव परंपरागत सामाजिक एवं धार्मिक रुढियों में ग्रस्त होता गया । उनका जीवन नृत्य एवं संगीत से धबकता रहा है । सभी प्रकार के त्यौहारों में आदिवासियों का लोकगीत भिन्न-भिन्न प्रकार के होते हैं । होली का त्यौहार उनके लिए विशेष महत्त्वपूर्ण माना जाता है । होली के समय में स्त्री-पुरुष दोनों मिलकर गीत गाना, ढोल बचाना, नाचना-कूदना और वृक्षों के पर्णो से नवीन वस्त्र परिधान करते हैं । यह गीत केवल मौखिक रूप में अभिव्यक्त होते हैं, उनका संगीत के साथ ताल और लय बहुत वड़ा सुनहरा लगता है । उसमें बहुत मधुरता देखने को मिलती है । नाचते-कूदते समय वे अपने पूरे जीवन को भूल जाते है और आनंदित होकर एक-दूसरे में हिलमिल जाते हैं । वे नृत्य संगीत के द्वारा ही दिनभर की घकावट को भूल जाते हैं ।

आदिवासियों का जीवन कई लोककथाओं से भी जुड़ा हुआ है । लोकगीतो और लोककथाओं से समृद्ध आदिवासियों के मौखिक साहित्य को भारतीय साहित्य के लेखकोंने अनेदेखा किया है और उनकी गौरवपूर्ण लोकगाथाओं को भी किसी भी जगह स्थान नहीं दिया । इसलिए शिक्षावंचित आदिवासियों का मौखिक साहित्य लिखित रूप से दूर रहा । तथाकथित सभ्य लोग आदिवासियों को जंगल में रखना चाहते हैं, उसको अक्षर ज्ञान देने के विरोध में है । उनको केवल जंगल से बाहर निकालकर अपने खेतों मजदूरी करवाना ही उनका परम और चरम लक्ष्य रहा है या है । आज भी आजादी के कई सालों के बाद भी आदिवासियों का यही हाल है । इसाई मिशनरीओंने भारत में आकर देखा और अपने धर्म के प्रचार के लिए वनो में बसी जन-जातियों को अक्षरज्ञान दिया । उन्होंने आदिवासियों को जीवन जीने का सच्चा मार्ग बताया । उनके लिए मिशनरी स्कूल और कॉलेज भी खोले गये, तब ही कई आदिवासियों शिक्षा से लाभान्वित हुये । उसके परिणाम रूप ही शिक्षित आदिवासियों की नई पीढी का जन्म हुआ और आज हम आदिवासियों के सदियों पुराने मौखिक-अलिखित साहित्य को लिखित रूप में देख सकते हैं । इसाई मिशनरियोंने दक्षिण गुजरात के आदिवासियों में राजपीपला, डेडियापाडा, सागबारा, डांग, आहवा, सापुतारा, वलसाड, नवसारी, आदि क्षेत्र के लोगों को जंगलों में और झोपडियों में बसे जन-जातियों के लोगों के पास जाकर शिक्षा दी । इसलिए कई आदिवासियों ने इसाई धर्म को स्वीकार किया । अशिक्षित और असभ्य कहलानेवाले आदिवासियों में परिवर्तन की हवा बहने लगी । उत्तर गुजरात के साबरकांठा ज़िला के मेघरज, भीलोडा, विजयनगर, वडाली, इडर, खेडब्रह्मा, पोशीना और दाहोद तथा पंचमहाल, बनासकांठा में बसे

आदिवासियों में भी परिवर्तन आया । पूरे भारतवर्ष के आदिवासियों में आज नयी चेतना की लहर जाग उठी है । अब वे मौन नहीं कलम की भाषा से बोलने लगे हैं और वे खुद का साहित्य लिखने लगे हैं । आदिवासी साहित्य के बारे में डॉ. विनायक तुमरामने लिखा है कि ''आदिवासी साहित्य वनसंस्कृति से सम्बन्धित साहित्य है । आदिवासी साहित्य, उन वन - जंगलों में रहनेवाले वंचितों का साहित्य है, जिनके प्रश्नों का अतीत में कभी उत्तर ही नहीं दिया गया । यह ऐसे दुर्लक्षितों का साहित्य है, जिनके आक्रोश पर मुख्यधारा की समाज व्यवस्थाने कभी कान हीं नहीं धर । यह गिरि-कंदराओं में रहनेवाले अन्यायग्रस्तों का क्रान्ति साहित्य है । सदियों से जारी क्रूर और कठोर न्याय व्यवस्थाने, जिनकी सैंकडों पीढियों को आजीवन वनवास दिया उस आदिम-समूह का मुक्ति-साहित्य है आदिवासी साहित्य ।'' (आदिवासी: साहित्ययात्रा - सं.रमणिका गुप्ता, पृ. २४)

आदिवासी साहित्य सच्ची वेदना को अभिव्यक्त करनेवाला साहित्य है । इसमें किसीको गुमराह करने की कोई बात ही नहीं है । सदियों से भील और वनवासी कहकर जंगलों में ही रहने के लिए बाध्य किये गये । उनके साथ सभ्य समाजने अन्याय एवं प्रताडना से व्यवहार किया । इस साहित्य में अन्यायों के सामने न्याय की मांग का आक्रोश है और उनकी मुक्ति का आह्वान भी है । मूलनिवासियों के सर्वांगीण विकास की दृष्टि मे रखकर भारतीय समाज व्यवस्था को तोडने का विद्रोह भी इस साहत्यि में देखा जा रह है । यह सच है कि 'पहाडों की गोद में और कँटिली झाडियों में, बस्ती-बस्ती में, जिनके जीवन का हर क्षण श्रृंखलाबद्ध हुआ है, यह साहित्य ऐसे ही जंगलवासियों को मुक्ति की आशा दिलानेवाला है ।' (आदिवासी साहित्य व कला ३ नि., पृ. ३)

आदिवासी साहित्य में वनवासियों का पूरा जीवन भरा हुआ है और उनको बनों की सजा से मुक्त कराने और न्याय दिलाने का साहित्य है । इस संदर्भ में डॉ. विनायक तुमरामने अपने लेख में लिखा है कि 'इस साहित्य में वेदना है, विद्रोह है और अपने ढंग की अभिव्यक्ति भी है । आदिपुत्रों को वन-जंगलों, गिरिकुहरों में कैद करनेवाली व्यवस्था के प्रति जान बूझकर किया गया नकार है । इसमें उज्जवल परम्परा का बुनियादी व्यक्ति होने का अहसास है तो इसमें 'सांस्कृतिक संघर्ष में बलिदान लिए जानेवाले परिवारों से हमारा रक्त, सम्बन्ध' जैसा भावुक सुर के साथ ही अपनाी वैचारिक योग्यता के बल पर जंगल देने का वैचारिक संकेत तो इसमें है ही । अंगूठा काटनेवालों से सावधान रहने का इशारा भी है । आदिवासी साहित्य का कुल वातावरण ही आदिम जीवन के दुखों को सामने लानेवाला, आदिम हुँकारों से भड़का हुआ और अँधेरे से लड़नेवाला है । (आदिवासी: साहित्य यात्रा, पृ. २५)

यह भी सच है कि दलित साहित्य से प्रभावित-प्रेरणा से आदिवासी साहित्य लिखा गया या लिखा जा रहा है । महात्मा ज्योतिबा फुले औऐर डॉ. बाबासाहब अम्बेदकर की वैचारिक दृष्टि से भारतीय साहित्य में एक नयी चेतना उभरकर सामने आयी, जिससे दलित साहित्य का जन्म हुआ । हिन्दूवादी समाज व्यवस्थाने दलितों को बहुत प्रताड़ित किया । उतना ही नहीं उनके साथ प्राणीओं से भी बदत्तर व्यवहार किया जाता था । इसलिए जातिवादी संस्कृति की रूढियों, परंपराओं, विषम समाज व्यवस्था और जातीयता के विरोध में दलित साहित्य में आक्रोश व्यक्त किया गया । केवल मराठी भाषा में ही नहीं लेकिन भारतवर्ष की सभी भाषाओं में दलित साहित्य ने अपनी दस्तक दी । उसका प्रभाव सीधा आदिवासी लेखकों पर भी दिखाई देता है । डॉ. अम्बेडकर के स्वतंत्रता, समता और बंधुत्व के सूत्र को साकार करने के लिए दलितोंने शिक्षा प्राप्त की । सदियों से सताये गये, हाशिये में रखे गये दलितोंने कलम पकडी । अन्याय के प्रति न्याय की मांग करनेवाले मानवतावादी दलित साहित्य में उनकी दारूण वेदना को शब्दबद्ध करके व्यक्त किया गया । ठीक उसी प्रकार कुछ शिक्षित आदिवासियोंने दलित साहित्य से प्रेरणाग्रहण करके सदियों से अलिखित एवं मौखिक — साहित्य को लिखित रूप दिया और उसमें आदिवासियों को जीवन भर की वेदना व्यक्त की शक्ति मिली । जिसके कारण समकालीन समय में कई आदिवासी लेखक, कवि और साहित्कारों का जन्म हुआ । जिसके फलस्वरूप आज आदिवासी साहित्य लगभग ९० भाषाओं में लिखा जा रहा है । कई आदिवासी संस्थाएं एवं संगठनोंने जन्म लिया । इन संस्थाओ द्वारा अखिल भारतयी आदिवासी सम्मेलनों भी हुये । जिन्होंने आदिवासियों के प्राण

फूंके है, क्रान्ति जगायी है । इसलिए आदिवासियों में नयी वैचारिक प्रतिबद्धता जाग उठी । वे नयी दिशा से देखने लगे । मूलतः बिरसामुण्डा जैसे आदिवासी समाज सुधराक के विचारों से आदिवासियों में क्रान्ति संचय हुआ और वे खुद ही अपने अस्तित्व को खोजने लगे । हिन्दी भाषा में कई आदिवासी लेखकों और कवियोंने आदिवासियों की वेदना एवं सभ्य समाज के द्वारा किये गये अन्याय को अपने शब्दों में व्यक्त किया है कि –

''हम स्टेज पर गए ही नहीं
जो हमारे नाम पर बनाई गई थी
हमें बुलाया बी नहीं गया
उँगली के इशारे से
हमारी जगह हमें दिखा दी गई
हम वहीं बैठ गए
हमें खूब शाबासी मिली
और 'वे' स्टेज पर खडे होकर
हमारा दुख हमें ही बताते रहे
'हमारा दुख अपना ही रहा
जो कभी उनका हुआ नही'
हम बड़बडाएँ – अपनी शंकाएँ जताई
'वे' कान देकर सुनते रहे और हुंकारे...
हमारे कान पकडकर हमें धमकाया
'माफी माँगो.... नहीं तो...'''

('स्टेज' कविता – वाहरु सोनवणे)

इस कविता के शब्दों से ही स्पष्ट हो जाता है कि दलित साहित्य और आदिवासी साहित्य कई पैमाने पर समान वेदनाओं से उफरा साहित्य है । दोनों की वेदना और मांग, समानता का अधिकार है । सदियों से अक्षरज्ञान से वंचित आदिवासी पहले मौन था, वह अपने पर हुये अन्यायों का सामना तीर चलाकर करता था । अब वे धीरे-धीरे शिक्षा ग्रहण करने लगे हैं । उसमें चेतना का संचार होने लगा है । अब वे तीर के सिवा कलम की ताकात को पहचानने लगे है । वे कलम रूपी ती रसे शोषकों का नाश करना चाहता है । इस प्रकार आदिवासी साहित्य नयी जनवादी–मानवतावादी चेतना से स्वस्थ समाज की स्थापना करना चाहता है ।

(१५, शिक्षक सदन, एम.यु. पटेल हाईस्कूल के पास, वल्लभ विद्यानगर - ३८८ १२०, आणंद, गुजरात. मो.: ०९८२४९५५९७४)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

# Mughal–Jain Cordiality: A Case Study of Subah Gujarat in The Reign of Shah Jahan

**Monika Sharma**

The *subah* of Gujarat was of immensely valuable for the Mughal Emperors. The geographical layout was conducive for mercantile activities.The merchants of medieval Gujarat were Hindus, Jain as well as Muslims. The Jains were involved in trade, both local and long distance. Jains were basically settled in Gujarat and Rajasthan; however as traders they traversed across the country. We are informed of as many as 84 sub-castes of Jain in Gujarat.[1]

The present paper highlights the element of cordiality discernible between Jains of Gujarat and Mughal Emperor Shah Jahan. The evidence alludes to temple grants in favour of Jains, the privilege of access to royal harem to ShantidasZaveri, The latter furnishing finance to Prince MuradBaksh and the mutual exchange of gifts .

The rich nature of information pertaining to the above aspects is culled from the mine of information contained in Imperial Farmans, *Ain-i-Akbari.Mirat-i-Ahamadi, Jain AitihasikRasmala, Amdabadno Itihas*, *EnglishFactoryRecords*and the accounts of Thevenot and Mandelslo.

The principal works on Gujarat by M. N. Pearson and Makarand Mehta have observed that Jain were the most dominant social group even prior to the 17th century. The Gujarati and Persian record furnish testimony that Jain merchant ShantidasZaveri[2] of Ahmadabad and VirjiVora of Surat commanded respect among the ruling elite in India.[3]

During the time of Mughal emperor Jahangir, Shahjahan and Aurangzeb, Shantidas was the court jeweler and financer. He was extremely instrumental in catering to the needs of the luxurious court at Agra and Delhi. He was acknowledged for immense resources as a financier, and business connections as a jeweler, which enabled him to enjoy considerable favours and influence at the imperial court at Delhi.[4] His relations with the imperial court were cordial.

On the occasion of Shahjahan's accession to the throne, Shantidas presented Arabian horses to the Emperor by the way of *Peshkash*.[5] Emperor approved of a roan horse amongst them, which was appreciatively named "*Nazar-i-Mubarak*".[6] The emperor bestowed a gift of an elephant from the court and a sum of one lakh of rupees[7]

According to Jain tradition Prince Shahjahan addressed Shantidasas *mama* or maternal uncle.[8] Jahangir gave this title of *mama*[9] to Shantidas and he was permitted for access to the Mughal *Harem*. According to MaganlalVakhatchand - the royal ladies treated him as their brother.[10]

Jahangir had entrusted Shantidas the key position of *Nagarsheth*[11] of Ahmadabad.[12] As the *Nagarsheth* of Ahmadabad, he acted as chief merchant in the town, and also mediates between the larger merchant community of the city and the Mughal administration.[13]

An illustration of his indispensible position can be discerned during theMuradBaksh's revolt in 1657 A.D.MuradBakshtook financial assistance worth Rs.5,00,000/- from the merchants of Surat and Rs.50,00,000/- from the merchants of Ahmadabad, and out of this whole amount, Rs.5,50,000/- was taken from Manekchand (son of Shantidas)[14] and a brother of Shantidas.[15]

Shantidas was a religious man and spent his resources freely for religious endowments. The details about the construction of magnificent Jain temple in a suburb of Ahmadabad are given in a document in Sanskrit versified treatise called *ChintamaniPrashasti* (A eulogy for the temple of *Chintamani-Parswanath* dated V.S. 1697/ 1640 A.D.).[16]

This temple was constructed in 1621 A.D., during the reign of Emperor Jahangir by Shantidas and his elder brother Vardhaman. It was situated in the flourishing suburb of *Bibipur* in Ahmadabad, later on this place was called *Saraspur*. The temple was completed in 1625 A.D.[17]

After twenty years of the completion of this temple, in 1645 A.D., Shah Jahan appointed Prince Aurangzeb as *subahdar*orviceroy of Gujarat. The Prince ordered, the beautiful temple built by Shantidas to be desecrated, and it was converted into a mosque under the name of '*Quwwat-ul-Islam*' (the might of Islam).[18]

Shantidas stood high in favour with the Emperor at this time, as may be judged from nearly a dozen royal *farmans*granted in his favour by Shah Jahan in the course of his long reign."[19]Commissariat introduced certain *farmans* in the article entitled 'Imperial Mughal *Farmans*in Mughal Gujarat' drawing attention to the fact that Shah Jahan reversed an action taken by Prince in favour of Jain banker at the court of Delhi."[20]

An Imperial *farman*, dated July 3, 1648, Ghairat Khan and other officials in Gujarat were directed to restore the building to Shantidas and to make complete restitution for all damage done.[21]

The *farman*explicitly reveals that the emperor made arrangements for restoration of the temple for the worship of the Jain community, and also ordered that the ubiquitous Bohras who had removed some of the materials from the temple should be forced either to return the same or to pay the same."[22]

This royal *farman* gave some satisfaction to Shantidas and his community. However the people of the Jain community were not happy and they stopped worshipping there.[23]Thevenot informs us, after the imperial order Muslims also stopped worshipping there and never used this building as a mosque.[24] However imperial order showed the influence of Jain merchants, especially the Shantidas, over the Mughal Emperor. This anecdote demonstrates the prevalence of justice by an Emperor against a prince, who was also operating as governor of the *subah*.

Another instance when Shah Jahan showed his regard to Jain community in the imperial *farmans*.[25] He issued these *farmans* for public interest, they related to the grant made by Emperor Shah Jahan, to ShantidasZaveri and to his descendants, on lease or *ijara* of the village *shankheshwar* in the *pargana* of Munjpur,[26] which is situated in North Gujarat.

Shantidas stands forth in these documents as representative of wealthy and powerful *Svetamber* Jain community of western India. Emperor conferred upon him and his heirs the responsibility of lease of the village within the limits, in which the sacred Jain temples were situated. While ordering the *jagirdars* to continue the lease of the village to Shantidas and his heirs for a sum of Rs. 1,050/- per year, the Emperor especially added that- 'the above mentioned *sahu* (Shantidas) having paid the necessary dues to the *jagirdars*, is enjoined to make strenuous efforts to promote the said village and the welfare of its inhabitants.[27]

Yet another interesting example of Jain-Mughal relations was *farmans* issued for the *Lumpaka* or *Lomka* sect of Jains at Ahmadabad. This sect emerged in V.S. 1508 (1452 A.D.). Once the *Mahajans* of *Lumpaka* sect residing at Ahmadabad, they had certain differences with the *Svetamber* Jains of Ahmadabad. In view of existing conflict *Lumpakas* complained to the Emperor Shah Jahan that the *Mahajans* of *Svetamber* sect did not maintain social contact with them. They requested the Emperor to mediate on their behalf.

The emperor in pursuance of the policy of non-interference with the social or religious differences among the non-Muslim subjects of the Empire, issued *farman*to the officers in Gujarat thus 'the forming of matrimonial alliances and inter-dining were dependent upon the desire and willingness of both the parties, so no one should trouble another on account of this and the officers should not find faults with anyone in this matter.[28]

Another eminent Jain merchant of Surat-VirjiVora, was once (in 1639 A.D.) summoned to the court by Shahjahan to give an account of the grievances, he and other merchants had against the governor of Surat.

VirjiVohra generally maintained amicable relations with the Mughal administration in Surat. Often his commercial interests were complimentary to those governors such as Mirza Arab and Muiz-ul-Mulk.[29] The governor needed VirjiVora's assistance, and most of the time worked on favourable terms with him. As a result VirjiVora secured special concessions from them. This is reflected in the frequent

English complaints against Vora's overweening postures, because of his friendly relations with the local Mughal government.

However VirjiVora had his own share of trouble with the governor like Masih-us-Zaman, who also came into conflict with English. A long letter from President Fremlen at Swally to London on January 4, 1639 A.D. states: "Amongst other things you will find frequent complaints of our governor's ….[30] The letter goes on to say that Masih-us-Zaman was replaced by Muiz-ul-Mulk, and VirjiVora "sent for court to answer in person." According to the letter, VirjiVora seems to have been imprisoned for a brief period by Masih-us-Zaman, which indicates the stern treatment was made to businessmen, even great ones such as VirjiVora.[31]

The above anecdotes amply indicate the Jain community in Gujarat had maintained cordiality with the Mughal court. Whenever important merchants like Shantidas and VirjiVohra needed any help from the Emperors they did not hesitate to seek favours. But these relations carried on by both the sides. Whenever Emperor and the other members of royal family needed financial assistance, these Jain merchants catered to their demands, and when merchants had any issue and discomfort with local officials and administration, they got support from the Emperor.

**(Endnotes)**

1 Khan, Ali Muhammad, *Mirat-i-Ahmadi*' (Supplement), Tr. Syed Nawab Ali &Seddon, Baroda, 1928, pp. 115-116.

There were 84 sub-castes of Banias and 84 sub-castes of *Shevras*(Svetamber Jains) as well, which were called *Gachchas,* such as: OswalGachcha, KankesaraGachcha, BharuchaGachcha, JaravalGachcha etc.

2 Khan, Ali Muhammad,*Mirat-i-Ahmadi*, Tr. M.F. Lokhandwala, Oriental Institute, Baroda, 1965, p. 207.

3 Mehta, Makarand, *Indian Merchants and Entrepreneurs in Historical Perspective*, Delhi, 1991, p. 23.

4 Commissariat, M.S., *A History of Gujarat*, 2 Vols., II, Bombay, 1957, p. 140.

5 *Mirat-i-Ahmadi*, op. cit., P. 207.

6 Ibid.

7 Ibid.

8 Buddhisagarji, *Jain AitihasikRasmala*, Ed. MohanlalDalichand Desai, 2 Vols., I, Ahmadabad, 1912, pp. 5-6.

9 *Jain AitihasikRasmala*, I, op. cit., p. 2.

10 Vakhatchand, Maganlal, *AmadabadnoItihas*, Ahmadabad, 1977 (Reprint), pp. 25-27.

11 *AmadabadnoItihas*, op. cit., pp. 125-126.

There is a controversy about the position of *Nagarsheth* held by Shantidas, in the historians' view none of the *farman* issued by Mughals added this title before his name.

12 *Jain AitihasikRasmala*, I, p. 2.

13 *Indian Merchants and Entrepreneurs in Historical Perspective*, op. cit., p. 127.

14 Commissariat, M.S., *Studies in the History of Gujarat*, Ahmadabad, 1987, p. 16.

15 *Mirat-i-Ahmadi*, p. 211;Commissariat, M.S., 'Imperial Mughal Farmans in Gujarat', J.U.B., IX (July), 1940, p. 13; *Merchants and Rulers in Gujarat*, p. 127.

16 *Jain AitihasikRasmala*, I, pp. 8-9; *A History Gujarat*,II, op. cit., pp. 140-141; 'Imperial Mughal Farmans in Gujarat', op. cit., p. 13.

17 *A History Gujarat*,II, p. 141.

18 *Mirat-i-Ahmadi*, p. 194; *A History Gujarat*,II, pp. 140-141; 'Imperial Mughal Farman in Gujarat', op. cit., pp. 13-14; Thevenot, *Indian Travels of Thevenot and Careri*, Ed. S. N. Sen, The National Archives of India, New Delhi, 1949, p. 13-14.

19 *A History Gujarat*,II, pp. 142.

20 'Imperial Mughal Farmans in Gujarat', p. 14.

21 *Jain AitihasikRasmala*, I, pp. 8-9; also see 'Imperial Mughal Farmans in Gujarat', pp. 12-15; Commissariat, M.S.,*Mandelslo's Travels in Western India*, Oxford, 1931, pp. 12-15, 101-102; Thevenot, op. cit., pp. 13-14.

22 'Imperial Mughal Farmans in Gujarat', p. 14.

23 Ibid.

24 'Imperial Mughal Farmans in Gujarat', pp. 14-15; Thevenot, p. 22.

25 'Imperial Mughal Farmans in Gujarat', p. 17.

26 Ibid.

27 Ibid.

28 'Imperial Mughal Farmans in Gujarat', p. 18.

29 Gokhale, Balkrishna,*Surat in Seventeenth Century*, Bombay, 1979, p. 144.

30 *EFI*, 1637-41, pp. 99, 108-110.

31 Ibid.

(C.A.S, Dept of History, A.M.U., Aligarh.
Monica.sharma.amu@gmail.com
M: 09319358886)

## ગૉડ પાર્ટિકલને નોબૅલ પુરસ્કાર

**જે. જે. રાવલ**

૨૦૧૩નું ભૌતિકશાસ્ત્ર માટેનું નોબૅલ પ્રાઈઝ બ્રિટિશ સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી પીટર હિગ્ઝ અને બેલ્જિયમના સૈદ્ધાંતિ ભૌતિકશાસ્ત્રી ફ્રાન્કોઈ ઈંગ્લર્ટને અપાશે એમ આજ રોજ ધી રૉયલ સ્વિડિશ એકેડેમી ઓફ સાયન્સીસે જાહેરાત કરી છે. હિગ્ઝ ૮૪ વર્ષના છે અને ઈંગ્લર્ટ ૮૨ વર્ષના છે. આ ક્ષેત્રે જેમણે પણ પાયાનું પ્રદાન કર્યું હતું તેવા ઈંગ્લર્ટના સહકાર્યકર રોબર્ટ બ્રાઉટ ૨૦૧૧માં મૃત્યુ પામ્યા, તેથી તેમનો આ પુરસ્કારમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. કારણ કે નોબૅલ પુરસ્કાર મરણોત્તર અપાતું નથી.

હિગ્ઝ પાર્ટિકલને હિગ્ઝ-બોઝોન કહે છે કારણ કે તે બૉઝ-સ્ટેટીસ્ટીક્સને અનુસરે છે. ભારતીય સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી સત્યેન્દ્રનાથ બોઝ જો જીવતા હોત તો તેમના નામનો પણ આ નોબૅલ પુરસ્કારમાં સમાવેશ કરવામાં આવત. એમ તો સત્યેન બોઝને જ્યારે બોઝ - આઈન્સ્ટાઈન કન્ડેન્સેશનની શોધ થઈ ત્યારે પણ નોબૅલ પ્રાઈઝ મળ્યું હતું. એટલું જ નહીં તેમને ૧૯૨૦ના દાયકામાં જ્યારે તેમણે બોઝ-સ્ટેટીસ્ટીક્સની શોધ કરી ત્યારે પણ મળ્યું હોત. આમ બોઝ ત્રણવાર નોબૅલ પ્રાઈઝ મેળવતા રહી ગયા છે. જગદીશચંદ્ર બોઝ અને મેઘનાદ શાહના સંશોધનો પણ નોબૅલ ઇનામ મેળવવા લાયક હતા પણ આ તો નોબૅલ પ્રાઈઝની કમિટી પર આધાર છે.

પદાર્થ તત્ત્વોનો બનેલો છે. તત્ત્વો અણુઓનાં બનેલાં છે. અણુઓ ઈલેક્ટ્રોન્સ, પ્રોટોન્સ અને ન્યુટ્રોન્સના બનેલાં છે. ન્યુટ્રોન્સ વળી પાછાં ઇલેક્ટ્રોન અને પ્રોટોનના બનેલાં છે. માટે મૂળભૂત પદાર્થકણો ઈલેક્ટ્રોન અને પ્રોટોન ગણાય. પછી વિજ્ઞાનીઓએ પ્રોટોન્સને તોડ્યો, તેમાંથી ક્વાર્કસ નીકળ્યાં. આ બધા પદાર્થકણો હિગ્ઝ ફિલ્ડ, ફોટોન જેવા હિગ્ઝ-પાર્ટિકલથી બંધાયેલાં છે. હિગ્ઝ-ફિલ્ડમાં ગતિ કરે છે અને તેથી તેમાં પદાર્થ જન્મે છે. તે ભારે થતાં જાય છે. જેમ રણમાં ચાલીએ તો આપણે ભારે થઈ ગયાં હોઈએ તેમ લાગે કે પાણીમાં ચાલીએ તો આપણે ભારે થઈ ગયાં હોઈએ તેમ લાગીએ. એ હિગ્ઝ-ફિલ્ડ બધા જ પદાર્થકણોને પદાર્થ (MASS) અર્પે છે. માટે તે મધર પાર્ટિકલ પણ કહેવાય છે અથવા તો ગોડ પાર્ટિકલ કહેવાય છે. આ હિગ્ઝ પાર્ટિકલ એક ચેતના છે. પૂરા બ્રહ્માંડમાં તે પથરાયેલ છે. આ ચેતના પૂરા બ્રહ્માંડમાં પથરાયેલી છે. આપણે તેને પરબ્રહ્મ કહીએ છીએ જે બધાનું જન્મદાતા છે. અને બ્રહ્માંડનું તે જ માધ્યમ છે. હિગ્ઝ ફિલ્ડ બ્રહ્માંડમાં અસ્તિત્વ ધરાવતો ડાર્ક એનર્જી અને ડાર્ક મેટરના અસ્તિત્વને પણ કદાચ સમજાવી શકે જે બ્રહ્માને પ્રવેગી બનાવે છે.

આ બંને ભૌતિકશાસ્ત્રીઓએ તેમની હિગ્ઝ-બોઝોનની થીઅરી સ્વતંત્ર રીતે ૧૯૬૪માં આપી હતી. જિનીવામાં રૂા. ૪૦૦ અબજના ચાલતા લાર્જ હેડ્રોન કોલાઈડરના પ્રયોગે તેમની થીઅરીને પુષ્ટિ આપી છે કે હકીકતમાં હિગ્ઝ-ફીલ્ડ અસ્તિત્વ ધરાવે છે. યુરોપિયન સેન્ટર ઓફ ન્યુક્લીઅર રીસર્ચ (સર્ન, CERN) ના પ્રયોગે ૧૯૧૨માં જ અંતિમ રીતે સાબિત કર્યું કે હીગ્ઝ-પાર્ટિકલ છે. ગયા વર્ષે જ આ બંને વિજ્ઞાનીઓને નોબૅલ પ્રાઇઝ મળી જવું જોઈતું હતું પણ ધી રૉયલ સ્વિડિશ એકેડેમી ઓફ સાયન્સીસ તે નક્કી કરી શકી નહોતી કે આવડા મોટા જાયન્ટ પ્રયોગમાં કોનું યોગદાન કેટલું?

આ પૂરું બ્રહ્માંડ કાં તો ઈન્ડિયન છે, નહીં તો ઈટાલિયન છે. કારણ કે બ્રહ્માંડ જેનું બનેલું છે તે પદાર્થકણો કાં તો ઈન્ડિયન બોઝ સ્ટેટીસ્ટીક્સ અનુસરે છે. નહીં ઈટાલિયન ફર્મા સ્ટેટીસ્ટીકલ અનુસરે છે. ઈન્ડિયા અને ઈટલીનું બ્રહ્માંડમાં આ મહત્ત્વ છે.

હિગ્ઝ-ફિલ્ડ સ્ટાન્ડર્ટ મૉડેલ ઓફ ફિઝિક્સને પૂર્ણ કરે છે. હિઝ - બોઝોનની શોધ સ્ટાન્ડર્ડ મૉડેલ ઓફ ફિઝિક્સને સન્માનીય બનાવે છે. આ મૉડેલના રચિયાતા એવા ઘણા ભૌતિકશાસ્ત્રીઓને નોબૅલ પ્રાઈઝ મળ્યાં છે. તેમાં પ્રોફેસર અબ્દુલ કલામ, સ્ટીવન વાઈનબર્ટ અને ગ્લેસો જેવા છે.

(‘ફૂલછાબ’માંથી સાભાર)

# બહુપત્નીત્વનું સમર્થન

**પારુલટીના દોશી**

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાં શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

## બહુપત્નીત્વઃ

तस्मात एकस्य वह्नी जाया भवन्ति ।

ઐતરેય બ્રાહ્મણના આ મંત્રનો અર્થ છેઃ એક પુરુષની અનેક પત્નીઓ હોઈ શકે છે![૧]

બ્રાહ્મણ યુગમાં બહુપત્નીત્વનું પ્રચલન હતું એવું આ મંત્રમાં સ્પષ્ટ થાય છે. તૈતિરીય બ્રાહ્મણમાં તો બહુપત્નીત્વને સૌભાગ્યદાયક[૨] ગણાવ્યું છે. આ પ્રથાને વાજબી ઠરાવવા એવી દલીલ કરવામાં આવી છે કે એક ખૂંટામાં બે રસ્સી બાંધી શકાય છે તેથી એક પુરુષ બે પત્ની કરી શકે છે પણ એક રસ્સી બે ખૂંટામાં બાંધી ન શકાય એટલે એક સ્ત્રી એકથી વધુ પતિ કરી શકતી નથી.[૩] શતપથ બ્રાહ્મણમાં આ જ વાતને ધાર્મિક આધાર ગણીને બહુપત્નીત્વનું સમર્થન કરાયું છે.

ઉત્તર વૈદિક કાળમાં બહુપત્નીત્વની પ્રથા સામાન્ય ગણાતી. ખાસ કરીને રાજવી પરિવારમાં. રાજા હરિશ્ચંદ્રની સો પત્ની હતી. જોકે કાયદેસર રીતે રાજાને ચાર પત્ની રાખવાનો અધિકાર હતો. રાજાના વૈભવના પ્રતીકસમા રાજમહેલના ચાર ખૂણા ચાર રાણીથી શોભતા. આ રાણીઓ મહિષી, વાવાતા, પરિવૃક્તા અને પાલાગલીના નામે ઓળખાતી.[૪] મહિષી પ્રથમ પરિણીતા હતી. રાજાની પટરાણી હતી. રાજદરબારના રત્નોમાં પણ તેનો સમાવેશ કરાયો હતો. રાજાના ૧૧ રત્નોમાં મહિષીનું સ્થાન ત્રીજું હતું. તે દર્શાવે છે કે રાજકાજ અને શાસનમાં પણ તેનું સ્થાન મહત્ત્વપૂર્ણ હતું. જોકે રાજાની પ્રિય રાણી વાવાતા હતી. રાજા માટે મહિષી રાજનૈતિક વિવાહની પ્રતીક હતી, પણ પ્રેમની પાત્ર તો પોતે પસંદ કરેલી વાવાતા જ હતી. પરિવૃક્તા ત્યજાયેલી રાણી હતી અને પાલાગલી પહેલી ત્રણ રાણી કરતાં નીચલા સામાજિક સ્તરની હતી. આ ચોથી રાણી કોઈ દરબારીની કન્યા હતી અથવા તો દૂતપુત્રી હતી.[૫] આ ચારેય રાણી યજ્ઞપ્રસંગે ઉપસ્થિત રહેતી. જોકે પટરાણી હોવાને નાતે મહિષી યજ્ઞમાં મહત્ત્વનો ભાગ ભજવતી હતી!

રાજાઓની જેમ ઋષિઓમાં પણ બહુપત્નીત્વની પ્રથા હતી. યાજ્ઞવલ્ક્ય ઋષિની બે પત્ની હતી. મૈત્રેયી અને કાત્યાયની. મનુની દસ પત્ની હતી.[૬] અને જ રીતે કુચવની બે, સુદાસની બે, લોમશની દસ અને કાક્ષીવતની નવ પત્ની હતી. ત્રસદસ્યુ રાજાએ તેમને પાંચસો વધૂઓ ઉપહારમાં આપી હતી.[૭]

પુરુષો એકથી વધુ પત્ની કરી શકતા, પરંતુ પત્ની એકપતિવ્રતા હોય એવી અપેક્ષા કરાતી. જોકે ડૉ. સુષ્મા શુક્લનું તારણ જુદું છે. તેમના મતે, 'એ કાળમાં બહુપતિત્વની પ્રથા પણ હતી. સ્ત્રી એકથી વધુ પુરુષ સાથે વિવાહસંબંધ સ્થાપિત કરી શકતી. સ્ત્રીના ઉપપતિઓ તથા ચાર પતિઓના સંકેત ઠેકઠેકાણે પ્રાપ્ત થાય છે. શતપથ બ્રાહ્મણમાં ચાતુર્માસ્ય યજ્ઞના વરુણપ્રધાસ પર્વ અંતર્ગત પુરોહિત પત્નીને તેના ચાર પતિ વિશે પ્રશ્ન કરે છે. આ કથન ચાર પતિભણી ઈશારો કરે છે!'[૮] જોકે ડૉ. મેકડોનેલ અને ડૉ. કીથ આ તારણ સાથે સંમત નથી. તેમણે 'વૈદિક ઈન્ડેક્સ'માં નોંધ્યું છે કે, 'વરુણપ્રધાસ નામના સંસ્કારમાં એક પત્ની પોતાના પ્રેમી અથવા પ્રેમીઓનો નામોલ્લેખ કરે છે. આ યજ્ઞમાં પત્નીને તેના પ્રેમીઓ વિશે સવાલ કરવામાં આવે છે. આ સવાલ માત્ર ઔપચારિકતા નથી પણ પત્ની પાસે વ્યભિચારનું પ્રાયશ્ચિત કરાવવાનો સંસ્કાર છે.!'[૯]

યજ્ઞપ્રસંગે પત્નીને તેના પ્રેમીઓ વિશે પૂછવાનો અર્થ અવો થતો કે સ્ત્રી પરપુરુષ સાથે સંબંધ રાખતી. એટલે જ યાજ્ઞવલ્ક્યે એવું કહેવું પડેલું કે, કોને ચિંતા છે કે તેની પત્ની બીજા સાથે સંબંધ રાખે છે કે નહીં? જોકે પત્ની પોતાના પ્રેમસંબંધનો સ્વીકાર કરે ત્યારે તેના પ્રત્યે કૂણું વલણ અપનાવવામાં આવતું.[૧૦] આ જ પ્રથા બૃહદારણ્યક ઉપનિષદમાં જોવા મળે છે. સ્ત્રી પરપુરુષ સાથે સંબંધ રાખે તો પતિ પત્નીને નહીં પણ તેના પ્રેમીને દંડ દેતો હતો. જોકે આવા કિસ્સાઓ અપવાદ હતા. પણ બહુપત્નીત્વની પ્રથા સામાન્ય અને સર્વમાન્ય હતી.

ઉત્તર વૈદિક કાળમાં બહુપત્નીત્વને પ્રોત્સાહન અપાયું હતું, પણ આ પ્રથા સામાજિક દૃષ્ટિએ ઘાતક હતી. સપત્નીઓના કલહથી પારિવારિક જીવન અશાંત રહેતું. ઠેકઠેકાણે સપત્ની શબ્દનો પ્રયોગ દુશ્મનના અર્થમાં થયો છે. આ શત્રુતા અને સંઘર્ષના પગલે લગ્નજીવન તો ડહોળાતું જ, સાથે જ તે સ્ત્રીઓના પતનનું કારણ બન્યું. એ વિશે 'ઋગ્વેદીય બ્રાહ્મણોં કા સાંસ્કૃતિક અધ્યયન'માં ડૉ. બલવીર આચાર્યે નોંધ્યું છે કે, 'સપત્નીઓની તુલનામાં પતિઓ વધુ પ્રેમ અને સહચર્ય પ્રાપ્ત કરવા માટે સ્ત્રી પોતાનો ગૌરવપૂર્ણ આસનને છોડી પતિના ચરણોમાં જઈ બેઠી. આ જ કારણે સંહિતાકાળમાં સ્વામિનીનો દરજ્જો ભોગવતી પત્ની બ્રાહ્મણ અને ઉપનિષદકાળમાં ભાર્યા કે ભરણ કરવા યોગ્ય બની ગઈ.'[૧૧]

બહુપત્નીત્વને પગલે પત્નીની પડતી થઈ, પણ આ પ્રથાના પ્રચલન માટે મુખ્ય બે કારણ જવાબદાર હતા. એ અંગે ડૉ. વિજય બહાદુર રાવે નોંધ્યું છે કે, 'આર્યોના અંતઃપુરમાં સંખ્યાબંધ અનાર્ય સ્ત્રીઓનો પ્રવેશ થયો હતો. આર્યો જે પ્રદેશ જીતે ત્યાંથી આ સ્ત્રીઓને પકડી લાવતા. આ સ્ત્રીઓ વિજિત હતી. મનોરંજન અને ઉપભોગનું સાધન હતી. તેમને ધાર્મિક અને સામાજિક અનુષ્ઠાનોથી દૂર રાખવામાં આવતી. માત્ર તેમનો ભોગવટો કરાતો. બહુપત્નીત્વને પ્રોત્સાહન મળવા પાછળ આ એક કારણ હતું. બીજું કારણ હતું આર્યોની પિતૃપ્રધાન વ્યવસ્થા, અનેક પુત્રોની લાલસા અને વિલાસપ્રિયતા.'[૧૨] પરિણામ એ આવ્યું કે ઉત્તર વૈદિક સમાજે પુરુષને બહુપત્નીત્વ માટે મુક્તિ આપી અને સ્ત્રીને એકપતિત્વના બંધનમાં જકડી લીધી.

પતિને મુક્તિ અને પત્નીને બંધન... આને ન્યાય કહેશો કે અન્યાય?

**પાદટીપ:**

૧. तस्मात् एकस्य वह्वी जाया भवन्ति । ઐતરેય બ્રાહ્મણ ૧૨.૧૧

- એક પુરુષની અનેક પત્નીઓ હોઈ શકે છે.

૨. श्रियावा एतद् रुपं यत्पत्नयः । તૈતિરીય બ્રાહ્મણ ૩.૮૪

- બહુપત્નીત્વ સૌભાગ્યદાયક છે.

૩. બ્રાહ્મણ ગ્રન્થોં મેં પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. ધીરેન્દ્રકુમાર સિંહ, પૃ. ૮૪

૪. चतस्त्रो जाया उपकलृप्ता भवन्ति । શતપથ બ્રાહ્મણ ૫.૨.૧.૧૦

- રાજાની વિભિન્ન વર્ણમાંથી ઉત્પન્ન ચાર પત્ની હતી.

૫. શતપથ બ્રાહ્મણ – એક સાંસ્કૃતિક અધ્યયન, શ્રીમતી ઉર્મિલાદેવી શર્મા, પૃ. ૧૪૯.

૬. બ્રાહ્મણ ગ્રન્થોં મેં પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ, પૃ. ૮૪.

૭. સ્ટેટસ ઑફ વુમન ઈન વૈદિક ટાઈમ્સ, ડૉ. લીલા સમતાની, પૃ. ૫૦

૮. વૈદિક વાઙ્મય મેં નારી, ડૉ. સુષ્મા શુક્લ, પૃ. ૬૭

૯. વૈદિક ઈન્ડેક્સ, ડૉ. એ.એ. મેકડોનેલ, ડૉ. એ.બી. કીથ, પૃ. ૫૪૪

૧૦. શતપથ બ્રાહ્મણ - એક સાંસ્કૃતિક અધ્યયન, પૃ. ૧૨૭

૧૧. ઋગ્વેદીય બ્રાહ્મણોં કા સાંસ્કૃતિક અધ્યયન, ડૉ. બલવીર આચાર્ય, પૃ. ૩૨.

૧૨. ઉત્તર વૈદિક સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. વિજય બહાદુર રાવ, પૃ. ૧૩૮

(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે,
ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦,
જિ. આણંદ. મો.: ૯૮૯૮૦ ૭૦૨૦૫)



જાપાનની ટોક્યો યુનિવર્સિટીના પ્રા. હિરોયુકી મોરિકાવોને આવકારતા સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ

## રીપોર્ટ

એ.ડી. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ન્યુ વલ્લભ વિદ્યાનગર ખાતે ત્રિદિવસીય International Workshop on "Sensor Network and Wireless Communication" સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓક્ટોબર ૯-૧૧-૨૦૧૩ દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં જાપાનની The University of Tokyoના પ્રોફેસર હિરોયુકી મોરીકાવા મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહી ICT for Society અને M2M for Designing Digital Future પર પોતાનું વક્તવ્ય આપ્યું હતું. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે સમારંભના પ્રમુખ સ્થાનેથી ઉદ્દ્બોધન કરતાં Workshopના ડેલીગેટ્સને આ પ્રકારના ટેકનિકલ કાર્યક્રમનો લાભ લઈ સમાજને પોતાનું પ્રદાન કરવા જણાવ્યું હતું. આ કાર્યશાળા દરમ્યાન વિવિધ પ્રકારના વક્તવ્યો, પ્રાયોગિક કાર્યો, પોસ્ટર presentation, મૉડેલ્સ અને hands on સેશન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રો. કિરણ ત્રિવેદીનું M2M વિષય પરનું વક્તવ્ય રસપ્રદ રહ્યું હતું.

SAC ઈસરોના વૈજ્ઞાનિકો અને IEEE AP/ MTTના સહયોગથી ઉપગ્રહ સંચાર અને મૈક્રોસ્ટ્રીપ એન્ટેના વિષય પર ખાસ વક્તવ્ય અને tutorial સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

National Instruments Banglore દ્વારા ત્રણ કલાક માટે USRP અને MyRIOનું demonstration આપવામાં આવ્યું હતું. ડૉ. ઉત્પલ પંડ્યા અને નીતિન પટેલે સેંસર નેટવર્ક અને તેની ઉપયોગિતા પર ખૂબ ઉપયોગી presentations આપ્યું હતું. ડૉ. ડી.એમ. પટેલ તથા રાહુલ ખેર દ્વારા વેરેબલ ECG પર demonstration આપ્યું હતું.

ત્રણ દિવસ ચાલેલા આ કાર્યક્રમમાં આશરે ૧૫૦ સભ્યોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમની સફળતા માટે ઈલેક્ટ્રોનિક્સ અને કૉમ્યુનિકેશન વિભાગના અધ્યાપકો તથા સ્ટાફના સભ્યોએ વિભાગના વડા શ્રી વિ.કે.ઠાકર તેમજ આચાર્યશ્રી રાજીવ જૈનના માર્ગદર્શન હેઠળ પ્રયત્નો કર્યા હતા.

ચારુતર વિદ્યામંડળના સહયોગથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક સમ્પન્ન થયો હતો.

## ગો.જો શારદા મંદિરનું ગૌરવ

તાજેતરમાં બી.સી.સી.આઈ. દ્વારા ગુજરાત ક્રિકેટ એસોસીએશન મોટેરા સ્ટેડિયમ ખાતે અંડર-૧૯ વુમન ક્રિકેટ ટીમનું સિલેક્શન યોજાઈ ગયું.

સમગ્ર રાજયમાંથી આવેલ છોકરીઓમાંથી ચારુતર વિદ્યામંડળસંચાલિત ગો.જો. શારદામંદિરમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી કુ. અંજલિ નાનજીભાઈ પટેલ (ઉ.વ.૧૪) અંડર-૧૯ ગુજરાત મહિલા ટીમમાં પસંદગી પામીને ચારુતર વિદ્યામંડળ તથા ગો.જો. શારદામંદિર શાળાનું ગૌરવ વધાર્યું છે. સહમંત્રી ડૉ. એસ.જી. પટેલે તથા શાળાના આચાર્ય રીટાબેન પટેલે તેને અભિનંદન પાઠવ્યા હતા.

## : સૂચના :

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભવિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારવિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈનલેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસાર જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે; તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઈએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. 'વિ-વિદ્યાનગર' દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઈથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક / આજીવન રૂબરૂમાં – મની ઑર્ડરથી – બેન્ક ડ્રાફ્ટ – ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ / ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ'ના નામે મોકલવું. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૭. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ

**ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા, ડૉ. હરિ દેસાઈ, સેરલિપ, ભાઈકાકા લાયબ્રેરી સામે,**
**વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦, જિ. આણંદ. ફોનઃ (૦૨૬૯૨) ૨૩૩૧૯૧, ૨૩૫૭૭૭**
**મો.: ૯૮૯૮૫૪૩૮૮૧, ઈ-મેઈલઃ editor.vidyanagar@gmail.com**

**લવાજમઃ** વાર્ષિકઃ ₹ ૧૫૦/- સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦/-
આજીવનઃ ₹ ૧૫૦૦/-
વિદેશમાં ૨૫ $ અથવા ૧૫ £; આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £
છૂટક નકલની કિંમતઃ ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦/-

# લયજી લચકા લોળ

ડાળે ડાળે પ્રાસની પરબ તાલની તરસ બોલ !
ભોંયને ભેદી ફણગા ફૂટે લયજી લચકા લોળ !

નભની ડાળે ઝુલો બાંધી
તડકા ભીના ઝુલે
કૂણીકૂણી તેજની ટશર
ગંધના ભેળી ખુલે !

પંખી ઉરફે વાદળ ઘેર્યો પાંખ મઢ્યો કલશોર !
લયજી લચકા લોળ !

પળની નીચે લયને વીંટી
પળનું ગાણું ગાય !
લયની ઉપર લયને ગૂંથી
જીવન ઝોલા ખાય !

વરમાળાના વાઘા પ્હેરે મોસમનો હિલ્લોળ
લયજી લચકા લોળ !

● ભગીરથ બ્રહ્મભટ્ટ

V-Vidyanagar 15 (11) November 2013 Postal Regd.No.AND/318/2012-14
Published on Thursday : 25.10.2013 No.of Pages 56 including cover RNI Regd.No.Guj/2009-11/5433
ISSN 0976 - 9809 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month

## SWAGATAM



Oil on Canvas Kanu Patel

Editors: Dr. Rajendrasinh Jadeja, Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat